# હેતની હેલી


વિમલા ઠકાર

અનુવાદક : કિશનસિંહ ચાવડા



વિમલ પ્રકાશન ટ્રસ્ટ

અમદાવાદ

# હેતની રેલી

વિમલા ઠકાર

અનુવાદક
કિશનસિંહ ચાવડા

વિમલ પ્રકાશન ટ્રસ્ટ
અમદાવાદ

**HETNI RELI**
**હેતની રેલી**

© વિમલ પ્રકાશન ટ્રસ્ટ

**પ્રથમ આવૃત્તિ** : ડિસેમ્બર, ૧૯૭૨
**દ્વિતીય આવૃત્તિ** : જાન્યુઆરી, ૧૯૮૭
(બાલગોવિંદ - અંબાણી પ્રકાશન)
**તૃતીય આવૃત્તિ** : મે, ૨૦૦૮

**મૂલ્ય** : રૂા. ૫૦.૦૦ **પ્રત** : ૫૦૦

**પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન**
વિમલ પ્રકાશન ટ્રસ્ટ
❖ 'સંતકૃપા', ૧૦૩, રત્નમ્ ટાવર
ચીફ જસ્ટીસ બંગલો પાછળ, જજીસ બંગલો રોડ,
બોડકદેવ, અમદાવાદ - ૩૮૦ ૦૫૪
ટેલિ./ફેક્સ : (૦૭૯) ૨૬૮૫ ૪૯૯૧
❖ શિવકુટિ
માઉન્ટ આબુ - ૩૦૭ ૫૦૧ (રાજસ્થાન)
ટેલિ./ફેક્સ : (૦૨૯૭૪) ૨૩૮૫૯૬

લેસર કંપોઝ :
માનસી ગ્રાફિક્સ, અમદાવાદ. ટે. નં. ૨૭૫૨૩૦૨૪

પ્રિન્ટર્સ :
મરક્યુરી પ્રિન્ટર્સ
બી-૨૦૨, ઑક્સફર્ડ એવન્યુ, સી.યુ. શાહ કૉલેજની સામે,
આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૧૪
ફોન : (ઓ) ૨૭૫૪૫૨૧૧, (મો) ૯૩૨૭૦-૦૭૦૧૬

# નિવેદન

સને ૧૯૭૧ના ફેબ્રુઆરી માસની તા. ૧૭મીથી તા. ૨૧મી સુધી કાશી હિંદુ વિશ્વવિદ્યાલયમાં સુશ્રી વિમલાજીની નિશ્રામાં યોજાયેલ ધ્યાન-શિબિરમાં અપાયેલ પ્રવચનો અને પ્રશ્નોત્તરીના ગુજરાતી અનુવાદના પુસ્તકની તૃતીય આવૃત્તિ પ્રગટ કરતાં અમને અત્યંત હર્ષ થાય છે. ડૉ. પ્રેમલતા શર્મા દ્વારા તૈયાર થયેલ મૂળ હિંદી પુસ્તક 'સખ્ય-સંવાદ'નો આ ગુજરાતી અનુવાદ વિમલ પરિવારના પરમ આદરણીય મુરબ્બી અને સિદ્ધહસ્ત લેખક સદ્‌ગત શ્રી કિશનસિંહ ચાવડા દ્વારા સરળ, હૃદયસ્પર્શી, ભાવવાહી શૈલીમાં કરવામાં આવ્યો છે.

જિજ્ઞાસુઓ માટે આ પુસ્તકમાં ભારોભાર ભાથું ભર્યું પડ્યું છે. અલભ્ય માર્ગદર્શન અને દિશાસૂચન આમાંથી મળી શકે તેમ છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી અપ્રાપ્ય એવા આ પુસ્તકની પ્રગટ થતી આ તૃતીય આવૃત્તિ સાચા જિજ્ઞાસુઓમાં ઉઠેલ માંગનો પ્રતિસાદ છે. આશા કરીએ છીએ કે જિજ્ઞાસાની જ્યોતને વધુ દેદીપ્યમાન કરવામાં આ પુસ્તક સહાયક થશે.

શ્રી બુદ્ધ પૂર્ણિમા<br>૧૯ મે, ૨૦૦૮

વિમલ પ્રકાશન ટ્રસ્ટ<br>અમદાવાદ

# અનુભવની વાણી

કાશી હિંદુ વિશ્વવિદ્યાલયમાં આપેલાં શ્રી વિમલાબહેનનાં કેટલાંક પ્રવચનો સાંભળવાનો અવસર મળ્યો છે. એમનાં પ્રવચનો માર્મિક અને અનુભૂતિના આધાર પર હોય છે. જે વાતો વિમલાબહેન કહે છે તે હૃદય સુધી પહોંચે છે; કારણ કે કોઈ પણ વાત એવી નથી હોતી કે જેનો એમણે પોતે અનુભવ ન કર્યો હોય. તેઓ બહારથી જેટલાં નિર્મલ છે, તેટલાં જ અંદરથી. મને પ્રસન્નતા છે કે પ્રેમલતાબહેન એમનાં પ્રવચનોને એકત્રિત કરીને પુસ્તક રૂપે પ્રસ્તુત કરી રહ્યાં છે. જેમને વિમલાબહેનનાં પ્રવચનો સાંભળવાનો અવસર નથી મળ્યો તેમને માટે આ પુસ્તક નિઃસંદેહ ઘણું જ ઉપયોગી થશે.

કાલુલાલ શ્રીમાળી

તા. ૧૮-૩-'૭૧ કુલપતિ, કાશી હિંદુ વિશ્વવિદ્યાલય

# શ્રવણમંગલ

અમારું સૌભાગ્ય છે કે આ શિબિરમાં સામેલ થવાનો અવસર મળ્યો છે. વિમલાબહેન સાથે સૌરાષ્ટ્રના સમુદ્રતટના રમણીય સ્થાન ચોરવાડના શિબિરમાં પાંચ દિવસના ધ્યાનશિબિરમાં સાથે હતાં. ત્યાં પણ મિત્રોના પ્રેમને લીધે ઉદ્‌ઘાટન કરવાનો લહાવો મળ્યો હતો. અહીં પણ એ જ થાય છે. એમાં પ્રભુનો કંઈક સંકેત હશે. આજે આપના અવધાનને કાજે બેત્રણ વાતો કહેવાની ઇચ્છા છે.

એક તો એ કે જ્યારે આપણે કોઈક વિશિષ્ટ વ્યક્તિને સાંભળવા જઈએ છીએ ત્યારે મનમાં પહેલાં સાંભળેલી, વાંચેલી વાતોની સાથે તુલના ચાલે છે. "અમુક વ્યક્તિની વાત જેવી સાંભળવા મળી, તેવી અમુક વ્યક્તિની વાત સંગતમાં ના બેઠી; અમુક ગ્રંથમાં જેવું છે તેવું અહીં નથી બોલાયું." આવું એક અબોલ વિશ્લેષણ, વિવેચન ચાલતું રહે છે. એટલા માટે પૂર્ણ શ્રવણ થતું નથી. મન વ્યસ્ત રહે છે, એટલે સમગ્રતામાં ઉપસ્થિત રહીને શ્રવણ થતું નથી. પહેલાં વાંચેલા સાંભળેલા શબ્દોને છોડીને જે શબ્દો સન્મુખ ઉપસ્થિત છે, એમને જ સમગ્રતામાં ધારણ કરવા જોઈએ. કાશીમાં તો ગંગાનો અનાહત નાદ નિરન્તર આહત થઈ રહ્યો છે. તો પણ પ્રાર્થના છે કે સમગ્રતામાં ઉપસ્થિત રહીને, સમગ્રતામાંથી નીકળતા શબ્દોને પામીએ.

જ્યારે જ્યારે વિમલાબહેન જેવી વિભૂતિનો આપણે સમાગમ પામીએ છીએ ત્યારે એક વાતનો સાક્ષાત્કાર થાય છે કે શબ્દ આવી વિભૂતિ માટે માધ્યમ છે. શબ્દના સેતુ પર થઈને તેઓ આપણી શ્રુતિ સુધી પહોંચે છે. એ તો એમનું સંચરણ અને સંપ્રેષણ છે; પ્રવચન નહીં, વાર્તાલાપ નહીં, શબ્દો દ્વારા અવતરણ છે. એને સંપૂર્ણતાથી ધારણ કરીએ.

બીજી વાત એ છે કે આપણે જિજ્ઞાસા અને કુતૂહલનું મૂલગત અંતર સમજી લઈએ. ક્યાંક ધર્મ અને અધ્યાત્મની વાત થતી હોય તો ત્યાં કુતૂહલવૃત્તિથી જવું એ એક વાત છે; અને જિજ્ઞાસા જાગ્રત થવી એ બીજી વાત છે. કુતૂહલમાં ધારણશક્તિ નથી હોતી. એ શબ્દને ધારણ કરી શકતું નથી;

અથવા એના અર્થ અને મર્મને પણ પકડી શકતું નથી. એટલે સામાન્ય રીતે કુતૂહલવૃત્તિને લઈ આપણે કંઈક પ્રાપ્તિની ઇચ્છાથી સાંભળવા બેસીએ છીએ. પરંતુ આપણી સમગ્રતામાં ઇચ્છાનો પ્રસાર નથી થતો; કારણ એમાં ઉત્તેજના હોય છે, ઉત્કટતા હોતી નથી. એટલા માટે શ્રુતિ સાવધાન થઈને સાંભળી શકતી નથી. જિજ્ઞાસાની ઉત્કટતાનો અગ્નિ પ્રદીપ્ત હોય તો જ આપણે સમગ્રતામાં શ્રવણ કરી શકીએ.

'દ્રષ્ટા', 'સદ્ગુરુ' એ શબ્દોને છોડી દઈએ; કારણ શબ્દો બહુ વિચિત્ર રીતે પાસાં અને પરિધાન બદલી રહ્યા છે. એટલે શબ્દોનો પ્રયોગ કરતાં સંકોચ થાય છે. પરંતુ કોઈ જીવંત વિભૂતિ પાસે આપણે જઈએ છીએ ત્યારે આપણે જો જીવંત ન હોઈએ તો સમગ્ર આધાર વડે એમને સાંભળી શકતા નથી. જિજ્ઞાસાનો અગ્નિ પ્રદીપ્ત થયા પછી આખા આધારમાં એક ઉન્મુખતા અને ઉન્મુક્તતા આવે છે. જિજ્ઞાસા સમગ્ર આધારમાં વ્યાપ્ત થઈ જાય છે. એ આધારમાં જ્યારે શબ્દનું બીજ પડે છે, ત્યારે એની સાચી રોપણી-વાવણી થાય છે. એનું વૃક્ષ અને વટવૃક્ષ પણ ત્યારે જ બને છે. જીવનારનો શબ્દ જીવનમાંથી આવે છે, એટલા માટે જ એનું મૂલ્ય છે. એનાં મહિમા, શક્તિ અને શીલને આપણે ધારણ કરીએ.

ત્રીજી વાત એ છે કે આજકાલ અધ્યાત્મને નામે ઘણી વાતો ચાલી નીકળી છે. એમાં એક વાત કુંડલિની યોગની છે. લોકોમાં કુંડલિની જાગ્રત કરવા અને કરાવવા આજકાલ અધ્યાત્મિક નેતાઓ અને ગુરુઓ વ્યસ્ત છે. શક્તિપાત વડે કુંડલિની જગાડવાનો પુરુષાર્થ ચાલી રહ્યો છે. શક્તિપાત બધામાં કંઈ થતો નથી. ક્યાંક કંઈ થોડોઘણો અગ્નિ ચેતવ્યો તો ધારણાશક્તિ મંદ હોવાને કારણે આખો આધાર કંઈક બીજું જ રૂપ લઈ લે છે. કુંડલિનીજાગૃતિને નામે મોટો અધર્મ ચાલી રહ્યો છે, હિંસા થઈ રહી છે, કેટલાય લોકો પૈસા અને કીર્તિ લૂંટી રહ્યા છે. આમાં વ્યક્તિઓનું સત્યાનાશ થઈ રહ્યું છે. આવા માણસો જીવનના અપરાધી છે. જીવન એમને કદી ક્ષમા નહીં કરે. જીવન અસત્યને કદી ક્ષમા કરતું નથી.

જાગ્રત થઈને જ્યારે આપણે જીવવા માંડીએ છીએ; કેવળ મનપ્રાણદેહથી નહીં, ત્યારે સમગ્રતામાંથી કર્મનો ઉદય થાય છે, ત્યારે એવું સંવેદન થાય છે કે અંદર કોઈ અગ્નિ ચેત્યો છે, ત્યારે આધાર એક વિશેષ અવસ્થામાં આવે

છે. જિજ્ઞાસા એટલી સૌન્દર્યશાળી, ઐશ્વર્યવંત, શક્તિસંપન્ન અને સુશીલ છે કે સમગ્રતામાં એ જયારે ઉપસ્થિત થાય છે; ત્યારે માણસના જીવનમાં, એના આખા આધારમાં એવી ઘટના ઘટિત થાય છે કે જીવનસમગ્ર જાગી ઊઠે છે. જીવન આપમેળે વિધાયક બનીને આચરણ દ્વારા બોલવા માંડે છે, એની સાથે સાથે પ્રેમપરાયણ સત્યાચરણનો સંસ્પર્શ અને સમાગમ પામીને મહાશક્તિ પણ જાગી ઊઠે છે, અને એ ઘણી ધીરજથી, સ્નેહથી, સંવેગથી કાર્યશીલ બને છે.

જીવન જીવનારને માટે જિજ્ઞાસા મહામોટી શક્તિ છે. જયાં જિજ્ઞાસા સંપૂર્ણ શક્તિથી જાગ્રત થઈ કે ત્યાં મહાશક્તિ પણ સ્વાભાવિકતાથી જાગે છે. વ્યક્તિને ખબર પણ નથી પડતી કે શું થયું ! અને જીવન પ્રફુલ્લિત પ્લાવિત થઈ ઊઠે છે.

ચારે દિવસ સુધી એક જીવંત વિભૂતિને આપણે શબ્દના સેતુ દ્વારા આપણી અંદર પામીશું. એમના દ્વારા જીવનના આવિર્ભાવને પામીને કૃતાર્થ થઈશું. ધ્યાનશિબિરમાં ધ્યાનાવસ્થિત થઈને આપણે શબ્દને અંદર ઉતારીએ ત્યારે જ શ્રવણમંગલનો ઉત્સવ થશે.*

૧૭-૨-'૭૧ — કિશનસિંહ ચાવડા

કાશી હિંદુ વિશ્વવિદ્યાલય
વારાણસી

---

* કાશી હિંદુ વિશ્વવિદ્યાલયના પ્રાંગણમાં શ્રી વિમલાબહેનના ધ્યાનશિબિરનું ઉદ્‌ઘાટન-પ્રવચન.

# અનુવાદકની નોંધ

આ પ્રવચનો ૧૯૭૧ના ફેબ્રુઆરી ૧૭મીથી ૨૧મી સુધી કાશી હિંદુ વિશ્વવિદ્યાલયના ધ્યાન શિબિરમાં અપાયાં હતાં. આ પ્રવચનોને ટેપરેકોર્ડર ઉપરથી લિપિબદ્ધ કરીને એ જ વિશ્વવિદ્યાલયના સંગીત અને લલિતકલા ફેકલ્ટીનાં વડા ડૉ. પ્રેમલતા શર્માએ પુસ્તક રૂપે એ જ વર્ષના એપ્રિલમાં 'સખ્યસંવાદ' નામથી પ્રસિદ્ધ કર્યાં હતાં. એ પ્રવચનો અને પ્રશ્નોત્તરીનો આ ગુજરાતી અનુવાદ છે.

આ પ્રવચનો અને એની ચર્ચાનું મુખ્ય સત્ત્વ ધ્યાન અને જિજ્ઞાસા રહ્યું છે. આ બંને વિષયો ઉપર આજ સુધી વિમલાબહેને અનેક વખત વિશદતા અને નિખાલસતાથી કહ્યું છે. પરંતુ આ પુસ્તકમાં આ બંને વિષયો ઉપરાંત પણ, જેને જેને વિશે કહેવાયું છે તેમાં એમના હેતનો ઉમળકો છલકાયા વિના રહેતો નથી. એટલે એમણે આ પુસ્તકનું નામ 'હેતની રેલી' આપ્યું છે એ કેટલું બધું સાર્થક છે !

આ ગુજરાતી અનુવાદમાં અંગ્રેજીમાં થયેલી પ્રશ્નોત્તરી લીધી નથી; નહીં લેવામાં કથનની એકતા અને શૈલી જળવાય એટલો જ એમાં આશય છે.

આ પુસ્તકમાં જે કથન છે, તે પોતે જ સીધું, હૃદયવેધક અને રમણીય છે, એની શૈલી એ વિમલાબહેનના શીલનું અનુશીલન છે : વિશુદ્ધ, વિશદ અને વિનમ્ર. એમાં જે મૌનના-ધ્યાનના પરિમાણ વિશે દર્શન થાય છે, એ બહેનનો જીવનરસ છે. એટલે એમાં સજીવનતાની સૌરભ અને જીવનની તાજગી વરતાય છે. વિમલાબહેનનાં બધાં પુસ્તકોની જેમ આ પુસ્તક પણ જિજ્ઞાસુનું સંગાથી બનવાની ક્ષમતા ધરાવે છે.

૧-૧૧-'૭૨ — કિશનસિંહ ચાવડા

શિવકુટિ, માઉન્ટ આબુ

## વિષય-ક્રમ


- ૧૯૭૦ની પ્રવચનમાળા

૧. **સમસ્યાઓની જડ** દિનાંક : ૧૪-૨-૧૯૭૦ ૧
શબ્દ-વ્યાપાર; સુખ-સંવાદ; ગંભીરતા; જીવન; ખંડિત દર્શન; જીવન સમગ્ર છે; જીવવાનો પુરુષાર્થ; જિજ્ઞાસા; માનવસમાજ.

૨. **સમગ્રતાની ક્રાંતિ** દિનાંક : ૧૫-૨-૧૯૭૦ ૧૦
ભારતની જવાબદારી; દિવ્ય અસંતોષ; વિદ્રોહની જ્વાલા; વિદ્રોહ અને ક્રાંતિ; જીવન અને મન; મનની કાર્યપદ્ધતિ; મનની મર્યાદા; આપણને જીવતાં નથી આવડતું; નમ્રતા; મનથી ઉપરનું જીવન; પ્રતીક; મૌન અથવા સમાધિ; ગતિ અને અંતર; જીવનની ગતિ; એકતા; ઊર્જાની સમગ્રતા; વિદ્રોહ અને ક્રાંતિ; અમેરિકામાં સ્ત્રી-મુક્તિ-આંદોલન; સનાતન દેશ ભારત

- ધ્યાન શિબિર ૧૯૭૧

૩. **પ્રાપ્તિ અને ઉપલબ્ધિ** દિનાંક : ૧૭-૨-૧૯૭૧ ૨૪
આત્મ-સંવાદ; જન્મ અને જીવન; જીવન સાથે પરિચય; ભ્રમોનું તૂટવું; કુતૂહલ અને જિજ્ઞાસા; પ્રાપ્તિ અને ઉપલબ્ધિ; દૃષ્ટિની નિર્મલતા; ચિત્તની અક્ષુબ્ધ-અવસ્થા; પશ્ચિમમાં યોગસૂત્રોનું દોહન; સમસ્યાઓનું નિરાકરણ; ધ્યાનાવસ્થા-શિક્ષણક્ષેત્રનો વિષય; સૃષ્ટિના સૂક્ષ્મ સ્તરો પર પ્રયોગ; સારશબ્દની દોરી

૪. **બુદ્ધિની પરાયત્તતા** દિનાંક : ૧૮-૨-૧૯૭૧ ૩૨
પ્રભુની આતુરતા; સત્સંગ; વાણીની પરિશુદ્ધિ; 'ધ્યાન'નો મર્મ; ખંડન અને નિષેધ; એકાગ્રતાની મર્યાદિત ઉપયોગિતા; ધ્યાન એક અવસ્થા છે; અધ્યાત્મ બુદ્ધિનો વિષય કેમ નથી;

બુદ્ધિની મર્યાદા; અજ્ઞાતનો ભય; દેહનો અપરિચય; શુદ્ધિની શક્તિ; શ્વાસોચ્છ્‌વાસ; આંતરિક ઐશ્વર્ય; ઉપસંહાર

- પ્રશ્નોત્તરી ૪૫

૫. સાધનાની પગદંડી દિનાંક : ૧૯-૨-૧૯૭૧ ૪૮

સાધના અથવા સાધનાવસ્થા; વૈજ્ઞાનિક દૃષ્ટિ; આદતનો આશ્રય; સત્ય જીવનની બહાર નથી; વિજ્ઞાનપૂત વ્યવહાર; અધ્યાત્મ અને ઝડપી વિશ્વાસ; સહજતાનો પ્રારંભ; પહેલું પગલું - શરીરનો પરિચય; શરીરવ્યાપારમાં યાંત્રિકતા; સમગ્રતાથી ખીલેલું કર્મ; સમતોલ વ્યવહાર; જિજ્ઞાસાને જીવતદાન; યોગશાસ્ત્ર; વાણીનું અપમાન; વાણીનો વાસ્તવિક ઉપયોગ; મનનો પરિચય; ચિત્તની સમગ્રતા વડે કર્મ; યોગ; મનનું મૌન; દ્રષ્ટા અને કર્તા-ભોક્તાની ભૂમિકા; દ્રષ્ટાનું શાંત થવું; અહંકારનો વલોપાત; ભાવાતીત પ્રદેશ; અંધકારનો પ્રદેશ; નિરહંકારિતા-વિનમ્રતા; સત્ય પર કોઈ એકલાનો અધિકાર નથી; માનવનું સર્જન; ભારતની વર્તમાન સ્થિતિ; અન્ય ઉપાયોની નિષ્ફળતા

- પ્રશ્નોત્તરી ૬૨

૬. ગુરુપદ અને શિષ્યત્વ દિનાંક : ૨૦-૨-૧૯૭૧ ૬૯

ગુરુ-શિષ્ય સંબંધ; સંબંધોનાં ક્લેવર; શિષ્ય કોણ; સત્ય નિરપેક્ષ; અભિવ્યક્તિ સાપેક્ષ; શિષ્યત્વ વ્યક્તિ ભણી નહિ; જિજ્ઞાસામાંથી ઉન્મુખતા, વિનમ્રતા; ગુરુ એક પદ છે; ચેતનાની બે અવસ્થાઓનું મિલન; જીવવું શિખવાડાતું નથી; યોગ-ગુરુ, મંત્ર-ગુરુ; ગુરુની સાથે સંબંધ અશક્ય; મિલનમાં કંઈક ઘટિત થશે; સંબંધમાં ગતિનો અવરોધ; બહાર ગુરુની શોધ અનાવશ્યક; જિજ્ઞાસાની ઉત્કટતા જ એક માત્ર આવશ્યકતા; ગુરુની ખોજ કેમ અને શા માટે; જિજ્ઞાસા અને સંરક્ષણ; સંરક્ષણ અને યાત્રા; સત્યમાં સાન્ત્વના નથી; જિજ્ઞાસા જ એકમાત્ર ચિન્તા; પરમાર્થને નામે નવો સંસાર;

જિજ્ઞાસુ કદી એકલો નથી; આ દેશનું દારિદ્રય; ભયમુક્તિ; નિરપેક્ષતા આવશ્યક; યાત્રા અને મુકામ; જીવનની ગતિ; સહજાવસ્થામાં વ્યવહાર

- પ્રશ્નોત્તરી ૮૫

૭. સમાપન સંવાદ ૯૧

૮. યોગની કળા દિનાંક : ૨૧-૨-૧૯૭૧ ૯૫

ભારતનું દુર્દૈવ; શ્રીમદ્ ભગવદ્‌ગીતાની દુર્ગતિ; જીવનની સમગ્રતા; પશ્ચિમનું મનોવિજ્ઞાન; ભારતીય કોણ; આપણે કલેવરોને પહોંચ્યા છીએ; ધર્મગ્રંથોની સમગ્ર દૃષ્ટિ; વિષાદયોગ; ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે; કલેવરોમાં સગવડ; ગીતા-ક્રાંતિકારી ગ્રંથ; ચેતનાનું ઊંડાણ; જીવનનો સંબંધ પ્રત્યય સાથે; દેશની સામે આહ્‌વાન; ગીતાનું પ્રતિપાદન; પ્રજ્ઞાવાદ અને પલાયનવાદ; અંતર્મુખી દૃષ્ટિ; ગ્રંથોનો જીવન સાથે અનુબંધ; અપચ્યા-જ્ઞાનની વિકૃતિઓ; જ્ઞાનસંગ્રહ; શોષણનાં સ્તરો; પરિગ્રહ અને શોષણ; જિજ્ઞાસાનાં અંતર્મુખી ચક્ષુ; સાકાર અને નિરાકાર; ઉપસંહાર

•

# ૧
# સમસ્યાઓની જડ

## શબ્દ-વ્યાપાર

શબ્દ-વ્યાપાર એક અત્યંત ખતરનાક વસ્તુ છે. શબ્દ તો અંતરની અનુભૂતિના પ્રતીક છે, અને એમનો વિનિયોગ નિતાંત સાવધાન થઈને, ધ્યાનાવસ્થિત થઈને કરવો પડે છે. વક્તા અને શ્રોતા બંને જો ધ્યાનાવસ્થિત થઈને સહયોગ કરી શકે તો શબ્દોના સેતુની મદદથી જે સંકેત છે ત્યાં સુધી પહોંચી શકાય છે. આખરે તો શબ્દો એકબીજાના હૃદય સુધી પહોંચવા માટે, ચેતનાનો પરસ્પર સંસ્પર્શ પામવા માટેનો સેતુ છે. આ વૃત્તિ જો વક્તા અને શ્રોતાની રહે તો શબ્દ-વ્યાપારમાં જે ખતરો છે તે ઓછો થઈ જાય છે. આખરે અનુભૂતિની અવસ્થામાં તો બોલી શકાતું નથી. જ્યારે ચિત્ત અનુભૂતિની અવસ્થામાં હોય છે ત્યારે ચારેય વાણીનો લોપ થઈ જાય છે. શબ્દ અનુભૂતિની સ્મૃતિ લઈને ઊઠે છે, ત્યારે બુદ્ધિનો ઉપયોગ કરવો પડે છે. સ્મૃતિમાં જે કાંઈ સંચિત કર્યું છે તેનો ઉપયોગ કરવો પડે છે. ત્યારે શબ્દો દ્વારા આદાન-પ્રદાન થાય છે. અહીં અનુભૂતિની તાજગી તો શબ્દોમાં રહેશે, પરંતુ શબ્દો કંઈ અનુભૂતિ હોતા નથી. એમની તાજગી, એમની સૌરભ જો પામવા મળે તો શ્રોતા કહેશે કે હા, શબ્દ સજીવન છે, નહીં તો કહેશે કે શબ્દો મરેલા છે, ઉધાર લીધેલા છે અથવા કલ્પનાનો વિલાસ છે કે વાણીનો શૃંગાર છે. પછી ત્યાં ચેતનાનો પરસ્પર સ્પર્શ નથી થઈ શકતો.

## સુખ-સંવાદ

અહીંના વિશ્વવિદ્યાલયે મોટી કૃપા કરીને એક એવી વ્યક્તિને નિમંત્રિત કરી છે, કે જેની પાસે પ્રતિપાદન કરવા માટે કશું જ નથી, સુખ-સંવાદમાં એને આનંદ છે, પ્રતિપાદનનો અભિનિવેશ નથી અને આવેશ પણ નથી. કોઈ વિચારપ્રણાલી નથી કે જેનો પ્રચાર કરી શકું. આ મરચાં-મસાલા વગરનું ભોજન છે. એવી વ્યક્તિને બોલાવવી એક સાહસનું કામ છે. આપ મારી કૃતજ્ઞતાને સમજી શકશો. અહીં આપની સાથે બેસીને કંઈક આત્મસુખની વાતો થશે. આ ગોષ્ઠિઓમાં આપ અને અમે જો સંવાદની ધરતી ઉપર, મિત્રતાની ધરતી ઉપર સમાન ભાવે મળીશું તો હું આશા રાખું છું કે એમાં કશું અનુચિત નહિ રહે.

હમણાં મારી ઓળખાણ આપતી વખતે કહેવાયું કે ભૂદાનનું કાર્ય છૂટ્યું અને બીજી પ્રવૃત્તિ શરૂ થઈ. ખબર નથી કે આ પ્રવૃત્તિ શરૂ થઈ છે કે નિવૃત્તિ શરૂ થઈ છે, અથવા તો જેની સાથે 'પ્ર' અને 'નિ' ઉપસર્ગ જોડી શકાય છે તેવી વૃત્તિ પોતે જ સમાપ્ત થઈ ગઈ છે. અમે તો જીવતા ચાલીએ છીએ અને જીવનમાં જે પામીએ છીએ તે આજે તમારી સાથે વહેંચીને ખાઈશું, એમાં જેટલું સેવન આપ કરશો એનાં કરતાં મને ઓછું નહિ મળે.

## ગંભીરતા

આખરે જ્યારે ચાર ગંભીર માણસો, ચિંતન કરનારા અને જીવન સાથે પ્રેમ કરનારા સાથે બેસે છે તો બીજી કઈ વાતો થઈ શકે ? કયા વિષય પર વાત કરવી ? જેમના ચિત્તમાં ગંભીરતા છે તેમની વાત કરી રહી છું. ગંભીરતા એક મોટી દુર્લભ વસ્તુ છે અને ગંભીરતા વિના વસ્તુસ્થિતિનું યથાતથ્ય દર્શન કરી શકાતું નથી. સામે કોઈ પ્રસંગ જોયો, કોઈ કઠણાઈ જોઈ, સંકટ આવ્યું અને ચિત્તમાં તણાવ પેદા થયો. ચિત્તમાં તણાવ પેદા થતાં જ સમતુલા ખોવાઈ જાય છે, અને જ્યાં સમતુલા ખોવાઈ જાય છે ત્યાં પરિસ્થિતિનું સમ્યક્ દર્શન થઈ શકતું નથી. પ્રતિસાદ પણ ત્યાં સમ્યક્ સ્વરૂપે ઊઠી શકતો નથી. સમસ્યા સામે આવી અને એ સમસ્યાને આપણે આપણી કોઈ વિચારપ્રણાલીના આલોકમાં જોવા માંડી. મુશ્કેલીઓનું નિરાકરણ કરવું છે, પરંતુ મૂલ્યાંકનના આલોકમાં, વિચારપ્રણાલીના આલોકમાં, પરંપરા અથવા સંપ્રદાયના આલોકમાં. પછી તો સમસ્યા સામે આવતાં જ બુદ્ધિમાં તણાવ પેદા થઈ

જાય છે. તણાવ ચિત્તમાં પેદા થાય કે બુદ્ધિમાં, પણ પછી સમતુલા નથી રહી શકતી. અને જે સમતોલ નથી તે કદી પણ ગંભીરતાને ધારણ કરી શકતા નથી.

જીવનને સમજવા માટે ગંભીરતા અનિવાર્ય છે. જીવનનું યથાતથ્ય દર્શન પામવા માટે પણ ગંભીરતા અનિવાર્ય છે. આ ગંભીરતા દુર્લભ છે. આપણને ટેવ પડી ગઈ છે, અભ્યાસ થઈ ગયો છે કે ભાવનાઓના આવેગ ઊભરાય છે, અને એ આવેગોનાં ચશ્માં ચઢાવીને આપણે જોવા માંડીએ છીએ અને એમનો ઉકેલ કરવા પણ ચાહીએ છીએ. સમતુલા વિનાના વ્યક્તિત્વને લઈને સમસ્યાઓનું નિરાકરણ કરવાનો પ્રયાસ તો '**अव्यापारेषु व्यापारः**' છે. આજે આવું સંસારમાં બધે ચાલી રહ્યું છે. સામાજિક, આર્થિક, શૈક્ષણિક, રાજનૈતિક, રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય - બધાં જ ક્ષેત્રોમાં આ ચાલી રહ્યું છે. જેઓ પોતે રોગી છે તેઓ આજે માનવજાતિની ભયાનક સમસ્યાઓને ઉકેલવા ચાલી નીકળ્યા છે. યુદ્ધોનો વિરામ જોઈએ છે, હિંસાનું વિસર્જન જોઈએ છે; પરંતુ ચિત્ત રોગી છે, બુદ્ધિમાં તણાવ છે. નિરાકરણોની પદ્ધતિઓની ઓછપ નથી, સમાધાનોના ઉપાયોની ઊણપ નથી. આજે ઊણપ તો છે એમને અમલી બનાવનાર સ્વસ્થ, નીરોગી માનવોની.

દિવસના ચોવીસે કલાક, દિવસરાત જેમના ચિત્ત પર અને બુદ્ધિ પર તણાવોનું આક્રમણ થતું રહે છે; તેઓ પોતાના જ જીવનની યથાર્થતાને નહિ જોઈ શકે અને સમસ્યાઓનું નિરાકરણ નહિ કરી શકે. પછી તેઓ સમાજની, દેશની અને દુનિયાની સમસ્યાઓનું નિરાકરણ કેવી રીતે કરી શકશે ? પરંતુ માણસ એવો અવિવેક કરે છે. ભારતના જ નહિ પરંતુ સમગ્ર સંસારના માનવની સામે આ સવાલ છે કે પહેલાં પોતે સ્વસ્થ થઈ જાય. ગંભીરતા વ્યક્તિત્વમાં એવી સમતુલા ભરી દે છે કે જેની સૌરભ સ્વસ્થતા છે, સર્વાંગી સ્વસ્થતા. પછી આ સ્વસ્થતાને લઈને પરિસ્થિતિને જીવે અને સમસ્યાઓને સમજે. સમસ્યાઓને જેમ જેમ સમજતા જઈએ છીએ તેમ તેમ સમસ્યાઓના આકલનમાંથી ઉકેલના એવા માર્ગો ખૂલતા જાય છે - જેમ પુષ્પની પાંખડીઓ ખૂલતી ન હોય - એક પછી એક પાંખડી ખૂલતી ચાલી જાય છે. એટલે હું કહી રહી હતી કે ગંભીરતા અનિવાર્ય છે, અને આવી ગંભીર વ્યક્તિઓ જ્યારે સુખ-સંવાદ માટે એક સ્થાને એકઠી થાય છે ત્યારે જીવનની જ વાત કરશે. અને બીજી વાત થઈ પણ શું શકે ?

## જીવન

જીવન છે રસગંગા. જીવન છે રસનો, એક અખંડ પ્રવાહ. એવું તો પરમાત્માનું વર્ણન છે - 'रसानाम् रसः' એવું લાગે છે કે અણુ-પરમાણુમાં રસ નિહિત છે અને જીવનની કલા આ રસને પામવામાં છે. જીવનમાં જે રસ નિહિત છે, અનુસ્યૂત છે, પળપળમાં અને ક્ષણક્ષણમાં જે એક છંદ છે, વિધાતાના આ બનાવેલા વિશ્વમાં જે એક લય છે, જે ગતિ છે - રસ તો જીવનની ગતિ છે જ - એને કેવી રીતે પામી શકાય, એની સાથે સમરસ થઈને, એકરસ થઈને, કેવી રીતે જીવી શકાય એ એક વિષય છે, જેના પર સંવાદ થઈ શકે. મેં તો પહેલાં જ આપને ઘણા વિનયપૂર્વક કહ્યું હતું કે સંસારની સામે અથવા તો જે દેશમાં તમે અને અમે બેઠા છીએ તે દેશની સામે આજે જે સમસ્યાઓ છે એનું મને ભાન છે. ઐતિહાસિક દૃષ્ટિથી આ રાષ્ટ્ર એક એવા સંકટકાળમાંથી પસાર થઈ રહ્યું છે કે જેની જોડ પાછલી કેટલીક શતાબ્દીઓમાં પણ મળતી નથી, પરંતુ સમસ્યાઓની જડ વ્યક્તિમાં પડી છે, એટલે પહેલાં એને વ્યક્તિમાં શોધવી જોઈએ. સંસારની બધી સમસ્યાઓની જડ મનુષ્યની ચેતનામાં છે. ત્યાં એ જડ કેવી રીતે ફેલાઈ, કેમ ફેલાઈ અને કઈ કઈ વિકૃતિઓ વ્યક્તિમાં પેદા થઈ, એ બધું આપણે નીરખીએ.

આ દૃષ્ટિ વડે આપણે શરૂ કરીશું કે માનવ જીવનનું દર્શન કેમ કરી શકતો નથી. દર્શન થાય છે તો તે ખંડિત કેમ હોય છે, અખંડનું દર્શન કેમ થઈ શકતું નથી ? મનુષ્ય પોતાની જાતને કેમ સમજી શકતો નથી ? આ વિષયથી આજ પ્રારંભ કરવાની ઇચ્છા છે. ક્યાં સુધી કહી શકીશ તેની ખબર નથી. જીવન જે જીવવા માટે છે, અને જીવવું એટલે નિહિત રસમાં એકરસ થઈને, એની ગતિમાં ગતિ અને લયમાં લય મેળવીને ચાલવું. આ વાત જો સમજવા જેવી લાગે અને તેની પ્રતીતિ થાય તો આપણે આગળ ચાલીએ.

## ખંડિત દર્શન

બચપણથી આજ સુધી મારી સમજણમાં એ નથી ઊતર્યું કે લોકો જીવનનું પ્રયોજન જીવનની બહાર કેમ જુએ છે. જીવનના ઉદ્દેશ અને લક્ષ્ય જીવનની બહાર કેવી રીતે હોઈ શકે ? જીવનની કૃતાર્થતા જીવનમાં છે, એનાથી બહાર એનું લક્ષ્ય શું હોઈ શકે ? એ કદીય મારી સમજણમાં નથી ઊતર્યું કે પરમાત્માની શોધ જીવનને છોડીને બહાર કેમ કરવામાં આવે છે ? જે રોજબરોજનું જીવન

મળ્યું છે - સવારથી રાત સુધી, પોતાના શરીરની સાથે, વસ્તુઓની સાથે સંબંધ છે, જે સૃષ્ટિના અનંત ઘટક છે, એમની સાથે જે સંબંધ છે - તે સંબંધોથી બહાર પરમાત્માની અને મુક્તિની શોધ ! ધર્મ અને અધ્યાત્મને નામે કોણજાણે શું શું ય સંસારમાં ચાલતું આવ્યું છે ! એટલે એ સમજણમાં નથી ઊતરતું કે બહાર શોધ કેમ થાય છે ! આ અંદર અને બહાર, બહાર અને અંદરનો ભેદ કેમ, ક્યાં પેદા થયો ? સમગ્રતાને 'અંદર અને બહાર'માં ખંડિત અને વિભાજિત કોણે કરી, કેવી રીતે કરી ? અખંડનાં દર્શન કેવી રીતે થશે તે પ્રશ્ન નથી, દર્શન ખંડિત કેમ થાય છે તે સવાલ છે.

મને ખબર નથી કે તમે પણ પોતાની જાતને આ સવાલ પૂછો છો કે નહિ, જેમ કે બચપણથી મારી અંદર એ સવાલ ઊભરાતો અને ઘૂમતો રહ્યો છે કે આપણા સંબંધો જે વસ્તુઓની સાથે છે, શરીરની સાથે છે - એ જડ છે; એટલે ભૌતિકની સાથે અને જડની સાથે સંબંધ છે ? આ જડ શી બલા છે ? 'મેટર' - શી વસ્તુ છે ? કોઈ પાષાણ ખંડ છે, કોઈ અણુ-રેણુ છે, એ જડ છે એમ કહે માટે આપણને કઈ વસ્તુ બાધ્ય કરે છે ? જડ અને ચેતનનો ભેદ ઉપસ્થિત કરવા માટે કયું કારણ છે ? આજનું ભૌતિકશાસ્ત્ર (physics) એમ બતાવે છે કે નાનામાં નાનો જે પરમાણુ છે તેમાં પણ ઊર્જાની માત્રા-વિશેષ (quantum of energy) છે અને ઊર્જા તો સ્પંદન રૂપિણી છે. હવે લોક માનશે કે જયારે ભૌતિકશાસ્ત્ર કહે છે ત્યારે પૌરાણિક વાત પણ કદાચ સાચી હોય. લોકોએ એમ માની લીધું હતું કે પુરાણો ભૌતિકશાસ્ત્રનાં કંઈક વિરોધી છે. આ કંઈ વિવેકયુક્ત નથી લાગતું, કંઈ અનિવાર્ય નથી લાગતું. એમાં કંઈ વૈજ્ઞાનિકતા નથી લાગતી કે આ પ્રકારનો ભેદ માનીને આપણે ચાલીએ. આપણે અનાજ ખાઈએ છીએ એ શું ભૌતિક, શારીરિક, જૈવિક અને જડ વ્યાપાર છે ? અન્નનો દાણો શું જડ છે ? એક કણ વાવીએ અને ધરતી એક મણ આપે છે, એની જે સર્જનશીલતા છે એ અન્નનો આપણે જયારે એક એક કોળિયો મોઢામાં લઈએ છીએ ત્યારે એના એકેએક દાણામાં શું સ્પર્શ નથી થતો ? પાણી ભરેલો પ્યાલો જયારે હોઠોને સ્પર્શ કરે છે ત્યારે એ જળનાં ટીપાંઓમાં ચેતનનો સ્પર્શ નથી થતો ? $H_2O$ = Water એટલો જ સ્પર્શ થાય છે ? અથવા તો પર્વતની શિલાઓ તોડીને કૂદતું-રમતું જે ઝરણું નીકળે છે, એમાં જે ઊર્જાનાં સ્પંદનો છે તેનો પણ સ્પર્શ એ જળબિંદુઓમાં આપણને થાય છે ?

આપણે પહેલાં સંબંધ થવા તો દઈએ - પછી એ સંબંધ અનાજના દાણા સાથે હોય કે જળબિંદુ સાથે હોય.

નહાવા બેઠા છીએ અને પાણી નાખ્યા કરીએ છીએ. એ બિંદુઓમાં સપ્ત સાગરોના અને સમસ્ત નદીઓના જળનો અનુભવ નથી થતો ? અભિષેક કરી રહ્યા છીએ એવું નથી લાગતું ? કપડાં પહેરીએ છીએ તેમાં પણ આપ જુઓ ને ! કોઈ પણ એવું કર્મ નથી કે જેને આપ 'ભૌતિક'નું વિશેષણ આપી શકો. પછી એ ખેતરમાં હળ ચલાવવાની વાત હોય કે સાળ પર કપડું વણવાની વાત હોય, અથવા તો રસોડામાં બેસીને રસોઈ કરવાની કે વાસણ માંજવાની વાત હોય.

**જીવન સમગ્ર છે**

ધર્મના નામ પર અને સાધનાના નામ પર શા માટે નવો સંસાર ઊભો કરવો પડે અને મુક્તિને આ સર્વથી બહાર શોધવી જ કેમ પડે ? ક્યાંક અહીંયાં તો આપણે બધા તણાવો અને દબાણની જડ નથી વાવી ને ? આપણા વ્યક્તિત્વમાં સંઘર્ષ અને દ્વન્દ્વ પેદા કરે છે તેનું બીજ ક્યાંક અહીં તો નથી પડ્યું ? તો વિનંતી એ છે કે આપ જીવન જે સમગ્ર છે, એક ચિન્મયનો વ્યાપાર છે તેની તરફ ધ્યાન દો. આવરણની વિવિધતા છે પરંતુ આવરણમાં છુપાયેલી ઊર્જા ડોકાયા કરે છે. ક્યારેક કોઈ પહાડ પર ચાલ્યા જાઓ અને જરા ધ્યાનપૂર્વક શિલાઓ સાથે દૃષ્ટિ મેળવીને જુઓ તો ખરા. કોઈ જંગલના વૃક્ષો ઉપર, કોઈ એની ડાળી પર, કોઈ એકાકી પક્ષીનો સ્વર સાંભળ્યો છે ? આપ જોશો કે સમસ્ત વિશ્વમાં ચિન્મય સિવાય, ઊર્જા વિના કોઈની સત્તા નથી.

મનુષ્યના વ્યવહારમાં આવો, મનુષ્યોના સંબંધોને જુઓ. જેઓને આપ સજ્જન કહો છો, દુર્જન કહો છો, પાપી કહો છો, પુણ્યશીલ કહો છો, તેમનામાં શું છે ? મને તો ખબર નથી કે પાપ અને પુણ્ય શું હોય છે, એની રેખાઓ ક્યાં અને કોણ ખેંચી આપે છે ? પરંતુ એમની આંખોમાં દૃષ્ટિ પરોવીને જુઓ. દંભ અને પાખંડની પાછળ કંઈ કંઈ વિવશતાઓ રહે છે કે જેને કારણે પોતાની જાતને વિકૃત અને કદરૂપ બનાવવા માટે મનુષ્ય રાજી થઈ જાય છે. એને જો જોઈ લેશો તો પછી એની વેદના એ દંભ અને પાખંડને પાર કરીને તમને સ્પર્શી જશે. મનુષ્યની ક્રૂરતાની પાછળ - પોતાની જાતને એ અધઃપતનમાં ફેંકવા કેમ તૈયાર થઈ ગયો એ જો બરાબર દેખાશે તો તેમાં રહેલી દીનતા,

હીનતા અને કૃપણતા એ સર્વનો સ્પર્શ થવા માંડશે. આખરે જીવન જીવવાની રીત આમ તો શિખાય છે. આંસુ વહાવવામાં પણ જીવન છે અને સ્મિતને વિખેરી નાખવામાં પણ જીવન છે. સુખના ગલગલિયામાં પણ જીવન છે અને દુઃખની વ્યથામાં પણ જીવન છે. મિલનમાં જો જીવનનું સ્મિત છે તો વિરહમાં પણ જીવનનું સ્પંદન છે.

## જીવનનો પુરુષાર્થ

મનુષ્ય જો આંખ ઉઘાડીને પ્રત્યેક વસ્તુને અને પ્રત્યેક સંબંધને જુએ તો કેવું સારું ! પુસ્તકોમાં લખેલા વિચારોને લઈને નહિ, બીજાના અનુભવોને ઉધાર લઈને નહિ, પરંતુ પોતાની સાથે શું ઘટિત થાય છે એ જોવાનો જો સ્વયં પુરુષાર્થ કરે તો કદાચ આ સર્વ દ્વન્દ્વોની વચ્ચેથી - નદી જેમ બે કિનારાની વચ્ચે થઈને વહે છે તેવી રીતે જ આ દ્વન્દ્વોની વચ્ચે થઈને વહેતી જે જીવનધારા છે, તેનો સ્પર્શ થયા વિના નહિ રહે. તો પહેલાં આપણે જીવન જીવવાનું સાહસ કરવું પડશે. આપણને જીવન જીવવામાં રસ છે કે નહિ તેની ખબર નથી. અમને એવું જ શીખવવામાં આવ્યું છે, બચપણથી અમે એવું જ સાંભળ્યું છે કે 'પૈસા કમાવ, પ્રતિષ્ઠા કમાવ, લગ્ન કરો, બાળકો થાય, બેન્કમાં કંઈક જમા બાજુ થઈ જાય, પ્રતિષ્ઠા બની જાય, થોડીક મિલકત થઈ જાય; બસ, સફળ નાગરિક થઈ ગયા. બહુ થયું તો જનસેવાનાં બેચાર કામ કરી લો.' જીવન કરવામાં નહિ, થવામાં છે. જે ગંભીર વ્યક્તિ હશે તેને જીવન જીવવામાં રસ આવશે.

તો જીવન જીવવા માટેનો પહેલો પુરુષાર્થ છે - સવારથી રાત સુધી જે વ્યવહાર થાય છે, આજે આપણે જે પ્રકારનો વ્યવહાર કરી રહ્યા છીએ તેને જોવો. આ છે ધર્મનો આરંભ, સત્યની શોધ પોતાના જીવનમાં, પોતાની અંદર નિરંતર કરતા રહેવું એ જ ધર્મની જિજ્ઞાસા. જે જિજ્ઞાસા ગ્રંથો ભણી લઈ જશે, જે જિજ્ઞાસા પરંપરા અને સંપ્રદાયોમાં કંઈ ને કંઈ ઉપાયો શોધવામાં પ્રવૃત્ત કરશે, તે જિજ્ઞાસા નહિ હોય; કેવળ કુતૂહલ હશે. કુતૂહલ અને જિજ્ઞાસા બિલકુલ અલગ વસ્તુઓ છે. કેવળ જાણવાની ઇચ્છાને જિજ્ઞાસા કહી શકાતી નથી. એ તો અનંત ઇચ્છાઓમાંની એક છે, અનેક વાસનાઓમાંની એક છે. વાસના અને કામના ભલે હો પરંતુ જિજ્ઞાસા તો એવી અગ્નિશિખા છે કે જે એકવાર અંદર જાગૃત થઈ ગઈ તો પછી ઓલવાતી નથી. જીવનમાં તેનું એક

પરિમાણ છે. જિજ્ઞાસા એક સ્વતંત્ર પરિમાણ છે. જિજ્ઞાસુ વ્યક્તિની આંખો, એનું ઊઠવું, બેસવું, ખાવું-પીવું બધું જ ભિન્ન થઈ જાય છે. જેમનામાં જિજ્ઞાસા જાગી ઊઠે છે તે જિજ્ઞાસુમાં અને આપણામાં જમીન-આસમાનનું અંતર પડી જાય છે.

## જિજ્ઞાસા

જ્યારે જીવનમાં અને જીવવામાં રસ હશે ત્યારે આવી ધર્મ-જિજ્ઞાસાનો હૃદયમાં જન્મ થશે. મને એમ લાગશે કે મારે જીવવું છે, જીવન શું છે તે મારે જોવું છે. જન્મ થયો છે તો મૃત્યુ પણ આવશે. જન્મ બીજું છે શું, મૃત્યુનો પ્રારંભ તો છે. જન્મ અને મૃત્યુ હાથમાં હાથ મિલાવીને ચાલે છે. પરંતુ જન્મ અને મૃત્યુનાં દ્વન્દ્વોની વચ્ચે થઈને જે જીવન વહે છે તેને જોવું છે, તેને પામવું છે. અને ધર્મ છે જીવનારાઓનું કામ, વહેનારાઓનું નહિ.

આવી ધર્મજિજ્ઞાસાનો જન્મ જે ભાગ્યશાળી વ્યક્તિઓના જીવનમાં થઈ જાય તે વ્યક્તિ પછી ખંડિત દર્શન શા માટે કરે ? જે વસ્તુને ચિત્ત સ્પર્શ કરે છે તેને કયા પ્રકારે તનાવથી ભરી દે છે એવો જે બધો અંદરનો ખેલ છે તેને પછી એ જોવા પામશે. ક્યાં બંધાયા છીએ, ક્યાં અટક્યા છીએ, ક્યાં ફસાયા છીએ એ બધુંય જોવા મળશે. અને આ જોયા પછી, આત્મપરિચય પૂરો થયા પછી જેને આપણે સમાજ, દેશ, રાષ્ટ્ર કહીએ છીએ તેમના સવાલો, તેમની સમસ્યાઓ જોવાના અને સ્પર્શવાના આપણે અધિકારી બની શકીશું.

## માનવસમાજ

આજે તો બધી અનધિકાર ચેષ્ટા છે. ધૃષ્ટતા લાગે તો ક્ષમા કરશો. પરંતુ આજે અર્થનીતિ, રાજનીતિનાં સર્વ ક્ષેત્રોમાં આ જ અવસ્થા છે કે પોતાની જાતની ઓળખાણ નહિ, ક્યાં ઊભા છીએ તે ખબર નહિ, પોતાને શું જોઈએ તેની સમજણ નહિ અને કરોડોના સવાલ ઉકેલવા જઈએ છીએ. પછી શું દશા થાય છે તેની ખબર છે ને ? જબાન પર મોટાં મોટાં સૂત્રો છે, ઇચ્છા છે કે દેશનું કંઈક ભલું કરીએ, પરંતુ સત્તાની અભિલાષા, સંપત્તિની અભિલાષા અને સંગ્રહની લાલસા એટલી જબરદસ્ત છે કે એ બુદ્ધિ પર સવાર થઈ જાય છે. સમાન અભિલાષાવાળાઓનાં જૂથ બની જાય છે. દેશ અને જનતા ક્યાંય દૂર રહી જાય છે. સત્તા, સંપત્તિ અને પ્રતિષ્ઠાની અભિલાષાના તાંડવથી આખો

સમાજ ત્રાસી ઊઠે છે. એટલે આ કોઈ આદર્શવાદી વાત નથી, કોઈ માનવવિમુખતાની વાત નથી. પરંતુ જેમને આત્મપરિચય થયો નથી અને જીવવું જેણે જાણ્યું નથી તે સમાજનો નાગરિક બનીને સમાજને માટે કંઈ પણ કરવાનો અધિકારી નથી. આખરે માનવસમાજ કોઈ પશુઓનું ટોળું નથી. કોઈ પક્ષીઓનું જૂથ નથી. આ બંનેમાં કોઈક અંતર તો છે જ. પરંતુ આજે એ અંતર દેખાતું નથી. રાષ્ટ્રોના વ્યવહારમાં પણ આ જ સ્થિતિ છે, પછી એ વિયેટનામની લડાઈ હો, અથવા મધ્ય-પૂર્વમાં જોર્ડન-સીરિયા અને આરબ સંયુક્ત ગણરાજ્ય વચ્ચે જે ચાલી રહ્યું છે તે વાત હો; અમેરિકા, ચીન-રશિયા વચ્ચે જે તણાવ છે અથવા ચીન અને રશિયાની વચ્ચે જે મતભેદ છે તે હો. આ શું બધા માનવસમાજના સવાલ છે ? માનવનો જન્મ હજુ થયો જ ક્યાં છે કે તેનો સમાજ બની શકે. આકૃતિથી માનવ બન્યા છીએ, પરંતુ હજુ પ્રકૃતિથી અને આશયથી માનવ બનવું બાકી છે. અને એને માટે આંતરિક ક્રાંતિ આવશ્યક છે. આને હું 'સમગ્રતાની ક્રાંતિ' કહું છું.

•

## ૨

# સમગ્રતાની ક્રાન્તિ

### ભારતની જવાબદારી

આપણે સૌ જાણીએ છીએ કે સંસાર એક અત્યંત ક્રાંતિકારી સમયમાંથી પસાર થઈ રહ્યો છે. જે દેશ પોતાને ધર્મપ્રાણ અને અધ્યાત્મપ્રવણ માને છે તે દેશના નાગરિકો ઉપર એવી જવાબદારી આવી જાય છે કે સંસારમાં જે કાંઈ એક છેડેથી બીજા છેડા સુધી ઘટિત થઈ રહ્યું છે તેને જુએ અને સમજે. જે ધર્મની સવારથી રાત સુધી આણ વર્તાવતા આપણે થાકતા નથી, જે અધ્યાત્મનો દાવો સાહિત્ય, સંગીત, કલા તથા પ્રવચનોમાં આપણે કરીએ છીએ તે દાવાની પાછળ જીવનનિષ્ઠા છે કે નથી, જીવનની અનુભૂતિઓનું જળ છે કે નથી અથવા લૂખીસૂકી ઉધારની વાતો છે તેટલું જો જોઈ લઈએ તો સંભવિત છે કે સંસાર જે વિકટ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યો છે, તે પરિસ્થિતિમાં આ અભાગી કહેવરાવનારા દેશ પાસે, અહીંની માટી અને કણકણમાં, જળના પ્રત્યેક બિંદુમાં, હવાની હરેક લહેરમાં કોઈ એવી વસ્તુ પડી છે કે જે રસ્તો સુઝાડી શકે તેમ છે.

### દિવ્ય અસંતોષ

મારા જેવી વ્યક્તિ જે કંઈક ભ્રમણશીલ છે, જેને પૂર્વથી પશ્ચિમ સુધી, દક્ષિણથી ઉત્તર સુધી નિરંતર તથાકથિત સામ્યવાદી, સમાજવાદી, લોકશાહીવાદી એ બધા જ દેશોમાં ફરવું થાય છે, બધા સ્તરોના લોકો સાથે

મળવાનું થાય છે, તે એવું જુએ છે કે એક અત્યંત દિવ્ય અસંતોષનાં તોફાન અને આંધી માનવની ચેતના સાથે અથડાઈ રહ્યાં છે. આપ જાપાન અથવા અમેરિકા ગમે ત્યાં જાઓ; આજની ભૌતિક, રાજનૈતિક, સામાજિક, આર્થિક, શૈક્ષણિક પરિસ્થિતિથી કોઈ સહૃદય અને સાવધાન વ્યક્તિને સંતોષ છે તેવું આપણને જોવા નહિ મળે. યુવકોથી માંડીને વૃદ્ધો સુધી એક એવા પ્રકારની બેચેની છે કે જેને જોઈને હૃદય દ્રવી ઊઠે છે. એમ થાય છે કે આ તોફાન અને આંધી, આ બેચેની, બધાંય મૂલ્યો પ્રતિ ચિત્તમાં જાગતો આ સંદેહ, અને એની વિરુદ્ધ પોતાના જીવનની બાજી લગાવીને ઊભા રહેનારા એ અવિવેકી ઉચ્છૃંખલ યુવકો સમજી નથી શકતા કે કઈ દિશામાં આગળ વધવું ? કઈ દિશામાં પ્રયાસ કરવો ? એ યુવાનો પોતાની જાત સાથે અને સમાજ સાથે અથડામણમાં પડ્યા છે. આ બધું જોઈને કંઈક આશા બંધાય છે કે જડતામાંથી અને તંદ્રામાંથી માનવ જાગ્રત થઈ રહ્યો છે, પાસું બદલી રહ્યો છે. આપને આશ્ચર્ય થશે, પરંતુ મને નિરાશા સ્પર્શતી નથી. આટલું બધું જોયા પછી પણ આવા ઘન અંધકારમાં પણ પ્રકાશની આશા પ્રતીત થાય છે. એ શું છે ? કેમ છે ? એ વિષય ઉપર આજે તમારી સાથે થોડી વાતો કરવાનું દિલ કહે છે.

### વિદ્રોહની જ્વાલા

જેટલાં જીવનમૂલ્યો, જેટલી વિચારપ્રણાલિકાઓ પાછલી કેટલીક શતાબ્દીઓમાં યુરોપ અને અમેરિકામાં પ્રસિદ્ધ થઈ; જેને આધારે સમાજ બન્યા અને બગડ્યા, રાજાઓ આવ્યા અને રાષ્ટ્રો થયાં, રાષ્ટ્રની વચ્ચે સંબંધોના તાણાવાણા લોકો વણતા ગયા; તે મૂલ્યો, તે વિચારધારાઓ અને જીવનપદ્ધતિઓ વિશે એક અત્યંત પ્રબળ સંદેહ ઊઠ્યો છે. ૧૯૬૮ના મે મહિનાની વાત છે. પેરિસમાં હતી. ઐતિહાસિક વિદ્યાર્થીક્રાંતિ ચાલી રહી હતી. ખબર ન હતી કે ક્યારે વિસ્ફોટ થશે. તે વખતે મારે સોબોર્ન યુનિવર્સિટીમાં બોલવાનું હતું. લગભગ અઢાર દેશોના યુવકોનું આંતરરાષ્ટ્રીય આંદોલન ચાલી રહ્યું હતું. એના નવયુગ નેતા મળવા આવ્યા. મુશ્કેલીથી વીસ અને ત્રેવીસની વચ્ચેની ઉંમર હશે. એઓ આ ક્રાંતિ-આંદોલનના નેતા હતા. પોતાના સાથીઓની સાથે આવ્યા ત્યારે મેં પૂછ્યું, "ભાઈ, આજે આટલું મોટું તોફાન અને વિદ્રોહ ઉઠાવી રહ્યા છો તો આખરે તમારે જોઈએ છે શું ?" એમણે કહ્યું, "માણસ ખોવાઈ ગયો છે. પૂંજીવાદ અને સામ્યવાદ વગેરે નિષ્ફળ ગયા છે.

એમાં જ માણસ ખોવાયો છે. અમે એને ફરી મેળવવા ચાહીએ છીએ,એનો ઉદ્ધાર ચાહીએ છીએ." એક ત્રેવીસ વર્ષનો નવયુવક બોલે છે કે પૂંજીવાદથી માંડીને સામ્યવાદ સુધીની જે કાંઈ વિચારપ્રણાલીઓ, જીવનધારાઓ અને જીવનપદ્ધતિઓ આવી તે માણસને માટે, વ્યક્તિને માટે કંઈ કરી શકી નહીં. એ ખોવાઈ ગયો છે, સામાન્ય એશઆરામમાં, અને વિચારધારાઓના ભાર નીચે કચડાઈ રહ્યો છે. એ દબાયેલા અને કચડાયેલા માણસને ઉઠાડવો છે.

મેં કહ્યું, "ભાઈ, સુંદર વાત કહી. કેવી રીતે ઉઠાડશો ?" એઓ કહેવા લાગ્યા કે આજના જેટલાં મૂલ્યો છે તેને પહેલાં તોડી નાખીશું. વિદ્રોહની વાત કરવા માંડી. જ્યાં મનુષ્યોના સંબંધો વ્યક્તિગત નથી રહેતાં તેવાં મોટાં શહેરો જોઈતાં ન હતાં. જેનાથી ઉત્પાદક અને ઉપભોક્તા વચ્ચે ઘણા બધા માણસોની શૃંખલા ઊભી થઈ જાય તેવાં ઉત્પાદનનાં વિરાટ આસુરી કેન્દ્રો જોઈતાં ન હતાં. વધારે વિસ્તારમાં હું નહિ જાઉં પણ એમના વિચારોની નીચે જો હું ગાંધી કે વિનોબાનાં નામ લખી દેત તો કોઈને આશ્ચર્ય ન થાત. પોતાની સામે આવેલા પડકારોમાંથી તેઓ આવા વિચારો સુધી પહોંચ્યા છે. એમની વિદ્રોહની વાતો મેં સાંભળી લીધી. મેં કહ્યું, "ભાઈ, વિદ્રોહ એ કાંઈ ક્રાંતિ નથી. વિદ્રોહ અને ક્રાંતિમાં તો જમીન-આસમાનનું અંતર છે. સમાજરચના બદલી નાખશો અને સત્તાની અદલાબદલી કરશો એનાથી શું થશે ? તમારી આ બધી અર્થરચના અને સમાજરચનાની પાછળ જે જીવનનું મૂલ્યાંકન છે તેને હટાવવા ચાહો છો ? મહત્ત્વાકાંક્ષાના આધાર ઉપર આખી શિક્ષણપદ્ધતિ અને આર્થિક વ્યવસ્થા ઊભી છે, અને મહત્ત્વાકાંક્ષા હિંસાને ખુલ્લું નિમંત્રણ આપે છે. તુલના અને સ્પર્ધા એનાં સાથી છે. તો જ્યાં સ્પર્ધાના આધાર ઉપર આખી રાજનીતિ અને અર્થનીતિ ઊભી છે એ સમાજમાં પ્રેમ, શાંતિ, સમતા અને બંધુતા આવે એમ તમે ચાહો છો ? શું તમે સમૂળી ક્રાંતિ અને પ્રચલિત મૂલ્યોમાં મૌલિક પરિવર્તન માટે તૈયાર છો ? સવાલ તો આ છે."

આ મૂલ્યોના અને સ્પર્ધા, મહત્ત્વાકાંક્ષા અને સફળતાના પૂજારી કદી પણ બંધુતા અને સમતા રાખી શકે ખરા ? અહિંસા અને પ્રેમની વાતો કરી શકે ખરા ? માત્ર વાણીવિલાસ કરવો હોય તો બીજી વાત છે. મેં કહ્યું કે, 'તમે જે શોષણ મિટાવવાની વાત કરો છો, અને હિંસાના વિસર્જનની વાત કરો છો તે આ દ'ગોલ, રોબિન્સન અથવા જોનસનને હઠાવવાથી નહિ આવે.

વિયેટનામની લડાઈ બંધ કરી શકશો, પરંતુ માનવની અંદર જે તાંડવ ચાલી રહ્યું છે તેનો તો વિચાર કરશો ? સમાજરચના અને રાજનીતિ તથા અર્થનીતિ ધારણ કરવા માટે જે બુદ્ધિ જોઈએ, જે વ્યક્તિત્વ જોઈએ, તે ક્યાંથી લાવશો ? માનવ ઊભો ક્યાં રહેશે ? એને ઊભા રહેવા માટે તમારામાં સ્થાન જોઈએ.'

## વિદ્રોહ અને ક્રાંતિ

ક્રાંતિ સમગ્રતામાં ઘટિત થાય છે. વિદ્રોહ બાહ્ય રચનાઓને બદલી શકે છે. સમગ્રતામાં ક્રાંતિ ઘટિત થવાનું એક જ સ્થાન છે અને તે માનવનું પોતાનું હૃદય, પોતાનું જીવન. સંસારને ક્રાંતિની આવશ્યકતા છે. વિદ્રોહથી ઊથલપાથલ થઈ શકે છે, વિધ્વંસ થઈ શકે છે, પરંતુ આહ્‌વાન છે વિધાયક સર્જનનું અને વિધાયક સર્જન માટે જે પ્રતિભાના ઉન્મેષ જોઈએ તે દ્વેષ અને કટુતાથી ભરેલા હૃદયમાં કદીય નહિ પાંગરી શકે. મંગલતા અને પવિત્રતાનો જન્મ ક્રોધ અને ઘૃણામાંથી થઈ શકતો નથી. એટલા માટે મેં કહ્યું કે આ દેશ ધર્મપ્રાણ હોવાનો દાવો કરે છે; વેદ, ઉપનિષદ અને ભગવદ્‌ગીતાના નામનું રટણ થાય છે, શ્લોક બોલાય છે અને મારા જેવાનું પ્રવચન પણ સંભળાય છે અને પ્રવચનો થાય છે પણ ખરાં; પરંતુ એનાથી કામ નહિ બને. આ તો જીવનના પરિવર્તનનું આહ્‌વાન છે, જીવનપરિવર્તનની તક છે. આજે માત્ર ભારતમાં જ નહિ, પરંતુ સમગ્ર એશિયાના દેશોની નાગી, ભૂખી અને ગરીબ જનતાની સામે એક અવસર છે કે જે જીવનપદ્ધતિમાંથી પશ્ચિમમાં હિંસાનું તાંડવ ઊઠ્યું તેનાથી જુદી જીવનપદ્ધતિનું અહીં નિર્માણ થાય અને આધ્યાત્મિક જીવનના અધિષ્ઠાન પર કંઈક નવું સર્જન થાય. એનો આજે અવસર છે.

એટલા માટે મેં કહ્યું કે આ શુભઘડી છે, મંગલવેળા છે કે બેચેની અને અસંતોષનાં તોફાન અને આંધી ચેતના સાથે ટક્કર લઈ રહ્યાં છે અને જીવનનું આહ્‌વાન કરી રહ્યાં છે. જે જીવનમાં સંકટ અને આહ્‌વાન નથી તે જીવન જીવવા જેવું નથી. આવનારું પ્રત્યેક સંકટ અને દરેક આપત્તિ અંદરની શક્તિને જન્માવવાનો અવસર આપે છે. ભૂલથી પણ આપત્તિઓને આપણે દુશ્મન ન સમજીએ. આપત્તિ-વિપત્તિ તો આવરણોમાં ઢંકાયેલા અવસર છે.

સમગ્રતામાં ઘટિત થનારી ક્રાંતિ એટલે શું ? અભિપ્રાય એવો છે કે જે સંઘર્ષ છે તે મનુષ્યની ચેતનામાં છે. એનાં વિચાર, એની બુદ્ધિ, ઇચ્છાઓ, ભાવનાઓ, એનાં મૂલ્ય, એ આખો જે એક પૂંજ છે, એની અંદર જેને આપ

ચિત્ત-ચતુષ્ટય કહેશો અથવા 'માનસ'નું નામ આપશો તેમાં પરિવર્તન અથવા ક્રાંતિ ઘટિત થવાની આ વેળા છે. આરંભમાં ગવાયેલા ભજનમાં 'ઉન્મનિ-રહની'* વાત કહેવાઈ છે. આ 'ઉન્મનિ-રહની' કોઈ મઠો કે મંદિરોમાં રહેનારી વસ્તુ નહિ, પરંતુ તમારે અને મારે માટેની વસ્તુ છે. ચેતનાના એક નવા પરિમાણની આવશ્યકતા છે.

## જીવન અને મન

આજે જે પરિમાણમાં બેસીને આપણે જીવી રહ્યા છીએ તેનું સ્વરૂપ શું છે ? જેટલું જોઈ શકાય તેટલું એને જોઈએ. આજે જીવનની સાથે જે આપણો સંબંધ છે તે મન દ્વારા છે. મનમાં બુદ્ધિનો સમાવેશ પણ કરી રહી છું. અમેરિકાનો એક ગ્રંથ 'The Discoveries of the midsixties' તમે કદાચ જોયો હશે. ૧૯૬૦-૭૦ની વચ્ચે જેટલી શોધો થઈ છે, પછી ભલે એ ફિઝિક્સ હો, ન્યુક્લિયર ફિઝિક્સ હો, જીવ-વિજ્ઞાન અથવા ચિકિત્સા-વિજ્ઞાન. એ સર્વ વિષયોનાં શોધ-વિવરણો એમાં અંકિત થયાં છે. મને લાગે છે પાછલાં ૨૫-૩૦ વર્ષોમાં જેટલી ઝડપથી દુનિયા આગળ વધી રહી છે તેની સાથે ગતિ રાખવી એ પણ પોતાંનામાં એક મહાન દિવ્ય કર્મ છે. આ ગ્રંથમાં લખ્યું છે કે લગભગ ૧૯૬૧-૬૨માં એક શોધ થઈ છે કે મસ્તિષ્કમાં કેટલાક એવા રક્તગોલક છે, જેમાં મનુષ્ય જે કંઈ જ્ઞાન ગ્રહણ કરે છે, જે અનુભવોમાંથી પસાર થાય છે તે સર્વ રસાયણના રૂપમાં પરિવર્તન પામીને સંગૃહીત થાય છે. એ લોકોને શોધવું હતું કે જીવ-વિજ્ઞાનનો વંશાનુક્રમ શી વસ્તુ છે ? અને એમને મળી આ વસ્તુ. આ રસાયણને કાઢી શકાય છે અને બીજી વ્યક્તિમાં પ્રવિષ્ટ કરાવી શકાય છે. માનસિક રોગીઓમાં જ્ઞાન અને સ્મૃતિને પ્રવિષ્ટ કરાવવાના પ્રયોગ ચાલી રહ્યા છે.

## મનની કાર્યપદ્ધતિ

હું એમ કહેતી હતી કે જીવનની સાથે, પોતાની જાતની સાથે આપણો જે સંબંધ છે તે મન દ્વારા છે. મનની કામ કરવાની કેટલીક પદ્ધતિ છે. ઇન્દ્રિય-વિષય-સંબંધથી એક સંવેદન જાગ્રત થયું અને જ્ઞાનતંતુ એને મસ્તિષ્ક સુધી

* 'સાધો સહજ સમાધ ભલી' એ કબીરનું ભજન પ્રવચનના પ્રારંભમાં પંડિત બલવંતરાય ભટ્ટે ગાયું હતું.

લઈ ગયા. મસ્તિષ્કમાં જે જાણકારી, જ્ઞાન, અનુભવ સંગૃહીત છે, પોતાપોતાના પરિવાર અને જાતિના સંસ્કારોનો જે ભંડાર પડ્યો છે તેમને અનુસરીને મન એ સંવેદનનો અર્થ કરે છે, અને પછી એ અર્થ પ્રમાણે પ્રતિક્રિયા થાય છે. આ કામ વિદ્યુતગતિએ થાય છે. પ્રકાશકિરણની ગતિ કહું તો અતિશયોક્તિ નહિ થાય. આપણે એવું કેમ માની લીધું કે આપણી ઇન્દ્રિયો બાહ્ય પદાર્થોનું જે સંવેદન આપણને કરાવે છે તે એ પદાર્થને એની પોતાની સમગ્રતામાં જોઈ શકે છે અથવા ગ્રહણ કરી શકે છે ? કોઈ પણ પ્રત્યક્ષ સંવેદન લો. જે પદાર્થ મારી સામે છે તેની સમગ્રતાને હું જોઈ શકું છું, સાંભળી શકું છું ? એક સ્વર સાંભળ્યો, તો એની બધી શ્રુતિઓને આપણે ક્યાં પકડી શકીએ છીએ ? ઇન્દ્રિયોની ગ્રહણશક્તિ મર્યાદિત છે અને તે પણ શરીર સ્વસ્થ હોય તો કંઈક ઠીક કામ કરે છે. નહિ તો એમાં વારંવાર વિકૃતિ થતી રહે છે. મર્યાદિત અને વિકૃત ગ્રહણશક્તિ વડે જે સંવેદન જાગ્રત થાય છે તેને મસ્તિષ્ક સુધી પહોંચાડનારા જ્ઞાનતંતુઓ પણ ઓછા એને સમગ્રતામાં લઈ જાય છે ? એ તો કોઈ એક અંશને પહોંચાડે છે. આપણે આ બધું કદી જોઈએ છીએ ?

આપણી દૃષ્ટિ ઉપર આટલો ભરોસો રાખવો તે વૈજ્ઞાનિક દૃષ્ટિએ પ્રમાણિત નથી. જ્ઞાનતંતુની મર્યાદા તથા વિક્રિયાથી સંવેદનને મસ્તિષ્ક સુધી પહોંચાડવાનું કામ પણ બરાબર થઈ શકતું નથી. ચાલો, મસ્તિષ્ક સુધી પહોંચ્યા, ત્યાં અર્થ કરવાનું (Interpretation) ચાલે છે, જે આપણે શિક્ષણ દ્વારા જાણીએ છીએ, માતા-પિતાએ શિખવાડ્યું છે, અણજાણ્યા અને વણમાગ્યા વાતાવરણમાંથી જે શીખ્યા છીએ તે સર્વની મદદથી અર્થ કરવામાં આવે છે. અહીં પાછી મર્યાદા આવી ગઈ. ખેર, આટલો લાંબો રસ્તો પસાર કર્યા પછી કોઈક પ્રતિક્રિયા થઈ.

પ્રતિક્રિયાને માટે પણ આપણે સ્વતંત્ર નથી. પ્રતિક્રિયાની પદ્ધતિઓ આપણને વિધિશાસ્ત્ર દ્વારા, ધર્મગ્રંથો દ્વારા, શાસન પદ્ધતિ દ્વારા શીખવવામાં આવી છે. પ્રતિક્રિયાઓની પણ પદ્ધતિ છે. એક સમાજમાંથી બીજા સમાજમાં જઈને જોઈ લો. ખંડિત ભારતવર્ષમાં જ જઈને જોઈ લો. આવી સ્થિતિમાં પણ આપણી પોતાની પ્રતિક્રિયા પર એટલો બધો ભરોસો કે એના વિશ્વાસે બીજાનાં કર્મોનો નિર્ણય કરી આપીએ છીએ અને એમને સારા-ખરાબ કહીએ છીએ. આપણા ગમા-અણગમા અને રાજી-નારાજી બધું જ એ પ્રતિક્રિયા ઉપર નિર્ભર

છે કે જે આટલા સંસ્કારો, વિકારો અને મર્યાદાઓથી ઘેરાયેલા રસ્તામાંથી પસાર થઈ ત્યારે ઘટિત થઈ છે.

## મનની મર્યાદા

એવું દેખાય છે કે મનનો જીવનની સાથે જે સંબંધ છે તે ઘણી બધી મર્યાદાઓમાંથી છણાઈને આવે છે, અને મનુષ્ય પોતાનાં મૂલ્યોને, પોતાની અભિરુચિઓને, વિતૃષ્ણાઓને લઈને સાથે ચાલે છે, અને દરેક પળે બીજાઓ ઉપર પોતાના નિર્ણયો અને પોતાની માન્યતાઓ લાદતો રહે છે. પદાર્થો ઉપર, વિચારો ઉપર અને વ્યક્તિઓ ઉપર એ લાદે છે. મનની પાસે કામ કરવાની આ એક પદ્ધતિ છે. બહાર ઇન્દ્રિય-વિષય-સંબંધોમાંથી જો સંવેદન જાગ્રત થતું હોય તો સ્મૃતિની સાથે ખેલવું મનુષ્યને ખૂબ આવડે છે. ગ્રહણ કરીને ધારણ કરવાની જે ધીરજ અને સ્મૃતિની શક્તિ વિકસિત થઈ છે તેનું જેટલું અપમાન થાય છે, એની સાથે જેટલી રમત રમાય છે, એટલું ભાગ્યે જ બીજી કોઈ શક્તિની સાથે થતું હશે. કોઈ કામ નથી તો પાછલી સ્મૃતિની સાથે ખેલશે. સ્મૃતિને વાગોળશે, એમાંથી સંવેદનોને જાગ્રત કરશે અને એને જીવવું કહેશે.

## આપણને જીવતાં નથી આવડતું

હંમેશાં કોઈ ને કોઈ પ્રકારના તણાવ અથવા દબાવમાં જીવનારા આ મનના સ્તર ઉપર રહીને જ મનુષ્યે અનેક પ્રયોગો કર્યા છે. વ્યષ્ટિ અને સમષ્ટિ વચ્ચે સંવાદ સાધવાના પ્રયાસ કર્યા, જેને લોક જડ અને ચેતન કહે છે, તેમના વચ્ચે સંવાદ સાધવાના પ્રયત્ન કર્યા, કોણ જાણે શતાબ્દીઓથી એણે શું શું કર્યું, પરંતુ જીવનની સ્વસ્થતા, સમતુલા અને એનો પ્રસાદ પામી ન શક્યા. આજે જ જુઓ ને ! આપણા પરસ્પરના સંબંધોમાં છે શું ? વિષભરી દૃષ્ટિ છે, સ્વાર્થનાં તીખાં બાણ પડ્યાં છે અને આપણે કહીએ છીએ કે એ તો મનુષ્યસ્વભાવ છે. રોજના સંબંધોમાં કુટુંબમાં, પતિ-પત્નીની વચ્ચે, માતા-પિતા અને સંતાનોની વચ્ચે, ભાઈભાઈની વચ્ચે ઈર્ષા, દ્વેષ, ક્રોધ ઊઠતા રહે છે. ક્ષમા કરજો, પણ આપણને જીવતાં આવડતું નથી.

## નમ્રતા

આ તથ્યને આપણે ઓળખીશું તો નમ્રતાના આલોકથી ચિત્ત ભરાઈ જશે. જ્યાં સુધી એમ લાગે છે કે આપણને જીવતાં આવડે છે, જ્યાં સુધી આપણી

સ્થિતિ, અશક્તિનો પરિચય નથી, તંદ્રાની પિછાન નથી, ત્યાં સુધી હૃદયમાં જિજ્ઞાસાનો પ્રવેશ કેવી રીતે થશે ? બંધન શું છે તેનો પરિચય નથી ત્યાં સુધી મુક્તિની ચર્ચા કેવી ? બંધનના પરિચયમાં જ તો મુક્તિ શ્વાસ લે છે. બંધનના સ્વરૂપ અને કાર્યની ઓળખાણમાં જ મુક્તિનાં સત્ત્વ અને પ્રાણ છે. પોતાની નબળાઈઓ અને દોષોને ઓળખવામાં જ શક્તિ અને સામર્થ્યનો સંચાર છે. એટલા માટે પહેલી આવશ્યકતા તો એ છે કે જે મન દ્વારા આપણે જીવીએ છીએ, અને માની બેઠા છીએ કે એ એક જ માત્ર દ્વાર છે અને એની દ્વારા જ અંદર બહારના જગત સાથે સંબંધ થઈ શકે છે, એ મન પરિસ્થિતિનું ખંડિત દર્શન જ કરાવી શકે છે. અખંડનું દર્શન મન કરાવી શકતું નથી. મન જીવનને દ્રષ્ટા અને દૃશ્યમાં વહેંચી નાખે છે, કર્તા અને કર્મનો ભેદ ઊભો કરે છે અને સહજતાનું ગળું ઘૂંટી નાખે છે તે આપણે જાણવું પડશે.

### મનથી ઉપરનું જીવન

મનના દ્વારમાંથી જીવનનો પરિચય અને સંબંધ સ્થાપિત કરવા જઈશું તો સંચિત જ્ઞાન, અનુભૂતિઓની સત્તાને માનીને ચાલવું પડશે. મનની પાસે કામ કરવાનું બીજું કોઈ સાધન નથી. મારો અનુરોધ એટલો જ છે કે જેમ શરીર આપણું એક ઉપકરણ છે, તેવું જ મન પણ એક ઉપકરણ છે, એક યંત્ર જ છે. મનની સંસ્કારવિકારોની ગુલામીમાં રહેવું આપણે માટે અનિવાર્ય નથી. મનથી ઉપર પણ જીવન છે, ચેતના છે, એક નવું પરિમાણ છે કે જેમાં જઈ શકાય છે અને જીવી શકાય છે. કદાચ ત્યાં જઈને જ માનવી પોતાની જાતને ઓળખશે અને જેને માનવીય સંબંધો કહીએ છીએ તે નિર્માણ થઈ શકશે. મન અને બુદ્ધિ જ્યાં સુધી વસ્તુઓની એકબીજાની સાથે તુલના નથી કરતાં, વિવેચન અને વીણણી નથી કરતાં ત્યાં સુધી જ્ઞાન અને બોધ થતાં નથી. એમની દ્વારા જ્ઞાનને ઉત્પન્ન કરવામાં જ્ઞાનનો આધાર પકડવો અનિવાર્ય થઈ જાય છે, અને એ જ્ઞાનના જેટલા અર્થ હશે, અર્થ કરવાની જેટલી પદ્ધતિઓ હશે તેટલી જ પ્રતિક્રિયાઓ હશે. હવે આગળ વધીએ.

મનથી ઉપર પણ ચેતના છે. તે માનવા માટે કોઈ આધાર છે ? અથવા તો એ કેટલાક પાગલોની અને રહસ્યવાદીઓની કલ્પના છે કે તમારા અને મારા પ્રત્યક્ષ અનુભવની વાત છે ? એક સાદું ઉદાહરણ લઈએ. ગાઢ નિદ્રામાં આપ સૂઈ જાઓ છો ત્યારે એક અનોખા આનંદ અને તાજગીથી ભરાઈ જાઓ

છો અને સવારે ઊઠીને કહો છો કે સુંદર નિદ્રા આવી. આ કોણ હતું જે આપની સુષુપ્તિમાં પણ જાગ્રત હતું ? બીજું પણ જોઈએ. પ્રેમની અવસ્થામાં (ભલે એ પળભરની હોય, હું સમજું છું કે પ્રત્યેક માણસ એકાદ વાર તો પ્રેમની અવસ્થામાં જતો જ હશે.) મસ્ત રહેવાની દશામાં, રોમે રોમથી પ્રેમ છલકાતો હોય એવી સ્થિતિમાં - મન કામ કરે છે ? કોઈ હેતુ, કોઈ પ્રયોજન, કોઈ કર્તા અને કર્મ, અથવા દ્રષ્ટા અને દૃશ્ય રહે છે ? ત્યાં તો આ બધા જ મટી જાય છે ને ! કોણ જાણે આ બધી ઉપાધિઓનો ક્યાં લોપ થઈ જાય છે અને કેવળ જીવનધારા વહી રહે છે. ઘટના ઘટિત થતી રહે છે પણ ત્યાં કર્તા કોઈ નથી. જો આપનો 'અહમ્' - જાગ્રત ચેતનાનું કેન્દ્ર - જ સર્વ કંઈ હોત, એનાથી નિતાન્ત બીજી કોઈ સત્તા ન હોત તો ઉક્ત પ્રેમની દશામાં જે જીવન ઘટિત થાય છે તે કેવી રીતે શક્ય બનત ? એટલે આ બધી ઉપાધિઓનો લોપ થયા પછી પણ કંઈક શેષ રહી જાય છે. આ તરફ આપણે ધ્યાન આપ્યું નથી, પણ જો જાગ્રતિમાં જીવીએ તો પ્રતિદિન એનો અનુભવ થઈ શકે છે. તંદ્રા અને બેહોશીમાં વહ્યા કરીએ, રાત અને દિવસને ઘસડતા ચાલ્યા જઈએ તો વાત જુદી છે. પણ એ તો શબયાત્રા થઈ, જીવન નહિ. પરંતુ જેમની શિવયાત્રા ચાલતી હોય તેઓ તો સવારે આંખ ઉઘાડતાં જ નિર્દોષ નાના બાળકની જેમ જોશે કે આજની મુઠ્ઠીમાં ભગવાને શું મોકલ્યું છે ? પ્રત્યેક પળની સાથે તેનો ચિર નૂતન સંબંધ હશે.

## પ્રતીક

એક વાત વધારે. જે પ્રતીકોની મદદથી આપણે રાતદિવસ વહેવાર કર્યા કરીએ છીએ એ શું છે ? આપણે કદી એનો વિચાર કર્યો છે ? હજારો વર્ષ પહેલાં મનમાની રીતે કેટલાંક પ્રતીકો નક્કી થયાં, જેમ કે સંખ્યાનો વસ્તુઓની સાથે સંબંધ જોડાયો. એ પ્રતીકો હવે જૂનાં થઈ ચૂક્યાં છે. જમાનો બદલાઈ ગયો છે. વિજ્ઞાન તો એવો પડકાર પ્રસ્તુત કરી રહ્યું છે કે મનુષ્યોને એકબીજાની સાથે બોલવા માટે પણ નવાં પ્રતીકો બનાવવાં પડશે. આપે જોયું હશે કે જેઓ ચંદ્રમા પર ગયા એ લોકોને પરસ્પર બોલવા માટે એક સંકેતભાષા છે; વિદ્યુત-મગજ અને કોમ્પ્યૂટરની પણ એક સંકેત ભાષા છે. એ ભાષાને આપણા ટાઈપીસ્ટ અથવા સ્ટેનો નહિ સમજી શકે. માનવજાતિ એક એવી સીમા પર આવીને રહી છે કે જે રીતે પુરાતન મૂલ્યો અને વિચારધારાઓ છૂટતી જાય છે

તેવી રીતે પુરાતન પ્રતીકો પણ છૂટી જશે. માનવની ચેતનામાં નવાં પ્રતીકોના જન્મની વેદના હું જોઈ રહી છું. આ કોઈ કાવ્ય નથી. જીવન પોતે જ કવિતા હોય તો એમાં હું શું કરું ? એના યથાતથ્ય વર્ણનમાં જ કદાચ મહાકાવ્યનો જન્મ થતો હશે, જો આપણી અહંતા વડે એને શૃંગારિત કરવાનો અપરાધ ન કરી બેસીએ તો.

## મૌન અથવા સમાધિ

મનની સમસ્ત ક્રિયાઓ શાંત થઈ ગયા બાદ ચેતનાનું એક નવું પરિમાણ જાગી ઊઠે છે, એને આપણે મૌન અથવા સમાધિ કહી શકીએ. હઠયોગીઓના અર્થવાળી સમાધિની વાત નથી કરતી. એ સવિકલ્પ-નિર્વિકલ્પ, સબીજ-નિર્બીજ સમાધિઓની વાત પણ હું નથી કરી રહી. જે 'સહજ-સમાધિ'ની વાત હમણાં (કબીરના ભજનમાં) સાંભળી તેની વાત કરી રહી છું. આ નવા પરિમાણનું જાગી ઊઠવું તે કોઈ કવિઓનું વર્ણન નથી. પોતાની અંદર વિચારનો પ્રસવ થતો આપે જોયો હશે. અને વિચાર પછી જ્યારે શબ્દોનાં વસ્ત્રો પહેરી લે છે, નાદ ધારણ કરે છે, પછી વૈખરી સુધી આવે છે – એ એની યાત્રા કોઈએ જોઈ છે ?

જ્યારે પણ વિચાર, ભાવના અથવા વૃત્તિના તરંગો આપની અંદર ઊઠે છે ત્યારે શક્તિ ખર્ચાય છે. પ્રત્યેક વિચાર કરતી વખતે શક્તિ ખર્ચાય છે એ વૈજ્ઞાનિક હકીકત છે. માણસ એટલો જ સ્વસ્થ હોય છે જેટલો એના બે વિચારો વચ્ચેનો સમય અધિક રહે છે. વિચારો અને ભાવનાઓમાં આપણી ઊર્જા વીખરાઈ જાય છે અને જો વિરોધી દિશાઓમાં દોડનારા વિચારો એકી સાથે મગજમાં કોલાહલ કરતા હોય તો એટલી બધી શક્તિનો ખર્ચ થાય છે કે માણસના મગજની દુર્ગતિનો પાર નથી રહેતો. દશ માઈલ ચાલીને આવનારી વ્યક્તિ નહિ થાકે, પરંતુ ઓરડામાં બેસીને ચિંતામાં ડૂબેલી વ્યક્તિને જુઓ ! જ્યારે મનની સર્વ ક્રિયાઓ શાંત થઈ જાય છે ત્યારે આ વીખરાયેલી શક્તિ પોતાના કેન્દ્રસ્થાનમાં પાછી ફરે છે. જે શક્તિની સાથે આપણો સંબંધ કેવળ એક ખંડમાં હતો, એક અંશમાં હતો, એ શક્તિને પોતાની સમગ્રતામાં રહેવાનો અવસર મળે છે. ઊર્જાની સમગ્રતાનું ઉપસ્થિત થવું, ઉપલબ્ધ થવું એ પોતાનામાં જ એક મહા મોટી ઘટના છે. આ ઊર્જા, આ શક્તિ નાભિકુંડમાં પોતાની સમગ્રતામાં રહે છે. એના ઉપસ્થિત થવામાં અનંત ગતિ છે. ગતિનો અવરોધ ખંડિત થવામાં છે. સમગ્રતા પોતે જ ગતિ છે.

## ગતિ અને અંતર

ગતિ અને અંતર સાપેક્ષ છે. અહીંથી કલકત્તા આપ બળદગાડીમાં જાઓ તો દેશ-કાળની દૂરતા અને અંતર એક પ્રકારનું હશે. મોટર, આગગાડી અથવા વિમાનમાં જાઓ તો એ જ દૂરતાની સાથેના સમયનું અનુસંધાન બદલાઈ જશે. બનારસ અને કલકત્તા તો ત્યાં જ રહેશે પરંતુ એમની વચ્ચેના અંતરનો સંબંધ દેશ અને કાળની દૃષ્ટિએ જે બાંધ્યો તે કેવો બદલાઈ જાય છે તે જુઓ. એ જ પ્રકારે ખંડોમાં અવરુદ્ધ ગતિ સમગ્રતામાં આવીને અનેકગણું કામ કરે છે. એને ઉત્કટતા કહીશું.

## જીવનની ગતિ

આપણો પરિચય જીવનની ગતિ સાથે નથી, ભાવનાના આવેગો સાથે છે. આપણા જે પ્રયોજન અને જે હેતુ હોય છે, જેના ઉપર આરૂઢ થઈને આપણે કર્મ કરીએ છીએ તેની ગતિ આપણે જાણીએ છીએ. વાસના અને ભાવનાના ઉદ્દામ આવેગોની સાથે આપણો પરિચય છે, પરંતુ જીવનની ગતિનો પરિચય ન તો વાસના કરાવે છે, ન વિચાર. જીવનની ગતિ તો ક્યાંક બીજે છે. મનની ક્રિયાઓ શાંત થયા પછી સમગ્રતામાં નિહિત રહેલ જીવનની ગતિ પ્રગટ થવા માંડે છે. એક વૃક્ષ છે. એને આપણે બંને જોઈએ છીએ, અને સમગ્રતામાં પ્રતિષ્ઠિત વ્યક્તિની ચેતના એને જુએ છે ત્યારે એ વૃક્ષ ભિન્ન થઈ જાય છે. આપણે એનું થડ જોઈશું. શાખાઓ જોઈશું અને વધારેમાં વધારે એનાં ફૂલ અને ફળ જોઈશું, પરંતુ પેલી વ્યક્તિને તો એનાં મૂળોનો પંચમહાભૂતો સાથેનો સંબંધ પણ દેખાઈ રહ્યો છે. એ જ પંચમહાભૂત આપણા શરીરમાં કામ કરી રહ્યા છે. તેમની સંવાદિતા જ નહિ, પરંતુ એમની એકતાનો પ્રત્યય એના એક દૃષ્ટિક્ષેપમાં જીવી ઊઠે છે.

## એકતા

કેવી રીતે કહ્યું કે એકતાને જીવવી એ ધર્મનો મર્મ છે. માનવને એ કરવું પડશે. વિજ્ઞાન એને બાહ્ય એકતા ભણી ઘસડીને લઈ જઈ રહ્યું છે. આપ જોતાં જ હશો કે પાછલા દસ-પંદર વર્ષોમાં વિજ્ઞાન આપને ક્યાં લઈ આવ્યું છે ! સમસ્ત માનવજાતિને એક પરિવારના રૂપમાં બદલી નાખી છે. કોઈ

રાષ્ટ્ર એકબીજા વિના જીવી નથી શકતું. નાનકડું ઘાના હોય, નાઇજીરિયા કે કેન્યા હોય અથવા તો નાનું શું વિયેટનામ હોય. અમેરિકા અને ચીનના જીવનને માટે, દુનિયામાં એમની પ્રતિષ્ઠાને માટે, આ સર્વના સંબંધો એટલા જ મહત્ત્વના છે કે જેટલા ચીન અને અમેરિકાના પરસ્પરના સંબંધો મહત્ત્વના છે. વિજ્ઞાને આવો એક અજબ સંદર્ભ નિર્માણ કર્યો છે.

સંદર્ભનું આ જ સમૂળું પરિવર્તન અંદર પણ થઈ જાય અને એકતામાં જીવવું માણસ શીખી લે તો વિજ્ઞાન અજ્ઞાનના હાથમાં નહિ જાય, આત્મબોધના હાથમાં આવશે. અજ્ઞાનના હાથમાં પડીને વિજ્ઞાન નાહકનું બદનામ થઈ રહ્યું છે અને હિંસાનું સાધન બની રહ્યું છે. પછી તો એ જ વિજ્ઞાન અમૃતમય જીવન પેદા કરનારું, ગરીબી-અમીરી મિટાવીને મનુષ્યને સરખો અને સંસ્કૃત માનવ બનાવવાનાં બધાં જ સાધન એકત્ર કરનાર મિત્ર બની જશે. શત્રુ હોય કે મિત્ર હોય પણ એની પાછળ આપણે પડી નથી શકતા. વિજ્ઞાનને શત્રુ યા મિત્ર બનાવવું એ આપણા હાથની વાત છે. એટલા માટે મેં કહ્યું કે સંઘર્ષ ચેતનામાં છે.

## ઊર્જાની સમગ્રતા

મનના મૌનમાં ચેતનાના નવા પરિમાણનો જન્મ છે, જ્યાં ઊર્જા પોતાની સમગ્રતામાં ઉપસ્થિત રહે છે. ત્યાર પછી આપણે જ્યારે દૃષ્ટિ કરીશું, ત્યારે એ દૃષ્ટિ આપણા હેતુની, પ્રયોજનની, સ્વાર્થ અથવા પ્રભુત્વની લાલસાની નથી હોતી. ત્યારે એ સમદૃષ્ટિ હોય છે. એની સુષમાને લોક પ્રેમ કહે છે. એની સૌરભને અહિંસા કહે છે. જ્યારે એ વ્યવહારમાં ચરિતાર્થ થાય છે ત્યારે એ બંધુતા કહેવાય છે. ત્યાં ગયા વિના આપણો છુટકારો નથી. ચેતનાના આ નવા પરિમાણમાં જેમ દર્શન બદલાઈ જાય છે, તેમ પ્રતિસાદ પણ બદલાઈ જાય છે. પછી પ્રતિક્રિયાની જરૂરત નથી રહેતી કારણ કે પ્રતિસાદ જાગી ઊઠે છે.

હવે અહીં વિષયને સમેટી લેવો જોઈએ. આપ એટલી બધી શાંતિ અને પ્રેમથી મારી વાત સાંભળતા રહ્યા કે મારા હૃદયમાં જે ગૂઢતમ ભાવો પડ્યા હતા તેમને સમેટીને આપની સમક્ષ મૂકી દીધા. મહારાષ્ટ્રના મહાન સંત જ્ઞાનેશ્વર કહે છે કે શ્રોતા વિના વક્તા હોય નહીં.

## વિદ્રોહ અને ક્રાંતિ

આપણે પ્રારંભ ત્યાંથી કર્યો હતો કે સંસારમાં આજે જે ઊથલપાથલ છે, બેચેની અને અસંતોષ છે તે દિવ્ય છે. આ તોફાન અને આંધી મહા આશાસૂચક છે, કારણ કે મૂલ્યો ગગડી રહ્યાં છે, જીવનપદ્ધતિઓનો લોપ થઈ રહ્યો છે, નવા સર્જનની માંગ છે. આ બધા દેશોનાં યુવક અને યુવતીઓ માત્ર વિદ્રોહમાં ક્યાં સુધી આનંદ પામશે ? એઓ છે તો આખરે અમૃતનાં સંતાન. જશે ક્યાં ? વિદ્રોહથી ક્રાંતિ સુધીની મજલ બાકી છે, જે એમણે કાપવાની છે. જ્યારે એમને ખબર પડશે કે વિદ્રોહથી માત્ર બાહ્ય પરિવર્તન થશે અને બાહ્ય પરિવર્તનથી આંતરપરિવર્તન થશે તે અનિવાર્ય નથી, ત્યારે એ મજલ એમનાથી કપાશે. આવું ન હોત તો સામ્યવાદી દેશોની સાંસ્કૃતિક સમસ્યાઓ ઉપર પુસ્તકો લખવાં ન પડત. આવું ન હોત તો ઉત્પાદનના પ્રેરણાસ્રોત (Incentive of production)ને માટે આપણા જિતાંસ સાહેબને યુગોસ્લોવિયામાં બોલવું ન પડત. 'ન્યૂ ક્લાસ' નામનું પુસ્તક ન લખવું પડત, કે ભાઈ, વર્ગવિહીન સમાજ બનાવવા ગયા તો આપણે વ્યવસ્થાપકશાહીનો એક નવો વર્ગ ઊભો કરી દીધો. બાહ્ય પરિવર્તનનો હું નિષેધ નથી કરતી, પરંતુ બાહ્ય પરિવર્તન માત્ર પ્રતિબિંબ હોઈ શકે છે. માનવીય સંબંધોને બદલવાનું સ્થાન છે આપનું અને મારું હૃદય, આપની અને મારી ચેતના. એટલા માટે જ વિદ્રોહથી ક્રાંતિ સુધી જવાનો જે યુગ છે તેનો ઉષાકાળ જોઈ રહી છું.

## અમેરિકામાં સ્ત્રી-મુક્તિ આંદોલન

ડિસેમ્બરમાં કેલિફોર્નિયામાં હતી. ત્યાં અમેરિકાનું સ્ત્રી-મુક્તિ આંદોલન (Women's Liberation Movement) ચાલે છે. એમણે બર્કલે વિશ્વવિદ્યાલયમાં મને આમંત્રિત કરી હતી. ત્યારે મેં કહ્યું હતું કે અમેરિકામાં પણ સ્ત્રીઓ છે એની મને ખબર ન હતી. અહીં તો માત્ર પુરુષોની અનુકૃતિઓ દેખાય છે. જ્યારથી આવી છું ત્યારથી સ્ત્રીઓ જોવા નથી મળતી. સ્ત્રીઓ મુક્તિ આંદોલન ચલાવીને પુરુષોનાં મૂલ્યોનું જે માળખું છે તેને પકડે છે, પછી રડે છે કે રાજનીતિમાં સમાન ભૂમિકા અને સ્થાન નથી મળતાં અને આર્થિક ક્ષેત્રમાં પણ સમાન માન્યતા નથી મળતી. પુરુષોનાં મૂલ્યોનું માળખું જ્યાં તમે સ્વીકાર્યું, ત્યાં તમારા આ પુરુષવિરોધી આંદોલનનો કોઈ આધાર

નથી રહેતો. જેમને પોતાના માતૃત્વની લજ્જા આવે છે, જે આખું જીવન યૌવના રહેવાનું પસંદ કરે છે તે આ પ્રકારનું આંદોલન કેવી રીતે કરી શકે ? એટલે મેં કહ્યું કે સ્ત્રીઓ છે ક્યાં ? સ્ત્રીઓને દેખાડો તો તેમની મુક્તિની વાત કરું. મેં જોયું કે આ વાત પર એઓ ઘણી નારાજ થઈ. દશ-પંદર રાજ્યોમાંથી બહેનો આવી હતી. મોટી પરિષદ હતી. દોઢ દિવસમાં એ વિશ્વવિદ્યાલયની છોકરીઓમાં એક એવું મંથન નીપજ્યું કે હા ભાઈ, વાત તો સાચી છે.

**સનાતન દેશ ભારત**

આ દશા અમેરિકાનાં છોકરા-છોકરીઓની છે. આ હિપ્પી અને બીટનિક્સ સુધી જવાની જરૂર નથી. એ લોકો તો આખી અમેરિકન જીવનપદ્ધતિનાં મૂળિયાં ઉખાડવા બેઠાં છે, અને ઉખાડીને જંપશે. આ દેશમાં પણ આજે એવો અવસર છે. પરંતુ યુરોપ, અમેરિકા અને જાપાનની કામ કરવાની પદ્ધતિઓ અહીં કામ નહીં લાગે. આ સનાતન દેશ છે. અહીં કામ કંઈક બીજી રીતે જ થાય છે. આ ધર્મપ્રાણ અને અધ્યાત્મપ્રવણ દેશ ધર્મ અને અધ્યાત્મની ભાષા સમજશે, જો પ્રામાણિકતાપૂર્વક ધર્મ અને અધ્યાત્મ જીવનારી વ્યક્તિઓ ઊભી થશે તો.

એટલા માટે જ ચેતનાની સમગ્ર ક્રાંતિની વાત આજે કાશી હિન્દુ વિશ્વવિદ્યાલયમાં કહેવાનો અવસર મળ્યો છે એનાથી ઉપકૃત છું. વાઈસ ચેન્સેલર સાહેબ અને શ્રદ્ધેય આચાર્ય દ્વિવેદીજીના મોટા ઉપકાર છે, કે એમણે તમારી અને મારી વચ્ચે આ અવસર ઉપસ્થિત કરી દીધો. મનના મૌનની જે વાત કહેવાઈ તે હજુ પૂરી નથી થઈ. પ્રભુની પાસે નિતાંત નમ્રભાવે પ્રાર્થના છે, **"तव चरणे प्रणता वयमिति भावय हे, कुरु कुशलं प्रणतेषु ॥"**

•

# 3

# પ્રાપ્તિ અને ઉપલબ્ધિ

પ્રભુની અસીમ કૃપાથી ફરી એકવાર આપ લોકોની વચ્ચે આવવાનું થયું છે. અહીં ચાર દિવસ સુધી સત્સંગ ચાલશે. સાથે બેસીશું. કેટલીક વાતો શબ્દોની મારફત થશે, કેટલીક ઉપસ્થિતિની મારફત ઘટિત થશે અને કેટલીક પ્રભુકૃપાથી પોતે જ ઉદ્‌ઘાટિત થશે. સ્નેહીઓના મિલનમાં આવું જ થાય છે.

## આતમસંવાદ

સંસારના બીજા દેશોમાં પાછલાં પાંચ-છ વર્ષોથી ધ્યાનશિબિર થતાં રહ્યાં છે. ભારતમાં આ પહેલું વિશ્વવિદ્યાલય છે જેમાં, આ પ્રકારનો ઉપક્રમ થયો છે. પ્રસન્ન છું કે સંખ્યા થોડી છે. સંખ્યા જીવનનું એક પરિમાણ છે. સંખ્યા વક્તા અને શ્રોતાની વચ્ચે સંબંધનું સ્વરૂપ નિર્ધારિત કરે છે. મોટી સંખ્યા હોય તો સંખ્યાને કારણે જ વક્તા અને શ્રોતાની વચ્ચે અનુપ્રસ્ત અને અનુલંબ (Horizontal and Vertical) અંતર આવી જાય છે. નિકટતાનું વાતાવરણ ઉપલબ્ધ થઈ શકતું નથી અને સંવાદ થવા પામતો નથી. નિરૂપણ અને પ્રતિપાદન કરવું પડે છે. અધ્યાત્મમાં એમને અવકાશ નથી. તત્ત્વજ્ઞાનની વાતમાં અને શાસ્ત્રોની વાતમાં નિરૂપણ-પ્રતિપાદન અનિવાર્ય હોય છે. પણ આ કોઈ તત્ત્વજ્ઞાનીઓની સભા નથી. અહીં ધર્મચર્ચા થવાની નથી. અહીં તો જીવનના વિષયમાં આત્મસંવાદ થશે.

## જન્મ અને જીવન

અધ્યાત્મ છે જીવન જીવવાની કલા અને જીવવું એક મહા મોટો પુરુષાર્થ છે. જીવન મળ્યું એટલે જીવવાનો અવસર મળ્યો. જન્મ અને મૃત્યુ એ બે બિંદુઓની વચ્ચે જે અવસ્થા ઉપલબ્ધ છે તેમાં ચાહે તો જીવી લઈએ અને ચાહે તો વહી લઈએ. રુચિનો પ્રશ્ન છે. જન્મ મળ્યો એટલે જીવવું થાય છે એ ભ્રમ તૂટી જવો જોઈએ. જન્મ થયો, શરીર મળ્યું, મન મળ્યું, શરીર સંસ્કારી થયું અને બુદ્ધિ પણ સંસ્કારી થઈ. પરંતુ સંસ્કારિત કાયાનો વ્યવહાર અથવા સંસ્કારિત મનનો વ્યાપાર જીવનનો આશય નથી. જીવનની ગતિ નથી. જીવન ઇન્દ્રિયોના વિકારો અને આવેગો પર આરૂઢ થઈને ચાલતું નથી. વિચારોના આવેશ અને અભિનિવેશ પર સવાર થઈને પણ ચાલતું નથી. જીવન એક સ્વયંભૂ ગતિ છે. એ ગતિને ઓળખવી અને એમાં શામિલ થઈને, એને પ્રાપ્ત કરીને નહિ, એમાં વિસર્જિત થઈને નહિ, એમાં શામિલ થઈને ચાલવું એ મોટા પુરુષાર્થનું કામ છે.

## જીવન સાથે પરિચય

દૃષ્ટિને નિર્મળ બનાવવા માટે પહેલાં આપણે સમજી લઈએ કે જીવન સાથે આપણો પરિચય નથી. જન્મની ઘટના સાથે ઓળખાણ છે, પણ તેય પરોક્ષ. બીજાઓનો જન્મ જોઈને પોતાના જન્મનું આપણે અનુમાન કરીએ છીએ. સ્વાયત્ત અનુભૂતિ આપણને નથી. જન્મ-મૃત્યુને જોનારા વિરલ છે. એને જોઈ શકાય છે, પરંતુ એ ભિન્ન વિષય છે. મૃત્યુના વિષયમાં પણ બેહોશી અથવા તંદ્રાની અવસ્થામાંથી આપણે પસાર થઈ જઈએ છીએ. મૃત્યુને જોવું અને જાગૃતિપૂર્વક તેમાંથી પસાર થવું બનતું નથી. જન્મ પામવું કંઈ જીવવું નથી. જન્મથી મૃત્યુ સુધી ઘસડાતા ચાલ્યા જવું એ જીવન નથી. બાહ્ય આવેગો અને વિકારોને કારણે ઢસડાતા ચાલ્યા જવું એ પણ જીવન નથી.

## ભ્રમોનું તૂટવું

ભ્રમોનું તૂટવું તે બોધનો પ્રારંભ છે. આપણને જીવવાની ખબર છે એ ભ્રમ પહેલાં તૂટી જવો જોઈએ. ભ્રાંતિઓની જાળ જ્યારે તૂટે છે ત્યારે કષ્ટ થાય છે, કારણ કે એમને પાળી-પોષીને આપણે પાસે રાખી હોય છે. કોઈ કહે કે જીવનની ખબર નથી તો આઘાત પહોંચે છે. અધ્યાત્મ છે દૃષ્ટિને નિર્ભ્રાન્ત

કરવી. ચિત્તને નિશ્ચિન્ત અને શરીરને નિરામય બનાવવું એ પહેલી વાત છે. આ ત્રણે હોય તો સંવાદ આગળ ચાલશે.

## કુતૂહલ અને જિજ્ઞાસા

કુતૂહલ બુદ્ધિનો ધર્મ છે. જિજ્ઞાસા જુદી વસ્તુ છે. કુતૂહલમાં જાણવાની ઇચ્છા રહે છે. કંઈક આગળ વધીએ તો જાણકારી પ્રાપ્ત કરવાની, કંઈક કમાવાની અભિલાષા રહે છે. અધ્યાત્મમાં જાણવાનું અને પ્રાપ્ત કરવાનું કશું જ નથી. અનુભૂતિ પામવી એ મનના ક્ષેત્રની લીલા છે. મન એટલે ચેતન - અચેતન - અવચેતન મન. અનુભૂતિ ઘટિત થાય છે મનના ક્ષેત્રમાં. અતીન્દ્રિય અનુભૂતિથી અનોખો આનંદ અને સુખના સ્પંદન થાય છે. આ અતીન્દ્રિય સુખોની શોધમાં માનવ ભટકી રહ્યો છે, અહીંયાંને અહીંથી અધિક પશ્ચિમમાં. જાણવાની ઇચ્છામાંથી દર્શનશાસ્ત્રનો જન્મ થયો. પામવાની ઇચ્છામાંથી યોગ અને તંત્ર વગેરે વિજ્ઞાન ખીલ્યાં. માનવજીવન પર ખીલેલાં આ બધાં પુષ્પો છે. અનુભૂતિને પામવી એ અધ્યાત્મ નથી. જીવનની સમગ્રતા એમાં નથી.

જાણવા અને પ્રાપ્ત કરવા માટે દ્વૈત અને દ્વંદ્વ જોઈએ. હું છું અને હું જાણીશ. જાણવાની કોઈ પદ્ધતિ અથવા પ્રક્રિયા છે. એનો વિનિયોગ હું કરીશ, એમાં સમય ખરચીશ. સમય પોતાની સાથે અવકાશને અચૂક લાવે છે. કારણ કે સમય અને અવકાશ એક જ તત્ત્વનાં બે નામ છે, બે અંગ છે. જાણવાની જ્યાં ઇચ્છા થઈ ત્યાં જીવન વિભાજિત થયું. 'હું અહીં છું. જીવન મારાથી બહાર છે. એને હું જાણીશ, જાણવાની કલા હાંસલ કરીશ.' કુતૂહલ આવા પ્રકારની જટિલતા પેદા કરી લે છે.

## પ્રાપ્તિ અને ઉપલબ્ધિ

જ્યાં પ્રાપ્ત કરવાની ઇચ્છા થઈ, પછી એ ભૌતિક સુખ હોય કે અતીન્દ્રિય અનુભવ હોય, પરંતુ ત્યાં દ્વૈત છે, દ્વંદ્વ છે, તણાવ છે. 'અનુભૂતિનો સંગ્રહ કરીશ; વિચાર અથવા સિદ્ધાંતનો નહિ, તત્ત્વજ્ઞાનનો પણ નહિ, અંદરનું ઐશ્વર્ય વધારીશ' - એમાં જ દ્વંદ્વ છે અને તણાવ છે. તણાવ વિના પામવાનું બનતું નથી. જે પ્રાપ્ત નથી તેને પ્રાપ્ત કરવું એટલે પ્રાપ્તિ "**अप्राप्तस्य प्रापणम्**" અને અધ્યાત્મ ઉપલબ્ધિનો વિષય છે; પ્રાપ્તિનો નહિ. ઉપલબ્ધિ થાય છે, પ્રાપ્તિ કરાય છે. પ્રાપ્તિ કરનારને ભાન છે કે હું પ્રાપ્ત કરી રહ્યો છું. ઉપલબ્ધિ એક ઘટના છે.

વ્યક્તિના હાડ-માંસમાં પડેલી ચેતનાના રશ્મિનો જ્યારે હાડ-માંસની બહાર નિરંતર ઉપલબ્ધ વિશ્વચેતનાની સાથે સંયોગ થાય છે ત્યારે એમાંથી ઉપલબ્ધિ ઘટિત થાય છે. આ મનુષ્યના પુરુષાર્થનો વિષય નથી. ઉપલબ્ધિનો સંગ્રહ નથી થઈ શકતો. અનુભૂતિઓ અને વિચારોનો સંગ્રહ થાય છે.

ઉપલબ્ધિમાં કોઈ એકમ જીવનથી જુદું નથી હોતું. ઉપલબ્ધિ સમગ્રતાની અવસ્થામાં થાય છે. મનુષ્ય ઉન્મુખતાની અવસ્થામાં રહે એટલે અસીમ સંવેદનશીલતાની સાથે જીવન પ્રતિ ઉન્મુખ રહે, ત્યારે જીવનની સાથે સંયોગ એટલે જીવનની ઉપસ્થિતિ અને વ્યક્તિની ઉન્મુખતાનું મિલન થવામાં જ ઉપલબ્ધિ ઘટિત થાય છે. ઉપલબ્ધિ એ મિલનની નીપજ છે, એ એક મધુર સંગીત છે.

સંબંધમાં બંધન છે. સંબંધનું નિર્માણ યોગ અથવા તંત્રમાં જ્ઞાન અથવા ભાવથી કરી શકાય છે. ત્યાં બંધન છે, ત્યાં દ્વૈત નિહિત છે. એકતાના પ્રત્યયમાં જેમ પાણીમાં મીઠું અથવા સાકર મળી જાય તેમ દ્વૈત ભળી-ગળી જાય છે. જીવન જીવવું એ ઉપલબ્ધિનો વિષય છે. અધ્યાત્મ ઉપલબ્ધિનો વિષય છે.

## દૃષ્ટિની નિર્મળતા

પહેલાં દૃષ્ટિને નિર્મળ કરવી પડશે. જ્યારે દૃષ્ટિ નિર્ભ્રાન્ત થશે અને ચિત્ત સ્વસ્થ થશે, તો ત્યાં અભિલાષા, આકાંક્ષા, વાસના અને મહત્ત્વાકાંક્ષાના વાદળો નહિ ઊઠે. સત્સંગમાં શા માટે જઈએ છીએ ? 'બહારનું બધું પ્રાપ્ત કરી લીધું, હવે ચાલો અંદરનું પ્રાપ્ત કરીએ. અનુભૂતિઓ મળશે, અતીન્દ્રિય શક્તિઓ ખીલશે. આજે દેહભાવ છે. કાલ બ્રહ્મભાવ ધારણ કરીશ, સાક્ષિત્વ ધારણ કરીશ.' ઘણી અટપટી વાતો છે. પરંતુ આવી મુક્તિ અને આવું નિર્વાણ બંધન કરતાં પણ વધારે બાંધે છે. સાક્ષિત્વનો ભાવ જે ધારણ કરવો પડે છે, તેને અત્યંત સૂક્ષ્મ સ્તર પર અહંકારનો જ ભાવ ધારણ કરવો પડે છે. મુક્તિનું ભાન પણ બંધન છે. લોખંડની જંજીર ભલે ન હોય પણ રેશમનો મુલાયમ દોરો છે જે દેખાય કે ન દેખાય, અવ્યક્ત જેવો લાગે, પણ છે ખરો, અને તે બંધન જ છે.

તો અહીં નિર્ભ્રાન્ત દૃષ્ટિની સાથે સાથે ક્યાંય ગંતવ્ય નથી, કંઈ પ્રાપ્તવ્ય નથી, કશું કર્તવ્ય નથી; એનો બોધ થશે ત્યારે ચિત્ર અનાયાસે શાંત થઈ જશે, વૃત્તિનિરોધ ઉપલબ્ધ થશે.

દમન-પીડનનો માર્ગ હોય કે ઉદાત્તીકરણનો હોય, વાત એની એ જ છે. ઉદાત્તીકરણ પણ નિગ્રહનો જ પ્રકારાંતર છે. સહજતા વિના જે કંઈ છે તે બધું અશુદ્ધ, અમંગલ, અભદ્ર અને અસુંદર છે.

## ચિત્તની અક્ષુબ્ધ અવસ્થા

કશું પ્રામવ્ય નથી, ગંતવ્ય નથી, કર્તવ્ય નથી - એ બોધની સાથે એક નિઃસ્પંદ, નિસ્તરંગ અવસ્થા ચિત્તમાં જાગ્રત થશે. એ એક રાસાયણિક અવસ્થા છે. દૃષ્ટિ નિર્ભ્રાન્ત થતાં વ્યક્તિને એક અક્ષુબ્ધ અવસ્થા પ્રાપ્ત થાય છે, જેમાં તરંગ અને સ્પંદન બંને હોતાં નથી.

વિચાર, સંસ્કાર, સ્મૃતિ એ સર્વનાં સ્પંદન ઊઠતાં રહે છે. આપણા શ્વાસોચ્છ્વાસની સાથે, લોહીના અભિસરણની સાથે, સમગ્રતાની સાથે આ સ્પંદનો શું ઘટિત કરે છે ? ક્ષોભ પેદા કરે છે. મગજમાં સ્પંદનોનું જાગરણ અને એમનું સંચારણ થતાં આપણી સમગ્રતામાં શું થાય છે ? વિકૃતિ કહું તો ક્ષમા કરજો. જ્યાં સુધી અંદર વિચાર, વિકાર, સ્મૃતિ અને અનુભૂતિનાં સ્પંદન ઊઠતાં રહે છે, ત્યાં સુધી જીવનની સાથે સીધો સ્પર્શ અથવા સંયોગ ઘટિત થતો નથી. ઉપલબ્ધિ ઘટિત થઈ શકતી નથી.

ચિત્તનું સ્વસ્થ થવું એટલે એની નિષ્કંપ અને નિઃસ્પંદ અવસ્થા થવી. આખા શરીરની જે રાસાયણિક અવસ્થા થશે તેમાં અક્ષુબ્ધતા રહેવાની. એક તદ્દન જુદી અવસ્થા જાગ્રત થશે. અહીં સુધી મનુષ્ય જઈ શકે છે. અહીં સુધી જો એ પોતાની જાતને લઈ જાય તો આગળ એને કશું કરવું પડતું નથી. પછી ઘટના પોતે બને છે. ત્યારે ધ્યાનાવસ્થાનો પ્રારંભ થાય છે.

ધ્યાનના નામથી જીવનના જે પરિમાણનો અહીં જે ઉલ્લેખ કર્યો હતો એને જ આગળ લઈને ચાલવું છે. એ અવસ્થામાં મનુષ્યની સાથે શું શું ઘટિત થાય છે તે જોવું છે. ધ્યાન કોઈ શારીરિક, માનસિક, બૌદ્ધિક ક્રિયા અને પ્રક્રિયા નથી. કોઈ અનુભૂતિ નથી; એ તો સમગ્રતાની એક અવસ્થા છે. આ વાતને જરૂર આપણે સમજી લઈએ.

## પશ્ચિમમાં યોગસૂત્રોનું દોહન

હમણાં જ પ્રકાશિત થયેલો ગ્રંથ 'Psychic Research Behind the Iron Curtain' આપે જોયો છે કે નહિ તેની મને ખબર નથી. એ ગ્રંથમાં

બલ્ગેરિયાના Research Institute for Suggestology and Suggestopaedia નામની સંસ્થાનો ઉલ્લેખ છે. એ સંસ્થામાં શિક્ષણની ગતિ પચાસગણી વધારી દેવામાં આવી છે. ત્યાં વૈજ્ઞાનિક દૃષ્ટિથી યોગપ્રક્રિયા ઉપર શોધ ચાલી રહી છે. એ શોધનો આધાર યોગસૂત્ર છે. પશ્ચિમના જુદા જુદા દેશોમાં આજે યોગસૂત્રોનું જેટલું દોહન ચાલી રહ્યું છે, એનું થોડું પણ વિવરણ અહીં જો સંભળાવું તો આપ અવાક્ રહી જશો.

એ સંસ્થામાં ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ગણિત અને ભાષાઓ વગેરે બધા જ વિષયો ભણાવવામાં આવે છે. સમાજના જુદા જુદા વર્ગમાંથી વિદ્યાર્થીઓ લેવામાં આવે છે. એમના માનસિક વિકાસ અથવા ઉંમરના વિષયમાં પણ સમતાની ચિંતા કરવામાં આવતી નથી. એક જ વર્ગમાં સૌને નિરાંતે બેસાડવામાં આવે છે. મંદ પ્રકાશ અને શાંત વાતાવરણ હોય છે. પશ્ચિમની શિષ્ટ સંગીતની રેકોર્ડ મંદ મધુર સ્વરોમાં વાગતી રહે છે. ત્યાં શિક્ષક ભણાવે છે. વિદ્યાર્થીઓને કહેવામાં આવે છે, 'શીખો નહિ, બુદ્ધિને અજમાવો નહિ, તર્ક અને અનુમાનના દોરડાને પકડીને ચઢો નહિ. અહીં તમે કશું પ્રાપ્ત કરવા નથી આવ્યા. વિશ્રામ કરો. કશું કરવાનું નથી.' વિદ્યાર્થીઓ આંખો ખુલ્લી રાખીને અથવા બંધ કરી બેઠા છે. શિક્ષક બે કલાક સુધી ભણાવે છે. એમનું કહેવું છે કે સંસ્કારિત મગજ (Conditioned Brain) થી સંબંધ સ્થાપિત કર્યા વિના એને પેલે પાર વિદ્યાર્થી સાથે સંપર્ક કરવામાં આવે છે. મન-બુદ્ધિમાં સંસ્કારોનો જે સમુચ્ચય પડ્યો છે, તેને છોડી દેવામાં આવે છે.

ચેતનાનો એવો કોઈ અંશ પડ્યો છે; જે સંસ્કારિત નથી એની સાથે એઓ સંપર્ક સાધે છે. પરીક્ષા થતાં એનાં ઉત્સાહજનક પરિણામો આવ્યાં છે. બે વર્ષનો અભ્યાસક્રમ ત્રણ અથવા ચાર અઠવાડિયામાં પૂરો કરાય છે. એમનું કહેવું છે કે છ વર્ષની ઉંમરથી શરૂ કરીને સોળ વર્ષની ઉંમર સુધીમાં અનુસ્નાતક સુધીનું શિક્ષણ પૂરું થઈ જવું જોઈએ. આજે શિક્ષણમાં જિંદગીનો મોટો ભાગ વીતી જાય છે, એને એ લોકો ઘટાડવા માંગે છે. પ્રત્યક્ષ શિક્ષણ એ લોકો આપવા માગતા નથી, કારણ એમાં હિંસા છે.

વિશ્વવિદ્યાલયમાં પ્રાધ્યાપકોની સાથે બેસીને ધ્યાનાવસ્થાની ચેતનાના પરિમાણની વાત કોઈ ધાર્મિક અને સાંપ્રદાયિક ઇચ્છાથી નહિ અથવા કોઈ પ્રચારની ઇચ્છાથી કરતી નથી. એવું લાગે છે કે કેટલાંક તો જિજ્ઞાસુ હશે કે જેમને લાગતું હશે કે દેશની આજે જે હાલત છે તે હવે ચાલી શકે તેમ નથી.

## સમસ્યાઓનું નિરાકરણ

અસમતોલ, વિકૃત અને ભ્રાન્તિપૂર્ણ ચિત્ત લઈને આપણે કઈ સમસ્યાનું નિરાકરણ કરી શકીશું ? કયે છેડેથી સમસ્યાને પકડીશું ? રાજનૈતિક, આર્થિક કે ધાર્મિક, ક્યાં પકડશો ? પકડનાર છે કોણ ? ક્યાંથી લાવશો ? સમસ્યાના નિરાકરણને માટે જે માણસો જોઈએ તે ક્યાં છે ?

સમસ્યાઓના નિરાકરણનો પ્રયાસ પશ્ચિમમાં થાય છે. બે મહાયુદ્ધો આવ્યાં અને ગયાં. આપણે ત્યાં પણ જો એવો પ્રયાસ કરવો હોય તો સો-દોઢસો વર્ષ ભારતને ખોવાં પડશે. વિચારોનો અને સિદ્ધાંતોનો નશો કરાવીને સમાજરચના અને અર્થરચના બદલવાના ઘણા પ્રયાસ થયા છે. પરંતુ સમસ્યા ઊકલતી નથી, નિરાકરણ થતું નથી. સમસ્યાને જોનાર અને ઉકેલનાર માણસ ખોવાઈ ગયો છે. એ ક્યાંય મળતો નથી. જે આંધી અને તોફાન આજે ચાલી રહ્યાં છે તેમાં મુઠ્ઠીભર માણસો પણ જો શિક્ષણના ક્ષેત્રમાં એવાં હોય કે જેઓ પગ જમાવી રાખે, મૂલ્યોમાંથી ઊખડી જાય નહિ, જીવનથી નાસે નહિ અને સ્થિર ઊભા રહે ત્યારે આ સમસ્યાઓનો નિરાકરણની વાત આગળ ચાલશે.

## ધ્યાનાવસ્થા - શિક્ષણક્ષેત્રનો વિષય

એટલા માટે ધ્યાનાવસ્થાની વાત આજની પરિસ્થિતિમાં આવશ્યક છે. આ શિક્ષણક્ષેત્રનો વિષય છે. તન અને મનનો પરિચય, મનની પેલે પારના જીવનના પરિમાણની વાત એ આખો વિષય શિક્ષણક્ષેત્રનો છે. એટલા માટે આ વાતને નિષ્ણાતોના ધ્યાન પર લાવવા માગું છું. હું કંઈ શિક્ષણ-નિષ્ણાત નથી. સામાન્ય માણસ છું. જીવનમાં રસ છે. જીવી રહી છું. બીજી વાત સાથે પ્રેમ નથી. ક્યાંય રોકાવા માટે, અટકવા માટે વખત નથી. લાગે છે કે કોઈ તો આ વાતને પકડશે. મારા કરતાં વધારે સમજદાર વ્યક્તિ એને પકડી લેશે.

જે પરંપરાગત શિક્ષણ આજે દેશમાં ચાલી રહ્યું છે તેણે કશું કર્યું નથી. લોર્ડ મેકોલેવાળી જે શિક્ષણપદ્ધતિ આ દેશમાં ચાલતી આવી છે તેનાથી હવે ચાલી શકે તેમ નથી. શિક્ષણના આશય વિશે પૂર્વની વાતો નહિ તો પશ્ચિમની લઈ લીધી. પરંતુ એનાથી કશો ફેર પડવાનો નથી. આ બધું હઠાવ્યા વિના અને અધ્યાત્મના અધિષ્ઠાન પર શિક્ષણના અભિનવ સંકેત લાવ્યા વિના આજે બીજો ઊગરવાનો ઉપાય નથી.

## સૃષ્ટિના સૂક્ષ્મ સ્તરો પર પ્રયોગ

રશિયાની એક બહેને 'જડ પદાર્થોના મન'ની સાથે માનવનું મન કેવી રીતે સંવાદ કરી શકે છે તેના પ્રયોગ કરીને દેખાડ્યા છે. જડની સાથે એ વાત કરે છે, એની પાસે કામ કઢાવી લે છે. મોસ્કોમાં એક આંતરરાષ્ટ્રીય પરિષદમાં એમણે આ પ્રયોગ કરી દેખાડ્યો છે.

દૂર-સંવેદન (Telepathy) પર પ્રયોગો ચાલી રહ્યા છે. આ સર્વથી અધિક ઝડપી ગતિ વડે સંદેશ મોકલવાનું માધ્યમ છે, એવું એ લોકોનું કહેવું છે. માણસના સ્થૂલ શરીરની અંદરનાં બીજાં પાંચ શરીરો સુધીના ફોટા એમણે લીધા છે. આપણી પાસે આ બધુંય ઉપલબ્ધ હતું. પરંતુ આપણા લોકોએ વાતને બીજે છેડેથી પકડી હતી. આજે તો માત્ર નામ અને શબ્દ શેષ રહી ગયા છે. જીવનનું રહસ્ય સમજવા માટે, જીવન જીવવા માટે શરીર અને મનને પેલે પાર જવાની ઘણી આવશ્યકતા છે.

### સંવાદ

અહીં ચાર દિવસ સુધી સંવાદ ચાલશે; પ્રતિપાદન અથવા નિરૂપણ નહિ. અહીં કોઈ સિદ્ધાંત લઈને આવ્યું નથી. કોઈના મતનું પરિવર્તન કરવા અથવા કોઈને વાત મનાવવા માટે અમે આવ્યાં નથી. જેટલી પ્રાંજલતાથી હું ઉપસ્થિત રહીશ તેટલી જ પ્રાંજલતાથી આપ ઉપસ્થિત રહેશો એવી આશા છે. ત્યારે અહીં શ્રવણ થશે, દર્શન થશે અને સંવાદ થશે.

## સાર શબ્દની દોરી

કોઈ ઔપચારિક ઉપકાર માનવાની આવશ્યકતા નથી. હમણાં આપણે ભાવની ભવ્યતા વ્યક્ત કરતું એક અત્યંત સમર્પક ભજન ભાઈ બળવંતરાય ભટ્ટ પાસેથી સાંભળ્યું : 'સાર શબ્દની દોરી પકડીને હંસા પેલે પાર' કેવી રીતે જઈ શકે છે - એ શ્રવણનો મર્મ જાણે એમણે ખુલ્લો કરીને આપણી પાસે મૂકી દીધો. ભાવમયતાથી ભીંજાયેલું એમનું ભજન હંમેશાં બહુ આનંદ આપે છે. એવા જ સાર શબ્દની દોરી પકડીને તમે અને અમે ચાર દિવસ સુધી ચાલીશું.

•

# ૪

# બુદ્ધિની પરાયત્તતા

જેને આપણે શિબિર કહી શકીએ તેનું આયોજન અહીં થઈ શક્યું નથી. કારણ કે શિબિરમાં સહજીવનને કાજે સાથે રહેવાનું હોય છે. સવારથી સાંજ સુધી સાથે રહીએ છીએ ત્યારે સત્યને ઉદ્‌ઘાટિત થવાનો અવસર આપીએ છીએ.

### પ્રભુની આતુરતા

સત્યની ઉપલબ્ધિ મનુષ્યના પુરુષાર્થનો વિષય નથી. ઉન્મુખતા અથવા જિજ્ઞાસા હોય તો સત્ય પોતાની મેળે રહસ્ય ખોલે છે. જીવનરૂપી પરમાત્મા, પ્રભુ જિજ્ઞાસાને મળવા માટે અમારા કરતાં વધારે આતુર છે.

સંત જ્ઞાનેશ્વરે કહ્યું છે, **"अर्जुन आम्हा भक्तांचे व्यसन । भक्त आम्हांचे निरन्तर ध्यान । ते वल्लभ मी कान्ता जान अर्जुना ।"** (-જ્ઞાનેશ્વરી અ. ૧૨) "હે અર્જુન, મને એક જ વ્યસન છે અને તે છે ભક્તોનું. ભક્તોનું મને નિરંતર ધ્યાન રહે છે. ભક્ત મારે કાજે વલ્લભ છે અને હું એની કાન્તા છું." આ વાતને જ્ઞાનેશ્વરે રૂપકમાં મૂકી. જ્ઞાનેશ્વરી જ્યારે લખાઈ ત્યારે જ્ઞાનેશ્વરની ઉંમર ચૌદ વર્ષની હતી.

### સત્સંગ

જિજ્ઞાસા જો અંદર જાગી ઊઠે તો સમગ્રતા અને ઉન્મુખતાની અવસ્થા

આપણી અંદર સ્થિર થઈ શકે છે. આવા જિજ્ઞાસુઓનું સહજીવન તે સત્સંગ છે. સત્સંગ એટલે ઉન્મુખતા અને વિનમ્રતા એ બંને અવસ્થાનો સહવાસ.

પંચભૂતોનો આપણો દેહ તો કેવળ પાત્ર છે. એમાં અવસ્થાઓ જીવે છે. જો સંવેદનશીલતાની અવસ્થા સ્થિર થઈ શકી, જો અક્ષુબ્ધ વિનમ્રતા ટકી શકી, તો એવી અવસ્થાઓના સહવાસમાંથી -સત્સંગમાંથી સત્યોનું ઉદ્‌ઘાટન આપમેળે થાય છે. ત્યાં અહંકારને કશું પ્રાપ્ત કરવું પડતું નથી, કમાવું પડતું નથી. આપમેળે ઉપલબ્ધ થઈ જાય છે. આ જ જીવન-પ્રભુનો અનુગ્રહ છે.

જિજ્ઞાસુઓની સાથે રહેવાના અવસર યુરોપ અને અમેરિકામાં ઉપલબ્ધ થાય છે. સાથે રહીએ છીએ, ભોજન બનાવીએ છીએ અને પરિશ્રમ કરીએ છીએ. સમસ્ત જીવન જયારે સાથે ચાલે છે ત્યારે જિજ્ઞાસા, કુતૂહલની ભૂમિ ઉપર ઊતરી શકતી નથી. એની તીવ્રતા, સઘનતા, ઉત્કટતા અને ગહનતા અંદર ટકી રહે છે. એવું આયોજન તો અહીં થઈ શક્યું નથી. પરંતુ દિવસમાં બે વાર આપણે મળીશું.

## વાણીની પરિશુદ્ધિ

'ધ્યાન' શબ્દને ખૂબ પ્રેમથી જોવો પડશે. શબ્દના વિષયમાં આપણી લાપરવાહી અને ઉપેક્ષા રહે છે. વાણીના વિષયમાં પણ એવું જ છે. વાણીનું તત્ત્વ અત્યંત મહત્ત્વનું મૂળભૂત તત્ત્વ છે, જેમાંથી માણસે ભાષા બનાવી છે. પરંતુ શબ્દોનો ઉપયોગ આપણે ઘણી બેદરકારી અને ઉપેક્ષાથી કરીએ છીએ. આપણને એ ખબર નથી કે શબ્દની ત્વચાઓ શું બોલે છે, એમના અક્ષર, માત્રાનું શું રહસ્ય છે અને નાદોનું શું સ્પંદન છે. રામમાં 'ર'નું સ્પંદન શું કહે છે અને એના ઉચ્ચારથી શું ઘટિત થાય છે તેનું પણ રહસ્ય છે.

હવે આપણે જયારે અંદર અને આકાશમાં 'નામ'ની મારફત સ્પન્દનોનાં વલય આપણી આસપાસ ઊભાં કરીએ છીએ ત્યારે એની રાસાયણિક ઘટના શી ઘટે છે તે આપણે જોતા નથી. શબ્દોનો ઉપયોગ આપણે અતિશયોક્તિ અને સંદિગ્ધતામાં કરીએ છીએ. અસત્યના અનંત પ્રકાર છે - અતિવ્યાપ્તિ, અવ્યાપ્તિ અને સંદિગ્ધતાના દોષ વાણીના વિનિયોગમાં રહે છે. વિજ્ઞાન અને ગણિત જેવી પરિશુદ્ધિ આપણા વાણીવ્યવહારમાં હોતી નથી. એટલા માટે જ શબ્દની જે શક્તિ છે, વાણી દેવતાનો જે પ્રસાદ છે, તે આપણને મળતો નથી. આખો દિવસ વાણી દ્વારા અગ્નિતત્ત્વને બહાર ફેંક્યા કરીએ છીએ, અને

સમીસાંજે શરીરની ક્ષીણતા, મનનો થાક અને ચિત્તની ઉદ્વિગ્નતા લઈને પથારીમાં પડીએ છીએ.

## 'ધ્યાન'નો મર્મ

'ધ્યાન' શબ્દ અહીં એક વિશિષ્ટ અર્થમાં વપરાતો રહેશે, એ તરફ આપનું અવધાન આકર્ષિત કરવા ચાહું છું. 'ધ્યાન આપો' એવો પ્રયોગ હિંદી ભાષામાં થાય છે. એનો અર્થ થાય છે અવધાન આપો. 'આપનું ધ્યાન આકર્ષિત કરીએ છીએ.' અવધાન આપવું પડે છે, કોઈ પણ વિષય ભણી અવધાનને એકાગ્ર કરીને આપવું તેનું નામ થયું ધ્યાન દેવું. બીજો પ્રયોગ છે 'ધ્યાન કરીએ છીએ !' અહીં આશય બીજો છે. અહીં 'ધ્યાન' એક ક્રિયા થઈ ગઈ. કોઈ વિષય ઉપર સમગ્ર શક્તિ કેન્દ્રિત કરીએ છીએ કંઈક જોવા માટે. પહેલા પ્રયોગમાં 'અવધાન આપવું' પડે છે કંઈક સમજવા માટે, અનુભૂતિ અને પ્રત્યયને માટે; બીજા પ્રયોગમાં આપણે કંઈક કરી રહ્યા છીએ અને તેમાંથી આપણી અંદર કંઈક નિષ્પન્ન થાય, નીપજ થાય, આપણી અંદર કંઈક ઘટિત થાય એટલા માટે. આ કરવાની એક ક્રિયા છે.

હવે અહીં જુઓ, કેવું ઢીલાપણું આવી જાય છે. એકાગ્રતા કરવી એ એક માનસિક ક્રિયા છે. ચિત્તના અવધાનને બધા વિષયમાંથી સમેટીને એક જ દિશામાં એને ટકાવવા ચાહીએ છીએ; એ સ્થિર નથી થતું એટલે કંઈક ઉપાય પણ કરવા માગીએ છીએ. એકાગ્રતા સ્થિર રહે તેને માટે પણ કંઈક કરીએ છીએ. આ બધી માનસિક ક્રિયા છે. જપ કરીએ છીએ અને પૂજા કરીએ છીએ એ બધી ક્રિયાઓ છે. ચિત્તને એકાગ્ર કરીને નામસ્મરણ કરીએ છીએ. અહીં કરવું અભિપ્રેત છે, 'ધ્યાન કરવું.'

મૌનમાં બેસવું એ ધ્યાન કરવું નથી. કોઈ પણ ક્રિયાથી શરીર, વાણી અને મનને ઘડીભર, દિનભર, રાતભર સંલગ્ન રાખવું, અક્રિયામાં રાખવું એ મૌનનું કર્મ કંઈ ધ્યાન નથી. આ જે શરીર, મન અને વાણીનો અક્રિયામાં રહેવાનો પુરુષાર્થ છે તેનો પણ ઉપયોગ છે, નિષ્પત્તિ છે. પરંતુ એ ધ્યાન નથી.

'ધ્યાન કરતા હતા' એ પ્રયોગમાં સુનિશ્ચિતતાનો અભાવ છે. એમાં દર્શનની સ્વચ્છતા, આશયની વિશદતા અને અનુભૂતિની સ્પષ્ટતા નથી. કંઈક તો ખામી છે. જીવન એક વિજ્ઞાન છે. અહીં એક રતી માત્ર અવધાન છૂટે તો

કામ નહિ ચાલે. કુશળતા અને પરિશુદ્ધિનો અભાવ એ ત્રુટીઓ છે અને એ ત્રુટીઓ જીવનના પરિમલને પાંગરવા દેતી નથી, જીવવા દેતી નથી. એવું નથી કે કેવળ યંત્ર અને વિજ્ઞાનમાં જ પરિશુદ્ધિ (accuracy) જોઈએ. હું એટલું કહેવા ચાહું છું કે વૈજ્ઞાનિક પરિશુદ્ધિ ન હોય અને ઇંદ્રિય, મન, વાણીનો વૈજ્ઞાનિક વિનિયોગ ન હોય તો જીવાતું નથી.

જીવન એક ગતિ છે. અપાર, અસીમ ગતિ છે. એ ગતિમાં ઇંદ્રિયગત, બુદ્ધિગત, વાણીગત અને પ્રતિક્રિયાગત અનિશ્ચિતતા અને સંદિગ્ધતાને સાથે લઈને કેવી રીતે જીવી શકીશું ? નહીં જીવી શકીએ !

ધ્યાન શબ્દનો જે પ્રયોગ અહીં થશે, એનો જે આશય અહીં અભિપ્રેત રહેશે તે જરા ઊંડાણથી જોવાની વિનંતી છે. ધ્યાન કરવાની ક્રિયા નથી, ધ્યાન અવધાન દેવાનો વિષય નથી. ધ્યાન એક અવસ્થા છે. સમગ્રતાની એક દશા છે. શારીરિક, માનસિક, બૌદ્ધિક અને રાસાયણિક અવસ્થા છે. મનુષ્યની અંદર જેટલા પણ સ્તર છે તેમનામાં સંવાદની અવસ્થા છે. આ શબ્દનો આ દેશમાં જેટલો સુસ્પષ્ટતાથી પ્રયોગ થશે તેટલું આ દેશનું શ્રેય થશે.

ભૂલથી પણ ધ્યાન શબ્દના અપપ્રયોગથી એની આસપાસ અપસિદ્ધાન્તોને સજાવી-ધજાવીને આપણે મોટા ભ્રમમાં પડીએ છીએ. પાંચ મિનિટ આંખો બંધ કરી અક્રિયામાં રત રહ્યા એટલે સમજી લીધું કે ધ્યાનમાં મગ્ન હતા. ધ્યાન તો અવસ્થાંતર છે. ચોવીસ કલાકની જે અવસ્થા છે તેનાથી ભિન્ન અવસ્થામાં પ્રતિષ્ઠા છે, કેવળ પ્રવેશ નથી.

જીવનના નવા પરિમાણમાં પ્રતિષ્ઠિત થવાની વાત કાલે કહેવાઈ હતી. એ આ યુગની માંગ છે. જે ચેતનામાં, જીવનપદ્ધતિમાં ઇન્દ્રિય-મન-બુદ્ધિ સાથે આપણો જેવો સંબંધ છે તેમાં આજની સમસ્યા પડી છે. એટલા માટે નવા પરિમાણમાં આપણા પ્રવેશ અને પ્રતિષ્ઠા આવશ્યક છે. આ જ હાડ-માંસમાંથી નવા માનવના સર્જનની વાત કાલે કહેવાઈ હતી. એટલે આ જે નવું પરિમાણ છે અને નવી અવસ્થા છે તે કેવી રીતે ઉપલબ્ધ થાય તે વિષયને આપણે બેત્રણ દિવસ સુધી જોઈશું.

ધ્યાન ક્રિયા નથી, કર્મ નથી અને એકાગ્રતાના પુરુષાર્થનો વિષય પણ નથી. જે એકાગ્રતાના પુરુષાર્થનો વિષય છે, તેનો નિષેધ અહીં અભિપ્રેત નથી. જપ હો કે પૂજા હો, જીવનમાં નિષેધ કરવા જેવું કંઈ પણ હોતું નથી.

## ખંડન અને નિષેધ

જેમના ચિત્તમાં પોતાની ઉપલબ્ધિના વિષયમાં કંઈક આગ્રહ છે તેમના મુખમાં ખંડન અને નિષેધની ભાષા અનાયાસે આવી જાય છે. 'આપણને જે ઉપલબ્ધ થયું.' 'આપણી દ્વારા જે ઉપલબ્ધ થયું.' તે નહીં - તેનો આગ્રહ રહે છે. ઉપલબ્ધિને અનુભૂતિ બનાવીને એના ઉપર જે મમત્વભાવ રાખવા ચાહે છે તે બીજાનો નિષેધ અને ખંડન કરશે. હા, વૈજ્ઞાનિક નિર્દેશોનું અવલોકન કરી શકાય છે. પરંતુ નિષેધ કેવો ? ખંડન કેવું ?

આપણે કંઈ પહેલા જિજ્ઞાસુ નથી. આપણી પહેલાં કેવળ આ દેશમાં જ નહિ પણ સર્વ દેશોમાં અસંખ્ય જિજ્ઞાસુઓ થઈ ગયા છે. એમણે પોતાના જીવનમાં જે પુરુષાર્થ કર્યો હશે, જે અવસ્થાઓ સુધી પહોંચ્યા હશે તે સર્વનું દૂધ પીને આપણો પિંડ બન્યો છે. એમનો નિષેધ શા માટે કરીશું ? આપણા પોતાના સંસ્કારોની ધરતીનો નિષેધ કેવી રીતે કરી શકીએ ? આ ધરતીને હઠાવીને આપણે ચાલી નહિ શકીએ. મન-બુદ્ધિમાં વિચારોનો અને જ્ઞાનનો જે સંગ્રહ પડ્યો છે તેનો નિષેધ કરીને આગળ ચાલી નહિ શકીએ.

આજકાલ નિષેધ અને ખંડનની ભાષા ઘણી લોકપ્રિય છે. એક તો ઝેન બુદ્ધિઝમનો પ્રભાવ છે. ખંડન-નિષેધથી લોકપ્રિયતા ઘણી જલદી મળે છે, કારણ કે એનાથી તત્કાલ સંવેદન (sensation) પેદા થાય છે. આજે વિદ્રોહની ભાષા તો સંસારમાં ચાલી રહી છે. આર્થિક, રાજનૈતિક અને સામાજિક એ બધાં જ મૂલ્યો કે જેનો સમય પાકી ચૂક્યો છે તેમને ઉખાડીને ફેંકી દેવા માટે આજનો, નવજુવાન તૈયાર ઊભો છે. નિષેધ અને ખંડનની ભાષા અધ્યાત્મમાં પણ ઘણી જ પ્રિય લાગે છે. પરંતુ ત્યાં એ તદ્દન વિકૃત અને અવૈજ્ઞાનિક છે.

## એકાગ્રતાની મર્યાદિત ઉપયોગિતા

જે એકાગ્રતાના પુરુષાર્થનો વિષય છે તેનો નિષેધ કરવો નથી. એની મર્યાદિત ઉપયોગિતા છે, પ્રયોજન છે. એ સપ્રયોજન ઉપયોગમાં લાવવાનો વિષય છે. મનની, ચિત્તની સુપ્ત શક્તિઓને જગાડવી છે; અતીન્દ્રિય શક્તિઓ જે અંદર પડી છે તેમને જગાડવી છે તો તો એકાગ્રતાનો ઉપયોગ કરવો. જપ કરો, નામસ્મરણ કરો, અક્ષરો અને માત્રાઓના તત્ત્વને જાણીને એનાં સ્પંદનોનું એક વલય પોતાની આસપાસ ઊભું કરો. એમાં અંદર બહારની શુદ્ધિ છે.

એટલા મર્યાદિત ક્ષેત્રમાં બહારનાં સ્પંદનો તમારા ઉપર પરિણામી નહિ બની શકે. એક સંરક્ષણ બનાવી લીધું છે અને તેમાં બેઠા છીએ. શક્તિઓને જગાડવી હોય અને અનુભૂતિઓ લેવી હોય તો એવું કરો.

ભૌતિક, માનસિક અને બૌદ્ધિક સુખોથી આઘા ખસીને જો અતીન્દ્રિય સુખોની અભિલાષા જાગી હશે તો માણસ જપ કરશે, ત્રાટક કરશે અને કુંડલિની જગાડવાની ક્રિયામાં પડશે. પશ્ચિમમાં વિજ્ઞાન અને યંત્રઉદ્યોગનો નશો છે તો આપણે ત્યાં અતીન્દ્રિય શક્તિનો કેફ છે. નશો આખરે તો નશો છે. નશામાં જીવી શકાતું નથી, એમાં તો વહી શકાય છે. વિકારોના આવેગોમાં અને વિચારોના આવેશોમાં તમે વહો છો, તો કેટલાક લોકો અતીન્દ્રિય શક્તિના ઉન્માદમાં વહે છે. આ તો વહેવું થયું, જીવવું નહિ. જીવવું તો એક પુરુષાર્થનો વિષય છે, જેમાં સમતુલા, પ્રસાદ અને શાંતિ ઓતપ્રોત છે.

આ પ્રકારે અતીન્દ્રિય શક્તિને જગાડનારાં સાધનોનો મર્યાદિત ઉપયોગ છે, એનું વિજ્ઞાન છે, એની પદ્ધતિઓ છે, એનું તંત્ર પણ છે. એમનો વિકાસ જેટલો આ દેશમાં થયો છે તેટલો ભાગ્યે જ ક્યાંય થયો હોય. તિબેટમાં થોડો થયો છે. કૉકેસસ, જ્યોર્જિયા અને ઇજિપ્તની આસપાસના પ્રદેશમાં પણ કંઈક વિકાસ થયો છે. જે લોકોને આ જોવાની અભિલાષા હોય તે જોઈ પણ શકે છે. સમજવાની વાત માત્ર એટલી જ છે કે અધ્યાત્મની સાથે એનો કશો જ સંબંધ નથી. સૂર્યની ઉપાસના કરી, ગાયત્રીના જપ કર્યા. બુદ્ધિની વેધકતા, સ્વચ્છતા, ધારણાશક્તિ અને સ્મૃતિની સમૃદ્ધિ એ બધું ઉપલબ્ધ થશે. એ બધી ક્રિયાઓનો એક પ્રયોગ હોય છે, અને એમાંથી કશું પ્રાપ્ત કરવું હોય છે.

### ધ્યાન એક અવસ્થા છે

ધ્યાન ક્રિયા નથી, એક અવસ્થા છે. એની કોઈ પ્રક્રિયા નથી, તંત્ર નથી અને મંત્ર નથી. જ્યારે એ સમગ્રતાની એક અવસ્થા છે; ત્યારે તંત્ર, મંત્ર અને જપ વગેરેનો વિનિયોગ કરવા માટે બાકી કોણ બચશે ? સમગ્રતાના મૌનમાં અવસ્થાન્તર પછી જે ઘટિત થાય છે તેને ધ્યાનાવસ્થા સાથે સંબંધ છે.

### અધ્યાત્મ બુદ્ધિનો વિષય કેમ નથી ?

હવે એ જોવું છે કે અધ્યાત્મ બુદ્ધિનો વિષય કેમ નથી. બ્રહ્મસૂત્રની ચતુઃસૂત્રીના શાંકરભાષ્યમાં એક સૂત્ર છે : **'न एकान्तेन अविषयः ।'** 'સત્ય

બુદ્ધિગ્રાહ્ય નથી, પરંતુ સર્વથા બુદ્ધિગ્રાહ્ય ન હોય એવી વાત પણ નથી.' આનો શો અભિપ્રાય છે ? એ શું છે એને તો બુદ્ધિ પકડી શકતી નથી, પરંતુ એ શું નથી એને સમજવાને માટે બુદ્ધિનો ઉપયોગ કરવો પડે છે. અહીં થોડોક શ્લેષ અભિપ્રેત છે, પરંતુ એમાં નહિ જઈએ. અહીં બ્રહ્મસૂત્રોની વાત કરવા તો નથી આવી. બુદ્ધિની મર્યાદા સમજવા માટે ચતુઃસૂત્રી પર ભગવાન શંકરનું ભાષ્ય જોઈ જશો તો ઘણી સ્પષ્ટતા થશે. વિદગ્ધતા, વિપદતા દૃષ્ટિમાં આવી જશે. બુદ્ધિ કરે છે શું ? બુદ્ધિમાં મન અને સ્મૃતિ સર્વનો સમાવેશ કરી રહી છું. મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર - આ ચિત્તચતુષ્ટયને પણ સામેલ કરી રહી છું. ક્યારેક 'મનમાં', ક્યારેક 'બુદ્ધિ'માં. બુદ્ધિ કરે છે શું ?

## બુદ્ધિની મર્યાદા

બુદ્ધિની પહેલી મર્યાદા એ છે કે એ જન્મ અને મૃત્યુનાં બે બિંદુઓ વચ્ચે જે જીવન છે તેને જ જોઈ શકે છે. જન્મ પહેલાં અને મૃત્યુ પછી જોવું હોય તો અનુમાન, આપ્તવચન અથવા તો સિદ્ધાન્તનો ઉપયોગ કરવો રહ્યો. બુદ્ધિનું દર્શન ક્યાં સીમિત છે, તેને જુઓ. જીવન આટલું જ તો નથી. જન્મમાં જીવનનો પ્રારંભ અને મૃત્યુમાં એનો અંત થાય છે એવું પણ નથી. જન્મ અને મૃત્યુ બંનેને મેળવીને જીવન છે. એ તો બંને ઘટનાઓ છે. બુદ્ધિ એને પેલે પાર જોઈ નથી શકતી. અનંત જીવનને જન્મ અને મૃત્યુની બે ઘટનાઓ વચ્ચે કેદ કરીને એને કેવી રીતે સમજીશું ? એનાં રહસ્યોનું ઉદ્‌ઘાટન આ બે બિંદુઓ વચ્ચે કેવી રીતે થશે ?

ચાર દીવાલો વચ્ચે મકાન બનાવીને 'આ મારું ઘર છે' એમ માનીને જીવી શકાય છે. પરંતુ એ ઘરમાં અનંત વિશ્વને લાવી શકાતું નથી. ત્યાં તો ધરતી-આકાશ પણ મર્યાદિત થઈ જાય છે. અહં-મમના સુખને કાજે રહેવું હોય તો ભલે રહો. 'આ મારો વિચાર, મારા સંસ્કાર, મારું જ્ઞાન છે.' - એમ કહીને જન્મ અને મૃત્યુની ઘટનાઓની વચ્ચે અનુભૂતિ અને જ્ઞાન વગેરેનો પરિગ્રહ કરીને આપ એક કોટ બનાવી લેશો - જેમ ઈંટ, પથ્થર અને ચૂનાનું મકાન બનાવો છો તેવી રીતે. બુદ્ધિ એવું જ કરે છે. એની બહાર બુદ્ધિ જઈ શકતી નથી. હવે આ બે બિંદુઓની વચ્ચે જીવનને જે બાંધ્યું છે તેને આધારે બે બિંદુઓની બહારના જીવનનો જો અર્થ લગાવવા જઈશું તો ધોખામાં પડીશું.

જીવનમાં અનુમાન કામ નથી આપતું. પારકી અનુભૂતિ કામ નથી દેતી.

અહીં તો નગદ સોદો છે. જેટલું આપણું છે તેટલું જ આપણું જીવન છે. જે પ્રત્યય વિના બોલાયું, પારકા પ્રત્યયને લઈને જીવાયું એ પરોક્ષ (second hand) જીવન છે, પ્રત્યક્ષ (first hand) નહિ. જેટલું સ્વાયત્ત જીવન છે તેટલું જ આપણું, એમાં જ તેજ છે, આલોક છે, લાવણ્ય છે. જીવનની ગતિમાં ગતિ મિલાવીને જીવવાની આ જ વાત છે.

બુદ્ધિની બીજી મર્યાદા એ છે કે સમગ્રતાને એ એકી સાથે નથી જોઈ શકતી. જીવનને પૂર્વાપર ક્રમ(sequence)માં વહેંચવું પડે છે. જીવનમાં ક્રમ નથી, કાર્ય-કારણ-ભાવ નથી. જન્મ અને મૃત્યુ એ બે બિંદુઓની વચ્ચે માણસે શરીર, મન અને વાણીથી જે કંઈ કરવું છે તેનાં કાર્ય-કારણ-ભાવ આવશે; ક્રમ આવશે.

જીવન તો યુગપત્ છે. વિશ્વમાં જે કંઈ ઘટિત થાય છે તે એક સમયમાં, એક ક્ષણમાં થાય છે. અનંત પ્રવાહોની ધારા પર પ્રભુનું જીવનસંગીત નિનાદિત થતું રહે છે, આપણે મુશ્કેલીએ એક સૂર પકડી શકીએ છીએ. આપ તો કાર્ય-કારણ-ભાવમાં સમગ્ર જીવનને બેસાડવા માગશો. બુદ્ધિ એના વિના જોઈ નહીં શકે.

બુદ્ધિને સમય નામનું તત્ત્વ લાવવું પડે છે, કારણ કે એના વિના એ જોઈ શકતી નથી. બુદ્ધિનાં દર્શન સમય (Time) અને અવકાશ (Space) તથા કાર્ય-કારણ-ભાવથી સીમિત થઈ જાય છે. આ સીમાઓને જોવાની આવશ્યકતા છે. એમનો સ્વીકાર કરીને બુદ્ધિએ આપણને ઘણું આપ્યું છે. હું તિરસ્કારથી નથી બોલતી, પરંતુ બુદ્ધિના કર્તૃત્વનું જે ક્ષેત્ર છે તેમાંથી અંગભૂત જે મૌલિક મર્યાદાઓ છે તેમને સમજીશું તો ખબર પડશે કે જીવનની સાથે સીધો સંબંધ બુદ્ધિ દ્વારા કેમ સાધી શકાતો નથી.

બુદ્ધિ એક જ ઘટનાને પૂર્વાપર ક્રમમાં અને કાર્ય-કારણમાં વહેંચીને જુએ છે. અમારા જોવામાં 'કારણ અને કાર્ય' એવું વિભાજન નથી, ક્રમ નથી. જે કંઈ છે તે સમગ્રતામાં છે, સદા ઉપસ્થિત છે. સત્તા, અસ્તિત્વ જીવનનું સ્વરૂપ છે. આપણે એને ખંડિત જોઈએ છીએ અને કારણ-કાર્ય સંબંધ આરોપિત કરીએ છીએ. પરંતુ જીવનની પોતાની સત્તામાં આ પ્રકારના ભેદ નથી.

બુદ્ધિની ત્રીજી મર્યાદા એ છે કે મગજ એક કરણ છે. અંતઃકરણ છે,

ઉપકરણ નહિ. અમેરિકામાં વૈજ્ઞાનિકો એવી કોશિશમાં છે, કે જે તત્ત્વોનું આપણું મગજ બન્યું છે તેવું જ મગજ બનાવવું. વૈદ્યુત (Electronic) મગજથી એમને સંતોષ નથી. રાસાયણિક મગજ બનાવવા માગે છે.

હવે એ લોકો કમ્પ્યૂટરમાં ક્રોધ, ભય, દ્વેષ એ ત્રણે ભાવનાઓને ભરવા ચાહે છે. એમાં બુદ્ધિ, સ્મૃતિ અને ધીરજને તો એ લોકો ભરી ચૂક્યા છે. હવે એનાથી આગળ જોવા માગે છે.

મનની બધી જ યાંત્રિક ક્રિયાઓને આંખ ઉઘાડીને જોઈ લેવાની જરૂર છે. મગજ એક કરણ છે, એક રાસાયણિક એકમ છે. યંત્ર શબ્દ ઘણો સ્થૂલ છે. મગજમાં એવા ગોલકો છે કે જ્યાં આપણી સર્વસંગૃહીત અનુભૂતિઓ રસાયણમાં રૂપાંતરિત થઈને સંચિત થઈ જાય છે. આદિમાનવથી આજ સુધી જે કંઈ કમાઈ થઈ છે, જે પણ અનુભૂતિઓ ઉપાર્જિત થઈ છે, આવિષ્કૃત થઈ છે તે સર્વ તમારા અને મારા મગજમાં સંગૃહીત છે, રસાયણના રૂપમાં પડી છે.

આ મનને ચેતન-અચેતન અને અવચેતનના સ્તરોમાં વહેંચીને જોઈ શકો છો. પરંતુ એ તો એક અવિભાજ્ય અને અખંડ ચેતના છે. એમાં આ બધું પડ્યું છે. અમે નિશ્ચયપૂર્વક કહી શકીએ છીએ કે અચેતન અને અવચેતનને ખોલીને આદિમાનવથી આજ સુધીના જ્ઞાન અને અનુભૂતિઓને જોવાં એ કોઈ બુદ્ધિવાદ નથી. એનાં દ્વાર ખોલી શકાય છે, એ અનુભૂતિઓને જોઈ શકાય છે. પછી એ જિસસ હો, કન્ફ્યુશિયસ હો, બુદ્ધ-મહાવીર હો, ગૌરાંગ મહાપ્રભુ અથવા જ્ઞાનેશ્વર હો - ચેતનાની જે અવસ્થામાં એ લોકો પ્રતિષ્ઠિત થયા હતા તે બધું પ્રત્યેક વ્યક્તિની અંદર પડ્યું છે. સવાલ એને ઉઘાડીને જોવાનો છે. આ કેવળ વસ્તુસ્થિતિનું વર્ણન છે. એને વહેંચી લેવા ચાહું છું.

જ્યારે કોઈ પણ ઇન્દ્રિયનો એના વિષયની સાથે સંબંધ થાય છે ત્યારે આપણું શરીર, જે એક વૈદ્યુત-ચુંબક યંત્ર (Electro-magnetic Apparatus) છે, તેમાં એક સંવેદન પેદા થાય છે. આ જે સંવેદન પેદા થયું તે યાત્રા કરતું કરતું મગજ સુધી જાય છે. વિદ્યુત કરતાં પણ વધારે ગતિથી એ કામ કરે છે. મગજમાં જે જ્ઞાન, અનુભૂતિ, વિચાર, જીવનપદ્ધતિઓ સંગૃહીત છે તેમાં કંપ, સ્પંદન ઉત્પન્ન કરે છે. પછી એ અનુસાર તમારી પ્રતિક્રિયા શરૂ થાય છે.

આપણું જે દર્શન અને શ્રવણ છે તે મુક્ત નથી. આંખ ખોલતાં આપણને લાગે છે કે આપણે જોઈએ છીએ. જુએ છે આપણા વિચાર અને વિકાર. આપણે નથી જોતા. જુએ છે આપણા સંસ્કાર. સ્થૂલ આંખોનો ઉપયોગ કરીને સંસ્કાર જુએ છે. ચિત્તમાં એ વખતે જે વૃત્તિ હશે તે વૃત્તિ આંખોનો ઉપયોગ કરીને જોઈ રહી છે. તમે નથી જોતા. ક્રોધની ક્ષણમાં ક્રોધ જુએ છે અને ઘૃણાની પળમાં ઘૃણા જુએ છે. એ તો કરણ છે, કોઈ પણ એનો ઉપયોગ કરી શકે. ભૂલથી આપણે એમ સમજીએ છીએ કે આપણે જોઈએ છીએ, આપણે સમજીએ છીએ, પ્રતિક્રિયા આપણી છે.

સહજ, સ્વયંભૂ ગતિ તો સંભવિત જ નથી, સંસ્કારો અનુસાર જ તમારી પ્રતિક્રિયા થશે. જે પદ્ધતિઓમાં આપણું પાલન થયું છે તે પ્રમાણે પ્રતિક્રિયા થશે. માણસ ભ્રમથી એ પ્રતિક્રિયાઓને જીવન સમજે છે. એ એમ સમજે છે કે હું જીવી રહ્યો છે પણ જીવી રહ્યા છે સંસ્કાર, જીવી રહી છે પદ્ધતિઓ.

ગણબદ્ધ (Regimented) વિચારો, ભાવનાઓ, અનુફલિત પ્રતિવર્ત્ત (Conditioned Reflex) એ બધું સામૂહિક છે, વ્યક્તિગત નથી. થોડું કંઈ આમતેમ બહુ જ સપાટીયા સ્તર પર વ્યક્તિગત હેરફેર થાય છે. કોઈ પરિસ્થિતિમાં સમસ્ત હિંદુસમાજ અથવા મુસલમાન તથા ખ્રિસ્તી સમાજની એકસરખી રાસાયણિક પ્રતિક્રિયા કેમ થાય ? બુદ્ધિ વ્યક્તિગત છે જ નહિ. આ સાંભળીને આપણને ધક્કો વાગે છે. જ્યારે આવું દર્શન થયું ત્યારે અમારી પણ ઘણી દુર્દશા થઈ હતી. સમૂહના આપણે ઘટક છીએ, આપણું વ્યક્તિગત કશું જ નથી એ વાત બહુ સુખદ નથી. દેશ, વંશ, જાતિ, ધર્મ, કુલ-ગત સંસ્કારોના ઉપરના ચેતનસ્તર પર કંઈક થોડુંઘણું વ્યક્તિગત ઉપાર્જન રહે છે, પરંતુ એ નહિવત્ છે.

જીવનના અર્થનું ઉપલબ્ધ થવું, જીવનની સાથે મિલન થવું એ બુદ્ધિ દ્વારા થઈ શકતું નથી, કારણ કે બુદ્ધિની ગતિ વિચારો પર અને જ્ઞાન પર નિર્ભર છે અને આશ્રિત છે. બુદ્ધિ સ્વયંભૂ નથી. બુદ્ધિની મારફત જોવું એ અપ્રત્યક્ષ જોવું છે. જ્યાં સુધી આપણે બુદ્ધિ અને મનના સ્તર પર જીવીશું અને કામ કરીશું ત્યાં સુધી જીવનની સાથે પ્રત્યક્ષ સંબંધ નહિ બંધાય. આવશ્યકતા છે સીધેસીધા સ્પર્શની અને મિલનની. પારસમણિ અને લોખંડની વચ્ચે રેશમની મુલાયમ સુંદર ચાદર પણ હશે તોય સુવર્ણ નહિ બને. બંનેનો

સીધો સંસ્પર્શ અનિવાર્ય છે. વિચારો, સંસ્કારો, સિદ્ધાંતો અને નિષ્કર્ષો એ આપણી ચાદર છે, કોઈની જાડી અને કોઈની પાતળી. આ જ અંતરાય છે. બુદ્ધિ જ અંતરાય છે. આ વાત લોકોને બહુ જ અણગમતી છે.

બુદ્ધિ દ્વારા મનુષ્યનું જે જીવન ચાલે છે તે પરાયત્ત જીવન છે. હવે મનુષ્યને આગળ વધવું છે, માનસિક ઉત્પરિવર્તન (Psychological mutation) પામીને પોતાનું સ્વાયત્ત સિદ્ધ કરવું છે. ઇતિહાસમાં બધું જ કંઈ સિદ્ધ થયું નથી. માનવનો જન્મ હજુ બાકી છે. મનુષ્યને પોતાનો પરિચય નથી. જ્યાં સુધી આત્મપરિચય નથી ત્યાં સુધી પોતાના મહિમા, ઓજસ અને ગૌરવમાં જીવી નથી શકતા. આપણી પ્રત્યેક ક્રિયા સ્વચાલિત નથી, પરચાલિત છે, પરપ્રકાશિત છે, પારકા પ્રત્યયવાળી છે. એનો ઉપયોગ છે. ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને યંત્રવિજ્ઞાન વગેરે શીખવું હોય, ચંદ્ર ઉપર ઊતરવું હોય, અને જ્યાં જ્યાં યાંત્રિક ક્રિયાઓની જરૂર હોય ત્યાં ત્યાં બુદ્ધિનો ઉપયોગ છે. જો બુદ્ધિને સંસ્કારિત કરી હોય, સ્વચ્છ રાખી હોય અને તીવ્ર બનાવી હોય તો એનો ઉપયોગ છે. જ્યાં જ્યાં યાંત્રિક ક્રિયાનું ક્ષેત્ર છે ત્યાં ત્યાં બુદ્ધિનો પ્રયોગ અનિવાર્ય છે.

અધ્યાત્મમાં બુદ્ધિના બધા પ્રયત્નો અસંગત કેમ બની જાય છે ? સત્યની ઉપલબ્ધિ કેમ 'કરી' નથી શકાતી ? એ 'થાય' છે કેમ ? એ આપણે હમણાં જોયું. સત્યની ઉપલબ્ધિને પ્રભુનો અનુગ્રહ કહો કે પ્રસાદ કહો, પણ એ થાય છે. એ ઘટના છે. પ્રાપ્તિ નથી, પુરુષાર્થની ક્રિયા નથી; એટલા માટે એમાં દીનતા, હીનતા અને જડતા આવશે એવો ભય કદી ન રાખશો.

### અજ્ઞાતનો ભય

જે જ્ઞાત છે, જે અવસ્થામાં દિન-રાત જીવીએ છીએ. એ શું છે ? એ જોવું છે. જ્ઞાતની સાથે પરિચય નહિ હોય તો અજ્ઞાતનો ભય ઊભો થશે. જીવનમાં 'જ્ઞાત' અને 'અજ્ઞાત'નું વિભાજન નથી. જ્ઞાતનું અજ્ઞાન જ અજ્ઞાતને ઊભું કરે છે, એનો ભય ઉપજાવે છે. જીવનમાં અજ્ઞાત કશું છે જ નહિ. બંધનનો પરિચય મુક્તિની લાલસાને જગાડે છે. સંભવ છે બંધનનો પરિચય અથવા બોધમાંથી જે ખીલશે તે મુક્તિ હશે. બંધનના અજ્ઞાનથી મનુષ્ય બંધાઈ જાય છે. બંધનના સ્વરૂપને પ્રેમથી જુઓ, ઘૃણાથી નહિ. કેવી રીતે બંધાયા છીએ, ગાંઠ કેવી બંધાઈ છે એને જોઈ લેશું તો ખોલવામાં વાર નહિ લાગે. પરંતુ આપણે જોવું નથી.

## દેહનો અપરિચય

આપણે ઇન્દ્રિયો ઉપર અને બુદ્ધિ ઉપર આરૂઢ છીએ. એવો કોણ છે જે ઇન્દ્રિયોને સમગ્ર, સ્વસ્થ અને સુંદર રાખે છે ? આપણને આપણા દેહ સાથે પ્રેમ ક્યાં છે ? ઇન્દ્રિયોની સાથે પરિચય ક્યાં છે ? એમને કાર્યક્ષમ અને તીવ્ર સંવેદનશીલ રાખવાની દરકાર કોને છે ? પ્રવાહપતિત રહીને આપણે ઇન્દ્રિયોનો ઉપયોગ કરીએ છીએ. જીવન સાથે પ્રેમ કોને છે ? જીવન પૈસા કમાવા માટે છે, પ્રતિષ્ઠા કમાવા માટે છે, જીવવા માટે નથી. આ શરીર પ્રભુનું રૂપ છે. એને કોણ જુએ છે ? આપણો એની સાથે પરિચય છે ? આપણે અન્ન ખાઈએ છીએ, ગળામાં ઉતારીએ છીએ, જઠર અને ઉદરમાં મોકલીએ છીએ ત્યાર પછી જે પાચનક્રિયા થાય છે તેનો આપણને પરિચય છે ? કયા પ્રકારનો આહાર આપણને અનુકૂળ છે એનો કંઈ વિચાર કર્યો છે ? રસનાની લાલસામાં રસોડામાં શબ્દોની આતશબાજી ખેલાય છે, જીભની લાલસામાં અર્ધી જિંદગી વીતી જાય છે. પરંતુ શરીરથી પરિચય નથી. કફ-પિત્ત-વાયુમાંથી ક્યારે શું પ્રબળ હોય છે એની ખબર નથી. કયો આહાર કેટલી માત્રામાં અનુકૂળ છે, કયા વસ્ત્રો કઈ ઋતુમાં અનુકૂળ છે તેને કોણ જુએ છે ? આપણે કાન, આંખ અને નાક વગેરે દ્વારા પણ આહાર લઈએ છીએ એના તરફ કોની દૃષ્ટિ છે ? ગમે તે સાંભળી લીધું, ગમે તેમ બોલી લીધું અને ગમે ત્યાં બેસી ગયાં. જ્યાં જઈએ છીએ ત્યાં દશેય ઇન્દ્રિયો વડે આહાર ઘટિત થાય છે એને કોણ જુએ છે ?

## શુદ્ધિની શક્તિ

જિજ્ઞાસાનો અગ્નિ પ્રજ્વલિત રાખવા માટે શુદ્ધિની જ આહુતિ અપેક્ષિત છે. શુદ્ધિ એકમાત્ર શક્તિ છે. એનાથી પોલાદ જેવી કાયા બને છે. આ કંઈ હઠયોગની વાત નથી.

## શ્વાસોચ્છ્વાસ

શ્વાસ ક્યાં જાય છે અને ક્યાં સુધી જાય છે એ કદી જોયું છે ? અંદર ગયેલા સંપૂર્ણ વાયુને લઈને એ બહાર નીકળે છે ? શ્વાસ લઈએ છીએ ત્યારે વાયુની સાથે સાથે બીજી કોઈ ઊર્જાને પણ ગ્રહણ કરીએ છીએ ? શ્વાસની સાથે જે ઊર્જા અંદર ગઈ એને ઉચ્છ્વાસની સાથે બહાર કાઢીએ છીએ ? શ્વાસ અને ઉચ્છ્વાસની વચ્ચે ધારણની ઘટના ઘટે છે ? પવનનો જેટલો હિસ્સો

અંદર ગયો એટલો જ બહાર નીકળ્યો અને એમાં રહેલું જીવનતત્ત્વ આત્મસાત્ કરી લીધું ? આપણે તો વિચાર જ નથી કરતાં કે શ્વાસોચ્છ્વાસ શું છે. શ્વાસ અને ઉચ્છ્વાસની વચ્ચેથી જે જીવનતત્ત્વ અંદર ધારણ થયું તેને ટકાવી રાખવા તેના માટે બંને શ્વાસોની વચ્ચેના સમયમાં અંતર રાખવું પડે છે. તેનું સૌંદર્ય કદી નીરખ્યું છે ? એને માટે વખત કોની પાસે છે ? એ જો જોવાય તો માણસ આનંદવિભોર બને. બીજો કોઈ છૂટકો નથી. અદ્ભુત છે આ જીવન.

શ્વાસોચ્છ્વાસના જીવનતત્ત્વને સ્થિર કરવા માટે ધારણાશક્તિ વધારવી પડે છે. પછી આખા દિવસમાં ૨૧,૯૦૦ વાર જે શ્વાસ લઈએ છીએ એની સંખ્યા કેવી રીતે ઘટે છે અને આયુષ્યની મર્યાદા કેવી રીતે વધે છે એ બધી અદ્ભુત વાતો છે. આપણને તો રેડિયો, સિનેમા અને ટેલિવિઝનનું આશ્ચર્ય છે. અંતરવિશ્વ અને આંતરિક ઐશ્વર્ય એ બંનેનો આપણને પરિચય ક્યાં છે ?

## આંતરિક ઐશ્વર્ય

યુરોપ અને અમેરિકામાં ભૌતિક સુખની ચરમ સીમા પર બેઠેલા લોકોને જુઓ. સુંદર માતબર શરીર છે. બધી સગવડોથી ભરેલું ઘરબાર છે, પરંતુ અંદરથી ખાલી માણસ છિન્ન-વિછિન્ન દેખાય છે. યંત્રવિજ્ઞાનની મદદથી માણસે બહારનું ઐશ્વર્ય મેળવ્યું છે, અને એનાથી જીવનને બીભત્સ અને કદરૂપું બનાવી દીધું છે. આંતરિક ઐશ્વર્ય વિના બહારની સામગ્રી જીવનને કદરૂપું બનાવી દે છે. બહારના ઐશ્વર્યનો અહીં નિષેધ નથી, પરંતુ આંતરિક ઐશ્વર્ય વડે જ બહારની સામગ્રી શોભી ઊઠે છે. પછી એ શૃંગારનું પ્રસાધન હોય કે બીજું કંઈ. શબને વળી શૃંગાર કેવો ? અંદર તો ખખડી ગયેલો છિન્નભિન્ન માનવ પડ્યો છે. આખા દિવસમાં સો વખત જેમને ઈર્ષા, ક્રોધ અને મત્સરની આગ બળે છે, દિવસમાં કેટલાક કલાક ચિત્ત વિક્ષિપ્ત અને અસમતોલ રહે છે, એવા માનવોને બહારનું ઐશ્વર્ય કેવી રીતે શ્રી-સંપન્ન બનાવશે ? બાહ્ય અને આંતરિક ઐશ્વર્યનો સમન્વય કેવી રીતે થાય ?

## ઉપસંહાર

ઇન્દ્રિયો જે સંવેદન કરે છે એમાં વિકૃતિઓ છે. સંવેદનોના મગજ સુધી પહોંચવાની પ્રક્રિયામાં વિકૃતિઓ છે. પછી બુદ્ધિ દ્વારા અર્થ કરવાની વાત આવે છે અને બુદ્ધિ તો પરામત્ત ગતિથી ચાલે છે. જો આવી બુદ્ધિ મારફત

સત્યનું ઉદ્‌ઘાટન ચાહીશું, જીવનના સત્યની ઉપલબ્ધિ ચાહીશું અને પ્રભુનો અનુગ્રહ ચાહીશું તો એમાં આપણી કેવળ અણસમજણ છે. પોતાના ક્ષેત્રમાં બુદ્ધિનો વિનિયોગ હોય અને તે તીક્ષ્ણતાથી હોય ત્યાં સુધી ઠીક છે.

જે વિચારાતીત, ગુણાતીત અને ભાવાતીત નિર્દ્વંદ્વ ક્ષેત્ર છે, દ્વૈતાદ્વૈતની જે પેલે પાર છે, તેમાં જો બુદ્ધિ દ્વારા પ્રવેશ નથી થઈ શકતો તો શું થશે ? એ ચેતનામાં કેવી રીતે પ્રતિષ્ઠા થશે એ વાતને આપણે કાલે જોઈશું.

•

## પ્રશ્નોત્તરી

**પ્રશ્ન :**

કહેવાય છે કે સાંભળતી વખતે મન તુલનાની પ્રક્રિયામાં વ્યસ્ત થઈ જાય છે એટલે સમગ્ર શ્રવણ થઈ શકતું નથી. વક્તા અને શ્રોતાને સમાગમ બાધિત થઈ જાય છે. સાચું છે. પરંતુ શું એ સત્ય નથી કે શબ્દો જ્ઞાત અર્થોના સંસર્ગ વડે જ અર્થવાન હોય છે ? એટલે શું એ સ્વાભાવિક અને અનિવાર્ય નથી કે શબ્દ શ્રુતિગોચર થતાં જ સ્મૃતિને જાગ્રત કરે; અને પૂર્વેના જ્ઞાત તદ્‌ગત અર્થોને ઉદ્‌બોધિત કરે ? જો એવું હોય તો શાબ્દિક સંવાદમાં મનનું તુલનાની પ્રક્રિયામાં વ્યસ્ત રહેવું શું અનિવાર્ય નથી ?

**ઉત્તર :**

શબ્દો સાંભળતી વખતે અર્થનો બોધ થવો તે એક વાત છે અને એ બોધની સાથે જ ચિત્તમાં પ્રતિક્રિયા ઊઠવી તે બીજી વાત છે. એ પ્રતિક્રિયાનો ચાહથી, વાસનાથી અને આકાંક્ષાથી સંબંધ છે. એવી પ્રતિક્રિયાનું બોધની ક્ષણમાં ઊઠવું અને એ બોધને કારણે થનારું જે પરિણામ છે તેના ભાવનાત્મક આશયને દૂષિત કરી દેવો તે બીજી વાત છે.

એ ઠીક કહ્યું કે જ્ઞાન અને અનુભૂતિઓનો જે સંગ્રહ ચિત્તમાં પડ્યો છે, તે અનુસાર શબ્દને સાંભળતાં જ તેનો અર્થ સ્મૃતિમાં ઊપસી આવે છે. પરંતુ એની સાથે સાથે 'આ જોઈએ, આ ન જોઈએ,' 'આ સારું છે અને આ ખરાબ છે.' એવો જે અંદર નિર્ણય ઊઠે છે, પ્રતિક્રિયા ઊઠે છે તેનાથી શ્રવણ દૂષિત થઈ જાય છે. એ બધી જ પ્રક્રિયાઓ અત્યંત સૂક્ષ્મ હોવાને કારણે એકબીજાની

સાથે હળીમળી જાય છે. અર્થબોધની ક્ષણમાં જે બીજી પ્રતિક્રિયા આવીને તેમાં હળીમળી જાય છે, તેનાથી શ્રવણ દૂષિત થઈ જાય છે. બોધની ક્ષણમાં પ્રતિક્રિયાનું આ પ્રકારે ભળીગળી જવું જરૂરી નથી.

સાગરકિનારે ઊભા છીએ. તરંગોને જળની સત્તા ઉપર ઊઠતા અને પડતા જોયા. પવનની સાથે જળનો સંઘર્ષ જોયો. કેટલો બધો અર્થબોધ થઈ ગયો ! લાવણ્યથી કંઈક આનંદ પણ થયો ! એ ઘટિત થવાની ક્ષણમાં ચિત્ત કહે છે, 'ઓહો, કેટલું સુંદર છે ! એને હું પકડી રાખી શકું તો ! સાગર અને મારી સમગ્રતાના મિલનની ક્ષણમાં જે ઘટિત થયું તે સંયોગમાંથી જન્મેલા આનંદને પકડી શકું, ટકાવી શકું, બેવડાવી શકું, ઉત્કટ બનાવી શકું, તીવ્ર બનાવી શકું' - આ આખી જંજાળ એ આનંદની ક્ષણમાં કેમ આવે છે ? આ જ જંજાળ શ્રવણ અને દર્શનને દૂષિત બનાવી દે છે.

એવું કહેવાયું છે કે શ્રોતા અને વક્તાની વચ્ચે જો કોઈ સંયોગ ઘટિત થતો હોય તો સ્મૃતિના જે સંસ્કાર પડ્યા છે, રુચિ-અરુચિ અને નિષ્કર્ષ જે પડ્યા છે તેમને વચમાં ન આવવા દઈએ. શ્રવણ એક ઘણી સૌંદર્યશાલિની ઘટના છે. શ્રવણમાં, દર્શનમાં અને સ્પર્શમાં મિલન ઘટિત થાય અને એ મિલનના પરિણામે આખી સમગ્રતા, આખું વ્યક્તિત્વ હળીમળી જઈ શકે, પરંતુ એનો સ્વીકાર અથવા નિષેધ કરવો તો જરૂરી નથી ને ! શ્રવણની સાથે સ્વીકાર-અસ્વીકારને કેમ જોડીએ ? જોવાની ક્ષણમાં અંતરમાં જે પરિણામ ઘટિત થાય છે તેને તમે કદી જોયું છે ?

શીખવું (Learning) અને જાણવું (Knowing)નો જે સૂક્ષ્મ ભેદ છે એને તમે કદી ગંભીરતાથી જોયો છે કે નહિ ? બુદ્ધિના માધ્યમ વડે કંઈક ઉપાર્જન કરવું, કંઈક સંગ્રહ કરવું એ છે જાણવું. પ્રાપ્તિ (Acquisition)માં તુલના અનિવાર્ય છે. તમારે કોઈ ઘરેણું કે હીરામોતી ખરીદવાં છે તો દુકાન પર તમે તુલના કરશો જ. એમાં તુલના અનિવાર્ય છે. પરંતુ શીખવામાં જે કંઈ જોઈએ છીએ અને સાંભળીએ છીએ એના અર્થ બોધનો મતલબ સંગ્રહ નથી હોતો. જાણવું તો જોડવાની અને તોડવાની પ્રક્રિયા છે અને શીખવામાં તો વ્યક્તિ સમગ્ર વ્યક્તિત્વથી ઉન્મુખ થઈને સેવન કરે છે. સહમતિ અને અસહમતિ એ ક્ષણે નથી હોતી.

સંગીત સાંભળતી વખતે એકલા કાન જ સાંભળતા નથી. જે કેવળ કાનથી

સંગીત સાંભળે છે તે સ્વરોની સમગ્રતાને નહિ પામે. રોમેરોમથી સ્વરની સાથે અને તાલ-લયની સાથે, એમાં સુગ્રથિત કૌશલની સાથે વ્યક્તિનો સંબંધ થઈ જાય છે. સંગીતનું શ્રવણ જેમ સમગ્રતાનું મિલન છે એ પ્રકારે શીખવામાં પણ સમગ્રતા જ કામ કરે છે, એ જ સેવન કરે છે.

આહાર મોઢેથી ખાઈએ છીએ એવું દેખાય છે, પરંતુ ત્યાં તો દશેન્દ્રિયો સેવન કરે છે. અન્નના સ્વરૂપનું, સ્વાદનું, સૌરભનું સેવન થાય છે. જ્યાં શાસ્ત્રીય નિરૂપણ હોય, પદાર્થ વિજ્ઞાનની વાત હોય, કોઈ સિદ્ધાંતનું પ્રતિપાદન હોય અને જ્યાં કંઈક જાણવા માટે મનુષ્ય જાય છે ત્યાંની પ્રક્રિયા જુદી છે; અને જ્યાં સેવન કરવા જાય છે, ત્યાંની વાત જુદી છે.

પ્રેમની ક્ષણમાં જો તુલના ઊઠે તો એ પ્રેમ નથી અને મિલન પણ નથી. તેવી રીતે શ્રવણમાં તુલનાને અવકાશ નથી. આ કઠણ વાત સાચી છે. કારણ કે આપણને ટેવ છે સભાઓમાં જવાની કંઈક જાણવા માટે, કંઈક ગ્રહણ કરવા માટે, કંઈક તુલના કરવા માટે અને કંઈક સંગ્રહ કરવા માટે. એટલા માટે આપણી તૈયારી થઈ છે. એટલે આપણી પાસે નિર્દોષ નજર જ નથી.

નિર્દોષતાથી સેવન કરવું, રૂપ-રસ-ગંધથી મિલનને ઘટિત થવા દેવું એ માનવની પાસે છે જ નહિ. મનુષ્યનો સમ્યક્ વિકાસ નથી થયો. એટલા માટે શ્રોતા અને વક્તાના સંબંધ માટે કહેવાયું છે કે પામવું, જોડવું અને એવું બધું કરવાની ક્રિયાઓ શ્રવણમાં ન રહે તો એ એક સુખ-સંવાદ છે, પ્રેમ-સંવાદ છે. એમાં આપના મગજ ઉપર બોજો નહિ રહે, તણાવ નહિ રહે. બુદ્ધિની ઉપર પ્રાપ્તિનો બોજો રહે છે ત્યારે જ્ઞાનતંતુઓમાં તણાવ આવે છે અને તણાવ આવતાં જ રાસાયણિક સમતુલા નષ્ટ થઈ જાય છે. પ્રાપ્તિની પ્રક્રિયા જ પસંદગીની પ્રક્રિયા છે, અને પસંદગીમાં સ્વીકારની સાથે સાથે અસ્વીકાર જોડાયેલો રહે છે. એટલે શ્રોતા અને વક્તાનું મિલન થઈ શકતું નથી.

●

## ૫

# સાધનાની પગદંડી

સત્યની ઉપલબ્ધિ અથવા આત્માની ઉપલબ્ધિ બુદ્ધિગ્રાહ્ય વિષય કેમ નથી તે જોવાનો આપણે કાલે પ્રયત્ન કર્યો, એનાથી આજે આગળ ચાલીએ.

**સાધના તથા સાધનાવસ્થા**

બુદ્ધિ અથવા મન વડે જેની પાસે નથી જઈ શકાતું એવા મુકામ પર પહોંચવા માટે જિજ્ઞાસુ શું કરે ? આ પ્રાણ-પ્રશ્ન છે. એવું કહેવાની ઇચ્છા થાય છે કે પહેલાં તન અને મન બંનેનો પરિચય પામીને, બંનેની સાથે મૈત્રી સાધી લીધા પછી એ બંનેની સાથે વૈજ્ઞાનિક વ્યવહાર સધાઈ જવો જોઈએ. જ્યાં સુધી એના શરીર, મન અને બુદ્ધિની સાથે વૈજ્ઞાનિક અને પ્રેમમય વ્યવહાર નહિ થાય ત્યાં સુધી જિજ્ઞાસુ સાધક નહિ બની શકે. જીવનની સમગ્રતાની સાથે જિજ્ઞાસાને જોડવી એ જ સાધના છે.

સાધના કોઈ વિશિષ્ટ સમયમાં અને વિશેષ સ્થાનમાં કરવાનું કાર્ય નથી. આત્મ-જિજ્ઞાસાને, સત્ય-જિજ્ઞાસાને આખા જીવનની સમગ્રતાની સાથે જોડવું એ જ સાધના છે. જિજ્ઞાસાના આલોકમાં શરીર અને મનની ક્રિયાઓ કરતા રહેવું એ જ સત્સંગ છે. જિજ્ઞાસાની ગ્રંથિ વિનાની ગતિ જ સાધના છે.

આપણે જિજ્ઞાસાને કુંઠિત કરી દઈએ છીએ. શરીરની સાથે પરિચય નથી, ઇન્દ્રિયોના મન સાથેના સંબંધને જોયો નથી અને આહાર-વિહારના સંબંધને પણ જોયો નથી. ઇન્દ્રિયોની સાથે જો પરંપરાગત વ્યવહાર ચાલતો રહે તો

જિજ્ઞાસાને આપ ક્યાં લઈ જશો ? પ્રવચનોમાં, સભાઓમાં અને ગ્રંથોની પાસે જવું એ કોઈ માનસિક ખેલ છે ? જિજ્ઞાસા જીવશે ક્યાં ?

આપના જીવનમાં સવારથી સાંજ સુધી અને બલ્કે રાત્રે પણ જિજ્ઞાસાને જીવવાનો અવસર મળવો જોઈએ. શરીરના વિષયમાં જે પરંપરાગત ધારણાઓ છે; હિંદુ, મુસલમાન અને ઇસાઈ ધર્મોમાં જે માન્યતાઓ છે,એનાથી જ જો કામ ચલાવવું હોય અને અહીં જો જિજ્ઞાસાનો યોગ ન કરવો હોય તો શું આત્મા-પરમાત્માના જ ચિંતનમાં એને વાપરવી છે ? જિજ્ઞાસાને જેઓ અકુંઠિત ગતિથી અને અબાધિત રીતિથી જીવવા દે છે તેઓ સાધક છે.

## વૈજ્ઞાનિક દૃષ્ટિ

હું કયા પ્રકારનું અન્ન ખાઉં છું તે પણ સાધનાનો વિષય છે. દૃષ્ટિ વૈજ્ઞાનિક હશે તો એમાં આગ્રહ નહિ આવે. એનાથી અહંકાર નહિ વધે કે આપણો આહાર સાત્ત્વિક છે અને અમે તપસ્વી છીએ, સંયમી છીએ. વૈજ્ઞાનિક દૃષ્ટિને કારણે ઘણી મોટી વસ્તુ જીવનમાં બને છે અને ઘટિત થાય છે. વૃત્તિને દૂષિત બનાવવાનો અહંકારને અવકાશ નથી મળતો. એમ સમજી લીધું કે આ આહાર અનુકૂલ છે. આહારની એટલી માત્રા અનુકૂલ છે કે જેનાથી ભૂખ સતાવે નહિ અને પેટમાં ભારેપણું લાગે નહિ. બંને અતિના છેડા જ્યાં છૂટી જાય છે ત્યાં સંયમ આપમેળે ઉપસ્થિત થાય છે, એને સાધના કરીને લાવવો પડતો નથી. અતિનું ભાન જો થઈ જાય તો સંયમ જ સ્વભાવ છે. અસમતુલા સ્વભાવ નથી, એ વિકૃતિ છે. સમતુલા જ સ્વભાવ છે. હર્ષ અને શોક એ વિકૃતિઓ છે, ચિત્તની સ્વસ્થતા અને એનો પ્રસાદ તો સ્વભાવ છે.

## આદતનો આશ્રય

આપણે જોવું પડશે કે કયા પ્રકારનો આહાર લેવાય છે. 'આ મારી આદત છે', 'આ અમારા ઘરનો રિવાજ છે' - એમ કહીને જિજ્ઞાસુ ખાવાપીવાની માત્રા વગેરેની વાત છોડી શકતો નથી. જિજ્ઞાસુની પાસે આદત નામની કોઈ વસ્તુ હોઈ શકતી નથી, જિજ્ઞાસાનું પહેલું પગલું છે આદતોથી અલગ થઈ જવું. આદત જ બંધનનું મૂળ છે. 'આ તો મારી ટેવ છે, એના વિના નહિ ચાલે' એમ કહીને પ્રત્યેક વસ્તુને છોડી દેવામાં આવે તો જિજ્ઞાસા ક્યાં રહેશે ? આદતનો આશ્રય લઈને સાધક જીવી શકતો નથી. આદતના આશ્રયમાં સત્યની વ્યક્તિગત ઉપલબ્ધિ થઈ શકતી નથી.

## સત્ય જીવનની બહાર નથી.

સત્ય કોઈ 'અમૂર્ત' 'ગૂઢ' (Abstract) રૂપમાં પડ્યું છે ? તથાકથિત દૈનિક જીવનની કંઈ બહાર પડ્યું છે ? એ તો અહીં, આ સમયે, આ ક્ષણ અને પળમાં છે. આપણે સવારથી સાંજ સુધી જે કંઈ કરીએ છીએ તે સર્વમાં એની જ સત્તા છે. અત્યારે અને અહીંયાં જ જો નહિ શોધો તો ક્યાં શોધશો ? સત્ય અને પ્રભુ જીવનની બહાર નથી. જીવન જ વિભુ છે, એ જ અનંત ઐશ્વર્યશાળી છે. આપણે વિચાર કરીએ છીએ કે સાધના કરવી છે પણ રોજબરોજનો વ્યવહાર તો જેવો ચાલે છે તેવો જ ચલાવીએ છીએ. શારીરિક અને વાણીનો વ્યવહાર તો આમ જ ચાલશે. અને પછી એકાંતમાં જઈને, આંખો બંધ કરીને શોધવું છે એ અસંભવ છે.

## વિજ્ઞાનપૂત વ્યવહાર

આહારવિહારમાં વૈજ્ઞાનિક દૃષ્ટિ અને વિજ્ઞાનપૂત વ્યવહાર જોઈએ. એમાં આગ્રહ નહિ, દબાવ-તણાવ નહિ, દંભ-પાખંડ નહિ અને નિગ્રહ-દમન-પીડન માટે અવકાશ નહિ. જે વાત સમજણમાં ઊતરી ગઈ તે તો સહજ અને સ્વાભાવિક જ થઈ જશે. ત્યાં દંભ-પાખંડ અને દમન-પીડન કેવી રીતે આવી શકશે ? વૈજ્ઞાનિક દૃષ્ટિને જીવન અને અધ્યાત્મ સાથે જોડવી આવશ્યક છે.

## અધ્યાત્મ અને ઝડપી વિશ્વાસ

અધ્યાત્મની વાત આવી કે મનુષ્ય કેટલો ઝડપથી વિશ્વાસુ બની જાય છે ! વિશ્વાસો, રૂઢિઓ અને માન્યતાઓ ઉપર ચાલે છે. એક બાજુ એને અદ્યતન યંત્રવિજ્ઞાન જોઈએ, પરંતુ જ્યાં અધ્યાત્મની વાત આવી ત્યાં ઝડપી વિશ્વાસને માર્ગે ચાલ્યો સંપ્રદાયમાં. ગમે તે વસ્તુ માની લેશે. ચમત્કારને નમસ્કાર કરશે. સમસ્ત સંસારમાં અધ્યાત્મને માટે એક અજબ જીર્ણ મતવાદ પ્રચલિત છે, જે જિજ્ઞાસાને જીવવા નથી દેતો. એનું ગળું ઘૂંટી દે છે.

## સહજતાનો પ્રારંભ

પહેલી ક્રાંતિ આપણા શરીરવ્યાપારમાં થશે. ઊઠવા-બેસવામાં, સૂવા-જાગવામાં, હસવા-બોલવામાં અને ખાવાપીવામાં - બધામાં જ પછી વૈજ્ઞાનિક દૃષ્ટિ આવશે. આસન, અધિષ્ઠાન એ જ થશે. વિજ્ઞાનપૂત દૃષ્ટિમાં નિગ્રહ,

દમન અને પીડનની આવશ્યકતા ન હોવાને કારણે સહજતાનો પ્રારંભ ત્યાંથી જ થશે.

## પહેલું પગલું-શરીરનો પરિચય

બુદ્ધિથી ઉપર જવું છે, મનની પેલે પાર જવું છે, પરંતુ પગલું ક્યાં પાડશો ? સો માઇલ ચાલવું છે, પરંતુ પહેલું પગલું તો જ્યાં બેઠા છીએ ત્યાંથી જ ઉઠાવવું પડશે. જે શરીરમાં બેઠા છીએ ત્યાંથી પહેલું પગલું ઉઠાવવા માટે વિજ્ઞાનપૂત શરીર—વ્યાપાર અને શરીરનો પરિચય આવશ્યક છે. શરીર કોઈ દુશ્મન નથી, કોઈ પૂજા અથવા ઉપાસનાની વિભૂતિ પણ નથી. બંને ગલત છે. ન તો એ ફેંકી દેવાની ચીજ છે, ન પૂજા કરવાની. આ બંને દૃષ્ટિથી મુક્ત થઈને જ્યારે વૈજ્ઞાનિક દૃષ્ટિને અપનાવીશું ત્યારે જિજ્ઞાસાને શ્વાસોચ્છ્વાસ લેવાની તક આપીશું.

## શરીરવ્યાપારમાં યાંત્રિકતા

જ્ઞાતના વિષયમાં અજ્ઞાન અને તેની સાથેનો ગલત સંબંધ જ અજ્ઞાતનો ભ્રમ પેદા કરે છે. શરીરવ્યાપારમાં ક્યાં ક્યાં વિજ્ઞાનને લઈ જઈ શકાય છે ? આપણને તો આદત વિના કશું કરતાં જ આવડતું નથી. સવારથી રાત સુધીના વ્યવહારને જોઈ લો. સ્નાન પણ આપણે માટે યાંત્રિક બની જાય છે. ભોજન પણ યાંત્રિક ક્રિયા છે.

જળના સ્પર્શથી અભિભૂત થવાનો આપણી પાસે વખત નથી. વ્યગ્રચિત્ત છીએ અને નાહી રહ્યા છીએ. શરીર સ્વચ્છ થશે, એનું પ્રક્ષાલન નહિ થાય. એ સ્વચ્છ થશે, શુચિભૂત નહિ થાય. સ્વચ્છતા અને મંગલતામાં અંતર છે. આપણો તો જલની સાથે સંબંધ જ નથી. સાત નદીઓ અને સાત સાગરોના પાણીનું આહ્વાન કરીને લોકો સ્નાન કરતા હતા. '**जले सन्निधि कुरू**' એમાં એક એવો સંકેત હતો કે શરીરની અંદર જે જલતત્ત્વ છે એ જ બ્રહ્માંડમાં પણ છે. બંનેના સંયોગનો અવસર છે સ્નાન. પરંતુ આપણે નાહીને એવી રીતે બહાર નીકળીએ છીએ કે જાણે કંઈ કર્યું જ ન હોય.

જમવા બેસીએ છીએ ત્યારે અન્નની સાથે સંયોગ નથી હોતો, એ યજ્ઞકર્મ નથી હોતું, આપણે આહુતિ નથી આપતા. મુખમાં કોળિયો લઈ રહ્યા છીએ, મન ક્યાંક બીજે છે, વાતો કંઈક બીજી જ ચાલી રહી છે અથવા તો ઉપેક્ષા

છે. ભોજનની સાથે સંબંધ જ નથી. અન્ન-બ્રહ્મનું સેવન ક્યાં ? ધારણા ક્યાં ? ભોજન ક્યાં ? કંઈ પણ તો નથી થતું.

## સમગ્રતાથી ખીલેલું કર્મ

આપણાં બધાં કર્મો ખંડિત હોય છે, એટલે જીવનની સાથે આપણું મિલન થતું નથી. સમગ્રતાથી કરેલું કર્મ પુષ્પ છે, તે બાંધતું નથી. એ પાછળ કોઈ સંસ્કાર નથી છોડતું અને સ્મૃતિ પણ છોડી જતું નથી. દ્વન્દ્વની વચ્ચે નિર્દ્વન્દ્વ રહીને એક શાન અને ઐશ્વર્ય સહિત માણસ આગળ નીકળી જાય છે. એને નથી સુખ બાંધતું કે દુઃખ રોકતું. ન હર્ષની ઉત્તેજના છે, ન શોકનો અવસાદ. માણસ પસાર થઈ જાય છે, કારણ કે પસાર થવાનું તો છે જ.

## સમતોલ વ્યવહાર

આપણા શરીરવ્યાપારો કેવા ચાલે છે ? કાં તો ઉપેક્ષા રહે છે અથવા ભોગની લાલસા હોય છે. કાં તો દમન-પીડન, કાં ઉત્તેજના અને વ્યગ્રતા. એ બધી જ તણાવયુક્ત અવસ્થા છે. વૈજ્ઞાનિક અને સમતોલ વ્યવહાર નથી. જો અહીં સમતુલા ઘટિત નહિ થાય તો આગળ ચાલીને એ ઉપલબ્ધ કેવી રીતે થશે ? પાર્થિવ અને ચિન્મય એવા જીવનના બે ખંડ નથી. પાર્થિવ આવરણોમાં જ ચિન્મય છુપાયો છે.

## જિજ્ઞાસાને જીવનદાન

જિજ્ઞાસાને જીવનદાન આપીએ, એને જીવવા દઈએ. ઇન્દ્રિયોથી પ્રારંભ કરીએ. એવી શી જરૂર છે કે શરીરમાં લોહીની ગાંઠો બાઝે, ક્યાંક સંધિવાનું દર્દ થાય, કઠોરતા આવે. આવા પ્રકારની ગાંઠો અને લોહીના અભિસરણમાં અવરોધ શા માટે ઉત્પન્ન થવા દઈએ ? કારણ કે શરૂઆતથી જ એ તરફ ધ્યાન દીધું નથી. સ્નાયુઓની સાથે, માંસપેશીઓની સાથે અને મજ્જા સાથે કેવો વ્યવહાર કરવો જોઈએ, તે કદી જોયું જ નથી. એમનું સ્વાસ્થ્ય, સૌંદર્ય અને લાવણ્ય બન્યું રહે એ બાજુ કદી અવધાન રાખ્યું જ નથી. શરીરને કેમ ઉઠાવવું, બેસાડવું, કેમ ચલાવવું એ સભાન અવસ્થામાં કદી જોયું છે ? કેવી સુંદર માનવકાયા છે ! પરંતુ એ બાજુ અવધાન ન દેવાને કારણે ખોટી રીતે બેસવાની, ઊઠવાની, ચાલવાની અને શ્વાસ લેવાની આદત થઈ ગઈ છે, એમાંથી વિકૃતિઓ પેદા થયા કરે છે.

### યોગશાસ્ત્ર

શરીરને સ્વસ્થ, સપ્રમાણ, સુંદર, સુડોળ અને નિરામય રાખી શકાય એટલા માટે યોગશાસ્ત્ર છે. આ કોઈ અશક્ય વસ્તુ નથી. મનુષ્યે એવો વિચાર કરવો જોઈએ કે એની પણ જીવનમાં જરૂર છે. જિજ્ઞાસાના આલોકમાં જીવનને જોવાનું એટલે કે સાધનાની શરૂઆત દેખાડું છું. આ કોઈ રહસ્યવાદ નથી. સાધના કોઈ રહસ્યમય અને ગૂઢ વસ્તુ નથી.

### વાણીનું અપમાન

આપણા જીવનમાં અને વ્યવહારમાં વાણી દાસી કરતાંય વધારે અપમાનિત થાય છે. બિચારી કચડાય છે અને રગદોળાય છે. જે નથી કરવું તે કહેવાય છે, જે કરવું છે તે છુપાવાય છે, અને આ બધું વાણી દ્વારા કરવામાં આવે છે. જે જિવાયું નથી તે દેખાડાય છે અને જે આપણે જીવવું નથી તે પણ બતાવાય છે. વાણી મા છે, દાસી નથી. એનામાં છુપાયેલાં મંગલતા, દીપ્તિ અને અગ્નિ તત્ત્વનું આપણને જરાય ભાન નથી. આખો દિવસ જો વાણીનો દુરુપયોગ કરીશું, એને અપમાનિત કરીશું, ઉપેક્ષિત રાખીશું, એની સાથે વ્યભિચાર કરીશું, તો કલાક સુધી જીભ બંધ કરીને બેસવાથી કયું મૌન સધાશે ? રોજ આખો દિવસ બોલ્યા કરીશું અને અઠવાડિયામાં એક દિવસ મૂંગા રહીશું, એ પણ તો વાણીની સાથે અત્યાચાર થશે. કાં તો દુરુપયોગ કરીશું કાં તો દબાવીશું.

આ વિજ્ઞાનપૂત દૃષ્ટિ નથી, આ વૈજ્ઞાનિક વ્યવહાર નથી. આપણે જ્યારે બોલતા નથી ત્યારે પણ અંદર પોતાની સાથે દિનરાત બોલ્યા કરીએ છીએ.જેઓ વાણીનો ઉપયોગ, વિનિયોગ પવિત્રતા અને મંગલતાને કાજે કરે છે, એના વ્યવહારમાં અતિશયોક્તિ, સંદિગ્ધતા અને અનિશ્ચિતતા નહિ રહે, ત્યારે વ્યક્તિ દ્વારા જે શબ્દ બોલાશે તેનું ઉપાદાન મૌન હશે. મૌનના ઉપાદાનમાં રસાયેલા શબ્દો જ પછી બોલાશે. શબ્દો ત્યારે અંદરની મૌનાવસ્થાની છાયા હશે. શબ્દની કાયા અને એનું તેજ બદલાઈ જશે. એમાં પ્રાણનો સંચાર થશે. આજે તો શબ્દો નિષ્પ્રાણ છે, રાખ છે, છોતરાં છે, એમાં સત્ત્વ નથી.

### વાણીનો વાસ્તવિક ઉપયોગ

જેણે વાણીનો યથાર્થ ઉપયોગ કરવાની કલા સાધી છે, તેના જીવનની અનંત સમસ્યાઓ પોતાની મેળે શાંત થઈ જશે. ઘરમાં આની સાથે નથી

બનતું, પેલાની સાથે નથી બનતું, મિત્રોમાં ગલતફેમી અને સંદેહ રહે છે; એ બધી માયાજાળ શાંત થઈ જશે, જો વાણીની સાથે વૈજ્ઞાનિક સંબંધ સ્થાપિત થશે.

કલાક આખો ઉપાંશુ જપ કર્યા કે વૈખરી જપ કર્યા, મંત્રોચ્ચારણ કર્યું કે સ્તોત્રપાઠ કર્યા અને બાકીના ત્રેવીસ કલાક ગમે તેવો વાણીનો ઉપયોગ કર્યો તે બધું સાધના નથી. વાણી પર સ્વાર્થના ચાબુક ચલાવશે, લાલસાની લાકડી ચલાવશે, વાણીને ગુલામ બનાવશે તો તેનાથી સાધક નહિ બની શકાય. વાગ્દેવતાને ગુલામીની જંજીરોમાંથી મુક્ત કરી નાખો. જ્ઞાનેશ્વરે અમૃતાનુભવનો એક નાનકડો ગ્રંથ ૧૫ વર્ષની ઉંમરે લખ્યો હતો. એમાં કહ્યું છે : **'चार ही वाचा शृंगार हे अविद्येचा'** પરા, પશ્યન્તી, મધ્યમા અને વૈખરી તે ચારે વાણી અવિદ્યાનો શૃંગાર છે. વાણીની મૂળભૂત નિર્બળતાનું રહસ્ય વળી ક્યારેક મળવું થશે ત્યારે કહીશું.પરંતુ આજે વૈખરી, મધ્યમા અને પશ્યન્તીની શૃંગારિક, પ્રસાધિત અને પ્રેરક વાણીની સાથે જો વૈજ્ઞાનિક દૃષ્ટિથી વરતી શકાય તો ઘણું કામ થાય એ વાત સાધકોના ચિંતનને માટે અહીં મૂકીએ છીએ.

ગુરુની સામે વિનમ્રતાની ભાષા અને નોકરચાકર સાથે બોલવામાં ભાષાનું બદલાઈ જવું; સ્વર, શબ્દ એ સર્વનું બદલાઈ જવું એ જોવા જાણવા જેવી વાત છે. પોતાના ઉપલા અધિકારીની સાથે એક વ્યવહાર છે અને નીચલા અધિકારીની સાથે બીજો, પોતાના પુત્રની સાથે એક વ્યવહાર છે અને પડોશીના પુત્રની સાથે બીજો છે. આવું જ્યાં સુધી ચાલે છે ત્યાં સુધી બંધનમાંથી મુક્તિ કેવી રીતે થશે ? આ જ તો બંધન છે.

### મનનો પરિચય

મનનો પરિચય અને મન-બુદ્ધિનો વૈજ્ઞાનિક ઉપયોગ એ સર્વ ધ્યાનની તૈયારી છે. મન વિક્ષુબ્ધ અવસ્થામાં હોય તો આગળની યાત્રા થઈ શકતી નથી. અંતરયાત્રાના માર્ગમાં જે ઇંટરોડાં પડ્યાં છે, વિક્ષેપ - પ્રત્યવાય પડ્યા છે, તેમને પહેલાં હટાવવા પડશે. મન અથવા બુદ્ધિની હાલત વાણીથી પણ બૂરી છે. એમનો ક્યાં ઉપયોગ કરવો એનો વિચાર જ કરતા નથી. કૂતરાની પૂંછડી અને માણસનું મન ચંચલ જ રહે છે. કંઈક માહિતી પ્રાપ્ત કરવી હોય તો બુદ્ધિનો ઉપયોગ જરૂર કરો, એ જાણકારીને સંગૃહિત કરવી હોય તો સ્મૃતિનો પણ ઉપયોગ કરો. સામુદાયિક વ્યવસ્થાને માટે કંઈક સંયોજન કરવું છે તો

કલ્પનાશક્તિનો ઉપયોગ કરો. આ બધી શક્તિઓનો ઉપયોગ તો જીવનમાં કરવાનો છે, પણ પ્રયોજન ન હોય તો પણ ? કંઈ કામ નથી અને શાંતિથી બેઠા છીએ અને કાલની, પરમ દિવસની તથા દશ વર્ષ પહેલાં બની ગયેલી ઘટનાઓને યાદ કરીએ છીએ. એને વાગોળી રહ્યા છીએ. આ સ્મરણશક્તિનો દુરુપયોગ છે ને ! કોઈ ઘટના ઘટી અને એનો રિપોર્ટ આપવો છે, તો એમાં પોતાની કલ્પનાશક્તિને મેળવી દેવાય છે. રુચિ-અરુચિના રંગો એમાં નંખાય છે. પોતાના અભિપ્રાયોને એમાં ગૂંથી લેવાય છે. આ રિપોર્ટ આપવાની રીત છે ? પ્રત્યેક વસ્તુમાં કલ્પનાશક્તિનો ઉપયોગ કરવો અને જ્યાં કામ નથી ત્યાં પણ સ્મૃતિને વાપરવી, એને કારણે જ મનુષ્યનું મગજ થાકેલું રહે છે.

## ચિત્તની સમગ્રતા વડે કર્મ

જિજ્ઞાસુથી સાધકની અવસ્થા સુધી પહોંચવાની વાત થઈ રહી છે. મનના ઉપયોગના પ્રસંગમાં એક બીજી વાત. કોઈ પણ કર્મ કરતી વખતે સમસ્ત ચિત્તનો ત્યાં ઉપયોગ કરવો જોઈએ. રસોઈ બનાવતા હોઈએ તો રસોઈની વાત મનમાં રહે. પરંતુ આપણે તો ઑફિસમાં હોઈએ છીએ અને ઘરની વાત વિચારીએ છીએ અને ઘરમાં ઑફિસની કરીએ છીએ. પત્નીની પાસે મિત્રની અને મિત્રની પાસે પત્નીની વાત વિચારીએ છીએ. એક પણ કર્મ સંપૂર્ણ મન વડે નથી કરતા.

વિભાજિત ચિત્તની દશામાં કરેલાં કર્મો બાંધે છે, કારણ કે જે કરી રહ્યા છીએ તે પણ સંપૂર્ણતાથી કરાતું નથી. અને જેનું ચિંતન કરી રહ્યા છીએ તેની પણ અનુભૂતિ થતી નથી. જે વાત મનમાં આવી અને આપણે કરી શકતા નથી તેનો પણ સ્નાયુઓ ઉપર રાસાયણિક તણાવ થાય છે, અને જે કરી રહ્યા છીએ તે પણ અડધા મનથી કરીએ છીએ એટલે તેનો પણ તણાવ-દબાવ રહે છે. આવા તણાવ-દબાવમાં કેમ જીવવું ?

આપણને એવું શિક્ષણ જ મળ્યું નથી કે જે સમયે જે કરવું હોય તેને પોતાની સંપૂર્ણતામાં કરવું, સમગ્રતામાં કરવું; એટલે આગળની ક્ષણમાં મિલન થાય તે માટે મુક્ત રહી શકાય. એવું ન થાય કે આ ક્ષણથી આગળની ક્ષણ સુધી પોતાની જાતને ઘસડવી પડે. મનના ઉપયોગમાં કેવા પ્રકારે વૈજ્ઞાનિકતા લાવી શકાય છે તેનો અહીં સંકેત કે ઇશારો કર્યો છે. આ પૂરું વિવરણ નથી.

## યોગ

આ પ્રકારે જો શરીર, વાણી, મન અને બુદ્ધિની સાથે વૈજ્ઞાનિક વ્યવહાર સદી ગયો તો એ જ યોગ છે. **समत्वं योग उच्यते** । સમત્વ શું છે ? એ જડતા નથી. સમતુલા જ સમત્વ છે. સમતુલા જો સદી જાય તો આગળનું પગલું માંડી શકાય છે.

## મનનું મૌન

આગળનું પગલું એ છે કે મનના મૌનને ઘટિત થવા દઈએ. ચોવીસ કલાકમાં કોઈ સમય એવો કાઢીએ કે જ્યારે એકાંતમાં શાંત સ્થાનમાં બેસીએ એ વખતે આપણા ઉપર કોઈનો કંઈ દાવો ન હોય. આત્મસંગને માટે જ્યારે બેઠા હોઈએ ત્યારે તમે કોઈના પતિ નહિ, પત્ની નહિ, પિતા અથવા તો ભાઈ નહિ. એટલા સમયમાં વિક્ષેપ ન આવે અને ઊઠવું ન પડે. શાંતિથી સ્વસ્થ થઈને બેઠા છીએ અને કરી શું રહ્યા છીએ ? ત્યાં માત્ર નિરીક્ષણ શેષ રહે છે. ત્યાં કર્તૃત્વ નહિ, દ્રષ્ટૃત્વ રહેશે. દ્રષ્ટાપણાની ભાવનાથી કઠણ આરોહણ, સખત ચડાણ શરૂ થાય છે. હમણાં સુધી તો સમથળ ભૂમિ હતી. શરીર, મન, વાણીના વ્યાપારોને જોયા, વૈજ્ઞાનિક સમતુલાને સાધી લીધી. એ સમથળ ભૂમિ હતી. હવે ચડાણ છે.

ચડાણ એ છે કે નિરીક્ષણની અવસ્થામાં રહેવાનો આપણને અભ્યાસ નથી, શિક્ષણ નથી. નિરીક્ષણની અવસ્થા પળભર પણ ટકી નથી રહેતી. જ્યાં નિરીક્ષણ કર્યું કે તુલના થઈ, વિશ્લેષણ થયું. જોઈએ - નહિ જોઈએ - ના ભાવો ઊઠ્યા, અસ્વીકાર - સ્વીકારના ભાવો ઊઠ્યા. નિરીક્ષણ રહેતું નથી. પળભરમાં નીરખવાની અવસ્થા હઠી જઈને કર્તા-ભોક્તાની અવસ્થા આવી જાય છે.

મનુષ્ય નિર્ણય કરવાનું જ જાણે છે. હવે એને આત્મશિક્ષણ કરવાનું છે. પોતાની જાતે શીખવાનું છે કે નિરીક્ષણ કેમ કરવું. નિરીક્ષણ કરવા બેઠા કે સારા-નરસાનો નિર્ણય ઊઠ્યો. વળી નીરખવાની અવસ્થામાં પાછા આવ્યા. થોડા સમય સુધી આ બેવડી પ્રક્રિયા ચાલે છે. જિજ્ઞાસાની ઉત્કટતા જેટલી વધારે હશે તેટલો આ બેવડી પ્રક્રિયાનો સમય ઘટશે.

કેટલો સમય લાગશે ? એનો ઉત્તર એટલો જ છે કે જિજ્ઞાસાના

અનુપાતમાં સમય લાગે છે. સમયની સ્વતંત્ર સત્તા નથી. જિજ્ઞાસા અત્યંત ગહન, ગંભીર અને ઉત્કટ હશે તો ગતિ વધશે. ગતિના અનુપાતમાં અવકાશ સંકોચાઈને સમેટાઈ જાય છે. ઉત્કટતા એક પરિમાણ છે, એની પોતાની ગતિ છે. જેટલી ઉત્કટતા હશે તેટલી ગતિ વધશે. સમય કેટલો લાગશે તે આપણા પોતાના ઉપર નિર્ભર છે.

## દ્રષ્ટા અને કર્તા-ભોક્તાની ભૂમિકા

આ બેવડી પ્રક્રિયા ચાલે છે. નિરીક્ષણની, નિરીક્ષણની અવસ્થાનું છૂટી જવું અને ફરી હાથ આવવું. બેવડી પ્રક્રિયા જો શાંત થઈ જાય અને જ્યારે શાંત થાય ત્યારે માત્ર નિરીક્ષણ શેષ રહી જાય છે. સાક્ષિત્વ અને દ્રષ્ટૃત્વ શેષ રહે છે. ચેતન, અચેતન અને અવચેતનમાં જે ભરેલું પડ્યું છે તે બધું દેખાય છે. જ્યારે ચેતનાનાં દ્વાર ખૂલે છે અને અચેતન સ્તરના સંસ્કાર, અનુભવ ઉપર ઊપસી આવે છે ત્યારે નિરીક્ષણની અવસ્થામાં ટકી રહેવું મુશ્કેલ બની જાય છે. અચેતન-અવચેતનમાં જ્ઞાન અને અનુભૂતિઓનું જે એક ખમીર પડ્યું છે એનો એક નશો હોય છે.

કોઈ પ્રકાશ જોયો, કોઈ નાદ સાંભળ્યો, ચડ્યો નશો. નાદ પણ એક પ્રકારનું દ્રવ દ્રવ્ય છે. નાડીઓમાંથી વહે છે. એ અત્યંત સૂક્ષ્મ દ્રવ્ય છે. એનાં સ્પંદનો સંભળાય છે. એ અનાહત ધ્વનિ છે જેને આધારે સંગીતના સાત સ્વરો સંભળાય છે. શ્વાસના કોમળ સ્પર્શ વડે જ્યારે નાડીઓમાં સ્પંદન થાય છે ત્યારે જો ચિત્ત શાંત હોય તો એ સ્પંદનો સંભળાય છે. પરંતુ લોકોને એનો કેટલો બધો અહંકાર હોય છે !

જરા પ્રકાશ જોયો, અગ્નિનો રંગ દેખાયો કે નીલવર્ણનો જોયો. પંચ મહાભૂત અંદર પડ્યા છે. તેમાંથી જ્યારે જેની પ્રબળતા થશે તે અનુસાર રંગોનાં દર્શન થશે. આખરે તો ત્યાં પણ દ્વૈત છે જ. દર્શન પણ છે અને દૃશ્ય પણ છે. ક્યારેક નાદ, ક્યારેક પ્રકાશ અને ક્યારેક સુગંધ આવે છે. સુગંધ શું છે ? કયા ઉપાદાન વડે એનું નિર્માણ થાય છે ? આ પણ એક વિષય છે જેમાં હમણાં આપણે નહિ જઈએ. પરંતુ અહીં નિરીક્ષણ છૂટી જાય છે અને ભોક્તાની ભૂમિકા આવી જાય છે કારણ કે સુખ થાય છે.

ઇન્દ્રિય-વિષય સંગમાં એટલું સુખ નથી જેટલું અતીન્દ્રિય અનુભૂતિમાં છે. એ અનુભૂતિ ન બને અને માત્ર ઘટના જ રહી જાય; અચેતનનાં દ્વાર

ખૂલતાં જ જે કંઈ દેખાય છે તે માત્ર દશ્ય જ રહી જાય, વિષય ન બને. મોટો સૂક્ષ્મ ભેદ છે. એના ઉપભોગમાં માણસ ગૂંચવાઈ જાય છે. એના છેડામાં માણસ જો ન ગૂંચવાઈ જાય તો ઊંડાણમાં જે સંસ્કાર પડ્યા છે તે ઉપર આવે છે. ચેતનમન જે દર્શન-શ્રવણ વગેરેનો કોઈ અર્થ નહિ કરી શકે એવી પણ ઘટનાઓ ઘટિત થશે. એમને ઘટિત થવા દેવી જોઈએ. એમાંથી પસાર થઈ જવું જોઈએ. ત્યાં ભોક્તાની ભૂમિકામાં ન ઊતરવું જોઈએ. એમાં જો ઊતર્યા તો નિરીક્ષણ છૂટી જાય છે.

મનુષ્ય નિરીક્ષણની અવસ્થામાં ટકી રહે, સ્થિર રહે. જિજ્ઞાસાના આલોકમાં જોઈ લો કે ક્યાં શું પડ્યું છે. આ દેખાય છે, આ ઘટિત થાય છે એમ આગળ નીકળી ગયા. અતીન્દ્રિયમાં ફસાય નહિ અને અટકે નહિ, એટલા માટે કહ્યું છે કે આ શૂરાઓનું કામ છે. નિરીક્ષણની અવસ્થામાં રહેવું એ સાહસનું કામ છે. કાયરોનું કામ નથી.

### દ્રષ્ટાનું શાંત થવું

નિરીક્ષણની અવસ્થા જો અહીં સુધી ટકી રહી તો પછી બધાં દશ્ય શાંત છે અને દશ્યોના શાંત થઈ જવાથી દ્રષ્ટા આપમેળે વિસર્જિત થઈ જાય છે, શાંત થઈ જાય છે. એ અવસ્થા સુધી પહોંચાશે. પરંતુ દ્રષ્ટાના શાંત અથવા તો વિસર્જિત થતાં પહેલાં એટલું ધ્યાન રહે કે એકવાર એ અંતિમ વલોપાત કરી જુએ છે.

### અહંકારનો વલોપાત

નિરીક્ષણનું કર્મ જ્યાં સુધી ચાલે છે ત્યાં સુધી અત્યંત સૂક્ષ્મ સ્તર પર અહંકાર છે. દ્રષ્ટાભાવને ધારણ કરવા માટે લવલેશ અનિવાર્ય છે. હવે જ્યારે સર્વ દશ્ય શાંત થઈ ગયાં ત્યારે અહંકાર જશે ક્યાં ? હવે એના વલોપાતનો પાર નથી. એને તો ક્રિયા, અક્રિયા અથવા તો સાક્ષિત્વભાવ કોઈ પણ આધાર જીવવા માટે જોઈએ. હવે ન દિશાઓ છે, ન ગંતવ્ય સ્થાન છે, ન કશું કરવાનું છે કે ન કશું જોવાનું છે. ત્યારે એ વ્યાકુળ થઈને રડી પડે છે કે હવે હું મર્યો. એને જીવવા માટે હવે અહીં કશું જ નથી. એની આકુલતાવ્યાકુલતા અને આક્રંદની સીમા નથી રહેતી. અહંકાર કહે છે મને અહીંથી લઈ જાઓ, અહીં તો કરવાનું કશું જ નથી.

અહંકાર વિચારે છે કે બીજું કંઈ નહિ તો ઓછામાં ઓછો પ્રપત્તિનો પુરુષાર્થ તો કરી લઉં. શરણાગતિ એ કોઈ કર્મ છે ? કોઈ પુરુષાર્થ છે ? અહંકાર એ શરણાગતિ પકડીને જીવશે કે મેં શરણાગતિ કરી. મારો માર્ગ સમર્પણનો છે. સમર્પણને પણ પુરુષાર્થ બનાવી દીધો છે. શરણાગતિનો અહંકાર રાખનારાને આ દેશમાં જોયા હશે.

## ભાવાતીત પ્રદેશ

જ્યારે બધાં જ દશ્યો શાંત થઈ જાય છે ત્યારે અતલ ખાઈ અને દિશાહીન પ્રદેશ આવે છે. એ ભાવાતીત છે. ત્યાં ધારણ કરવાનો કંઈ કશો અવકાશ નથી. ઘણી આકુલતા, વ્યાકુલતા, તરફડાટ અને આક્રંદની ઘડી આવે છે. એને કોઈ ટાળી શકતું નથી. એનાથી નાસવું નહિ. એમાંથી બચવા માટે ભિક્ષાપાત્ર લઈને જો દશે દિશાઓમાં દોડવા માંડીશું કે ક્યાંક કોઈ બચાવી લે તો અહીં સુધીની યાત્રા નિષ્ફળ જશે. બચતા રહેવાથી સત્યનું ઉદ્‌ઘાટન નહિ થાય. જે બચવા ચાહે છે તેને ઉપલબ્ધિ નહિ થાય. પ્રાપ્તિનું પ્રલોભન અને પલાયન બંને એક જ સિક્કાની બે બાજુ છે. જેવી પરિપૂર્તિ પ્રાપ્તિમાંથી મળે છે એવી જ પલાયનમાંથી પણ મળે છે. અહંકાર ત્યાં કંઈક પકડી શકે છે.

આ અવસ્થામાંથી મનુષ્ય નાસે નહિ. રડે, આંસુ વહે, માથું પછાડવાની ઇચ્છા થાય, ફસાઈ ગયો છું એવું લાગે તો એમાં હરકત શી છે ? કંઈ જ હરકત નથી, ટકી રહે. અહીં ધીરજની પ્રતીક્ષા છે. જિજ્ઞાસાની સચ્ચાઈની અને સાહસની કસોટી છે. અંધકાર દેખાય છે.

## અંધકારનો પ્રદેશ

અંધકાર અને પ્રકાશની ભાષા જ્યારે અહંતા બોલે છે ત્યારે એણે સમજવું જોઈએ. જ્યાં ક્રિયા-અક્રિયાને અવકાશ છે, તેને અહંકાર પ્રકાશ કહેશે. એના અભાવને અંધકાર કહેશે. એ અહંતાની પ્રતિક્રિયા છે, વસ્તુસ્થિતિ નથી. ઋગ્વેદનું નાસદીય સૂક્ત જોયું હશે. **न तत्र सदासित् नासदासित्** । સત્ પણ નથી, અસત્ પણ નથી. મૃત્યુ નથી, અમૃત પણ નથી. દિન નથી, રાત પણ નથી. આને કાવ્ય ન સમજશો, આ રૂપક અથવા અલંકાર નથી.

આ અહંકારની પ્રતિક્રિયા છે, એનાં વ્યાકુળતા, વલોપાત અને આક્રંદ છે. એને જો બરાબર સાચી રીતે સમજી લેશો તો વ્યાકુળતાને આપ સમસ્યા

નહિ બનાવો. અને એની સાથે પ્રતિકારને નહિ જગાડો. પલાયન પણ એ ઘટનાનો પ્રતિકાર છે. જો આ પ્રતિકાર અથવા ઘર્ષણ નહિ હોય તો પછી દ્રષ્ટા વિસર્જિત થઈ જાય છે. પોતાના સંચિત જ્ઞાન અને અનુભૂતિને લઈને ચાલનારી વ્યક્તિચેતના શાંત થઈ જશે. નષ્ટ નહિ, લુપ્ત નહિ, સુપ્ત નહિ, શાંત.

હવે વ્યક્તિ-ચેતના અને વિશ્વ-ચેતનાની વચ્ચે જે ઘણો પાતળો અને ઝીણો અહંકારનો પડદો હતો તે ઝરી ગયો. દ્રષ્ટાના આપમેળે શાંત થતાં જ, વિશ્વ-ચેતના અને વ્યક્તિ-ચેતનાનો જે ભેદ હતો, જે પડદો હતો એ ચાલ્યો ગયો. હવે વ્યક્તિ વ્યક્તિ નહિ અને વ્યક્તિની અપેક્ષાએ, જેને વિશ્વ-ચેતના કહેવી પડી હતી તે જ છે. એક ચેતનાનું સામ્રાજ્ય છે જ્યાં કેન્દ્ર નથી અને પરિધિ પણ નથી. ત્યાં અહં અને મમ કહેવાની ગુંજાઈશ પણ નથી.

## નિરહંકારિતા-વિનમ્રતા

આ પ્રકારે અહંભાવનું સમગ્ર વિસર્જન અને સમગ્ર શાંતિ એ જ નિરહંકારિતા, વિનમ્રતાનો આશય છે. જેમ મૃદંગમાં બંને બાજુએ ચામડું મઢેલું રહે છે તેમ હાડ-માંસમાં શૂન્યતા ભરેલી હોય છે. હાડ-માંસમાં ભરેલ નિરહંકારિતા અથવા વિનમ્રતાનો આશય જ ત્યાં રહી જાય છે. જોવા માટે વ્યક્તિનું કલેવર છે પરંતુ આશય કેવલ વિનમ્રતા, કેવલ નિરહંકારિતાનો રહી જાય છે. કાવ્ય અને રસિકતાની ભાષામાં કહેવું હોય તો એ વ્યક્તિનું જીવન પછી વાંસળી બની જાય છે, પ્રભુ પછી એને પોતાના હાથમાં રાખીને બજાવશે. વિશ્વવિભુના, પ્રભુ-પરમાત્માના હાથમાં આવા નિરહંકારીનું જીવન બંસી બની જાય છે. એટલે એ વ્યક્તિની સર્વેન્દ્રિયમાંથી જે વ્યક્ત થશે તે એ વ્યક્તિનું નહિ હોય.

## સત્ય પર કોઈ એકલાનો અધિકાર નથી.

સત્ય ઉપર કોઈ એકલાનો અધિકાર નથી. સત્યના સંબંધમાં કોઈ નિહિત સ્વાર્થ હોઈ શકતા નથી. એ તો ઘટનાઓ છે જે ઘટિત થઈ જાય છે, ક્યારેક કોઈ બુદ્ધ, મહાવીર કે જિસસના જીવનમાં. પછી વ્યક્તિ જીવતીજાગતી સદેહે ઘટના બનીને આપ લોકોની વચ્ચેથી પસાર થઈ જાય છે. આ ચેતનાની એક એવી અવસ્થા છે જ્યાં અહંકારનો વેપાર થતો નથી. ત્યારે વિશ્વ-ચેતના એ માધ્યમ અથવા વાહનમાં વ્યાપારશીલ રહે છે.

ત્યારે નવી પ્રતિભાના ઉન્મેષ હોય છે, ત્યારે લાવણ્ય મુખરિત થઈ ઊઠે છે, ત્યારે '**सर्वमिदं विज्ञातं भवति**'ની અવસ્થા હોય છે. ત્યારે કોણ કોના ઉપર પ્રભુત્વ ચાહશે ? ત્યારે કોણ કોનો માલિક અને ગુલામ બનવા ચાહશે ? કોણ સંગ્રહ, પરિગ્રહ અથવા અપરિગ્રહ કરશે ?

## માનવનું સર્જન

આવા માનવનું સર્જન આજે અનિવાર્ય છે. જ્યાં સુધી પ્રભુત્વવાદી ચિત્ત સાથે આપણે જીવીએ છીએ ત્યાં સુધી શોષણનો અંત નહિ આવે. જ્યાં સુધી 'અહં' અને 'મમ'ના ક્ષેત્ર વિના મનુષ્ય જીવી શકતો નથી ત્યાં સુધી અન્યાયનો અંત નહિ આવે. જ્યાં સુધી બુદ્ધિના પરિગ્રહ અને વિશ્વાસે આપણે જીવવા ચાહીએ છીએ ત્યાં સુધી આક્રમણનો અંત નહિ આવે. આજનું આ આહ્‌વાન છે. આજે આ દેશની સ્થિતિ કેવી છે ? હિંસાની કેવી બોલબાલા છે ?

## ભારતની વર્તમાન સ્થિતિ

આ ભારતવર્ષ છે અને અહીં જ બધું ઘટિત થઈ રહ્યું છે. આજે આપણે જે પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા છીએ, એના વિષયમાં દિલ ખોલીને દેખાડી શકું તો વ્યથા અને પીડા સિવાય અંદર બીજું કંઈ નથી. એટલી વ્યથા છે કે હૃદય શેકાઈ જાય છે. પરંતુ બીજો કોઈ ઉપાય નથી.

## અન્ય ઉપાયોની નિષ્ફળતા

પશ્ચિમે બધા ઉપાયો કરીને જોઈ લીધું છે. સમાજરચના બદલીને જોયું, વિચારોને આધારે બદલીને જોયું, તલવારની શક્તિ ઉપર બદલીને જોયું. વ્યક્તિઓ પાસેથી માલિકીહક છીનવી લીધો, સરકારના નામ પર કરી દીધો. શોષણમુક્ત સમાજ બનાવવાનો મોટો પુરુષાર્થ કરીને જોયું. એ સમાજ ટકી ન શક્યો કારણ કે શોષણની જડો અંદર પડી છે. અન્યાય અને આક્રમણનાં મૂળિયાં આપની અને અમારી અંદર પડ્યાં છે. જ્યાં સુધી ચિત્તની ગુણવત્તા નથી બદલાતી ત્યાં સુધી સમાજની વ્યવસ્થા કેવી રીતે બદલાશે ? મનુષ્યને છોડીને સમાજનું અસ્તિત્વ છે પણ ક્યાં ? આપ સૌની સાથે અને સામે વ્યથાને વહેંચી રહી છું.

વિદ્યાર્થીઓને તો 'ધ્યાન-શિબિર'ના નામથી જ એવું લાગશે કે એમાં ફિલસૂફી અને અધ્યાત્મવિદ્યાની વાતો હશે. આજે તો ભૌતિકશાસ્ત્ર

(Physics)ની ક્ષિતિજો એટલી વ્યાપક બની રહી છે કે અધ્યાત્મવિદ્યા (Metaphysics) ને કહેવા માટે કશું શેષ રહ્યું નથી. 'મેટર' - જડ પદાર્થ જેવું આજ કશું રહ્યું જ નથી. આથી, આજે માનસ-વ્યાપાર પણ ભૌતિક તથ્ય બની ગયું છે. જીવવિજ્ઞાન અને મનોવિજ્ઞાનની ક્ષિતિજો પણ વ્યાપક બની રહી છે.

આપને જે સવાર-સાંજ કષ્ટ આપવામાં આવે છે તેનું કારણ છે. મનુષ્યને આ પોતાની મર્યાદિત ચેતનાની કેદમાંથી મુક્ત થઈને એક નવી ચેતનાના પરિમાણમાં જન્મ લેવો પડશે અને ત્યારે અન્યાય, શોષણ, આક્રમણ અને હિંસાથી મુક્તિ મળશે. સામાજિક સંબંધો, સામુદાયિક સંબંધો એ તો આપણી ચેતનાના વિસ્તારમાં થશે. આપણી અંદર જે પડ્યું છે એનો જ વિસ્તાર છે. એનું જ પ્રતિબિંબ છે. પ્રતિબિંબ સાથે લડીને શું કરશો ? જે કંઈ કરવું છે તે બિંબ સાથે કરો. જો બિંબ વિકૃત છે તો પ્રતિબિંબમાં વિકૃતિ આવ્યા વિના નહિ રહે.

## પ્રશ્નોત્તરી

**પ્રશ્ન :** સમગ્રતાથી શ્રવણ થઈ શકે એટલા માટે ચિત્તનું નિર્વિકાર હોવું કહેવાયું છે. તો શું સમાગમ એમનો જ થઈ શકે કે જેઓ રાગદ્વેષથી મુક્ત હોય ? ઘણાખરા શ્રોતાઓનાં અંતઃકરણ રાગદ્વેષથી ઉદ્વિગ્ન અને સારા-ખરાબની વાસનાથી અભિભૂત હોય છે. આવી દશામાં આ પ્રકારના સમાગમોમાં એ શ્રોતાઓનું 'સેવ્ય' શું છે ?

**ઉત્તર :** સત્યની ઉપલબ્ધિ, આત્માની ઉપલબ્ધિ, જિજ્ઞાસા વિનમ્રતાને જન્મ આપે છે. જે હું જાણું છું તે જ એકમાત્ર સત્ય છે, એ જ માત્ર સંપૂર્ણ સત્ય છે, એવો આગ્રહ હશે તો જિજ્ઞાસાનો જન્મ નહિ થાય. ચિત્તમાં જો રાગ-દ્વેષ હશે તો રાગને અનુકૂલ અને દ્વેષને પ્રતિકૂલ જે કંઈ હશે તેનું જ સેવન થશે, આ પ્રકારનો આગ્રહ હશે તો જિજ્ઞાસા નહિ રહે. માની લો કે ચિત્ત નિર્વિકાર અને નિર્વિચાર નથી. આપણામાંથી કેટલાં એવાં હશે કે જેમનું ચિત્ત ચોવીસ કલાકમાંથી એક કલાક પણ એ અવસ્થામાં રહેતું હશે ? વિચાર-વિકારોના વાદળાથી ઘેરાયેલું નહિ રહેતું હોય ? પરંતુ જ્યારે ક્યાંક શ્રવણને માટે જઈએ છીએ, અને એ શ્રવણ જો અહંકારની ચેષ્ટા નથી, વક્તાની પરીક્ષા લેવા જો આપણે નથી ગયા, ન્યાયાધીશ બનીને નથી ગયા; પરંતુ જિજ્ઞાસુ

બનીને ગયા છીએ, તો જિજ્ઞાસાની સારભૂત વિનમ્રતા આપમેળે આવી જાય છે, અને જ્યાં વિનમ્રતા આવી ત્યાં ઉન્મુખતા પોતાની મેળે પ્રવેશ કરે છે.

જિજ્ઞાસામાંથી વિનમ્રતા અને વિનમ્રતામાંથી ઉન્મુખતા, એ રીતે સંવેદનશીલતા જાગ્રત થાય છે. વક્તા અને શ્રોતાની વચ્ચે સંબંધ સ્થાપિત કરવા માટે જો જિજ્ઞાસાનો સેતુ હોય તો તે પૂરતું છે. વિનમ્રતા હશે તો પોતાની મેળે રાગ-દ્વેષને અને નિષ્કર્ષોને વક્તા પર ઠોકી બેસાડવામાં નહિ આવે, લાદવામાં નહિ આવે અથવા એમના ત્રાજવામાં શબ્દોને તોલવામાં નહિ આવે. એટલું આવશ્યક છે કે શ્રોતામાં જિજ્ઞાસા હોય તેમ વક્તામાં નિરહંકારિતા હોવી જોઈએ. એ જો પ્રતિપાદન કરવા આવ્યો હશે, 'હું સમજું છું' એવા અભિનિવેશની સાથે આવ્યો હશે, 'શ્રોતાઓમાં પરિવર્તન કરીશ' એ અહંકાર સાથે આવ્યો હશે તો જિજ્ઞાસા જીવી નહિ શકે, કરમાઈ જશે. વક્તા તરફથી સંવાદની વિનમ્રતા અને શ્રોતા તરફથી જિજ્ઞાસાની વિનમ્રતા હશે તો એક સંપર્ક સ્થાપિત થઈ જાય છે. એકમાં વિનમ્રતા હોય અને બીજામાં ન હોય તો મિલન થઈ શકતું નથી, સંયોગ થતો નથી.

કેવળ શ્રોતાને માટે જ નહિ, પરંતુ વક્તાને માટે પણ કંઈક તો સેવ્ય છે ને ! વક્તા પણ શ્રોતાઓના દ્વારા એટલો જ ઉપકૃત થાય છે જેટલો કે શ્રોતા. વક્તા પણ કંઈક પામે છે. શ્રોતા વિના વક્તા નથી. બીજી વાત એ છે કે એક તરફથી જિજ્ઞાસા અને બીજી તરફથી પ્રેમમય નિવેદન, એ બંનેના મિલનથી જે પુષ્પો ખીલે છે, તે બંનેને માટે સેવ્ય છે.

વક્તા જો એવું સમજે છે કે હું જે કમાયો છું, જે પામ્યો છું, તેને સજાવી શણગારીને કેવી રીતે મૂકું ? લોકોને કેવી રીતે ખુશ કરું ? એમની સહાનુભૂતિ કેવી રીતે પ્રાપ્ત કરું ? તો ઘટિત કશું નહિ થાય. વક્તા દ્વારા પોતાની વિદ્વત્તાનું પ્રદર્શન થશે અને લોક પ્રભાવિત પણ થશે. જે પ્રભાવિત કરે છે તે અસુર છે અને જે પ્રભાવિત થાય છે તે પણ પોતાની સ્વાધીનતા ખોઈ બેસે છે. લોકોને પ્રભાવિત કરવા એ વશીકરણનો એક સૌમ્ય પ્રકાર છે. શોધ અથવા વિચાર કરવા માટે પ્રવૃત્ત કરવા તે બીજી ચીજ છે, અને પ્રભાવ નાખવો એ બીજી ચીજ છે. જ્યાં પ્રભાવ નાખવાનો ઈરાદો વક્તાના ચિત્તમાં હશે, ત્યાં શ્રોતાની ગમે તેટલી જિજ્ઞાસા હશે તો પણ સંપર્ક સ્થાપિત નહીં થાય.

છોડી દો નિર્વિકાર-નિર્વિચાર-નિર્વિષય અવસ્થાની વાત. એટલું ધ્યાન

રાખો કે શ્રોતા અને વક્તાની વચ્ચે જિજ્ઞાસા હોય, સંવાદની આકાંક્ષા હોય, મિલન માટેની વિનમ્રતા હોય, તો જે પુષ્પ ખીલશે તે બંનેના મિલનની નીપજ હશે. વક્તા જો એમ માનશે કે એ મારાં પુષ્પ છે તો એ ખોટું હશે. આ મિલનમાંથી જે પ્રફુલ્લશે તે પુષ્પ જેટલાં વક્તાનાં હશે તેટલાં જ શ્રોતાનાં પણ હશે. એ છે સેવ્ય, એકને માટે નહિ, બંનેને માટે. જે કંઈ બોલવું પડે, જે કંઈ બોલાય છે તે અંદર છે પણ તેની અમને ખબર નથી પડતી. જ્યારે પાછળથી સાંભળીએ છીએ ત્યારે ખબર પડે છે કે આ પણ અંદર હતું. શ્રોતાઓના સહયોગ વિના એ બહાર નીકળતું નથી, પ્રસ્ફુટિત થતું નથી, ખીલતું નથી.

**પ્રશ્ન :** બુદ્ધિની પેલે પાર મનુષ્ય ચાલ્યો જાયં અને એને આનંદ મળે તો એ સમાજમાં પાછો ફરીને કંઈ કરશે કે નહિ, અને જો બુદ્ધિની બહાર નીકળી જાય તો શું એ ગાંડો નહિ થઈ જાય ?

**ઉત્તર :** પહેલાં સમજવાની વાત તો એ છે કે બુદ્ધિમાં રહ્યા છતાં આપણે ગાંડા છીએ. આપણને એ ખબર નથી કે દિવસનો કેટલો સમય આપણા એ ગાંડપણમાં વીતે છે. જ્યારે જ્યારે સ્નાયુજન્ય તણાવ અને રાસાયણિક દબાવ આપણી અંદર આવે છે ત્યારે એમના દબાવ હેઠળ આપણે વ્યવહાર કરવો પડે છે, ત્યારે ત્યારે ગાંડપણ જ તો હોય છે. વિકારો અને આવેશોની હકૂમત આપણી ઉપર ચાલે છે તો તે વ્યવહાર શું ગાંડપણ નથી ? ક્રોધ ઊઠ્યો; ક્રોધ ઊઠતો ક્યારેક જોયો છે કે કેવો તણાવ પેદા કરે છે, લોહીમાં વીજળીની કેવી લહેર દોડાવી દે છે; આંખોમાં તણાવ, પેટમાં દબાણ એ બધું નાભિકેન્દ્ર પર સંકોચ લાવે છે ? આ બધું ક્રોધના ઊઠવામાં જ બની જાય છે. એ બધા તણાવ-દબાવમાંથી મુક્તિ પામવા માટે કંઈક બોલી બેઠા એને, નજરથી વ્યક્ત કર્યું, ઇશારાથી પ્રગટ કર્યું. ક્ષણભરને માટે પણ જ્યારે સમતુલા જાય છે તે સમયે વ્યક્તિ પાગલ નથી, વિક્ષિપ્ત નથી ? આજે તો પાગલોના સમાજમાં જ રહેવું પડે છે. આખા દિવસમાં થોડા કલાક સ્વસ્થતાના મળે છે.

ઈર્ષા છે, મત્સર છે, ક્રોધ છે, પ્રભુત્વની લાલસા છે, વાસના છે, આ સર્વ અસમતોલપણું પેદા કરે છે, અને ગાંડપણ બીજું છેય શું ? આજે બુદ્ધિના દાયરામાં રહેવા છતાં મનુષ્ય વિક્ષિપ્તચિત્ત છે, સમતુલા વિનાનો છે. ઉન્માદ અને પ્રમાદ તો અસમતોલપણાનાં પરિણામ છે.

મનુષ્ય જ્યારે બુદ્ધિની પેલે પાર નીકળી જશે ત્યારે શું થશે ? અધ્યાત્મ

બુદ્ધિગ્રાહ્ય નથી. આપણે તો વિવેક વડે થોડીક સમતુલા રાખતા હતા. આદર્શને કારણે કંઈક સમતુલા પેદા કરી લેતા હતા. હવે ત્યાં કશું જ નથી. વાત તો એમ છે કે જો સાચેસાચ મન-બુદ્ધિ-ચિત્ત શાંત થઈ જાય તો સમગ્ર સત્યથી જે પહેલો સાક્ષાત્કાર થાય છે તે સાક્ષાત્કારનો એક નશો આવી જાય છે.

એ ગાંડપણ, એ વિક્ષિપ્તતા, એ અસમતોલપણું બીજી વસ્તુ છે. મનુષ્ય મસ્ત થઈ જાય છે. મસ્તાના લોકો ઘૂમે છે ! દેહનું ભાન નથી, વસ્ત્રપરિધાનના હોશ નથી, વાણીનું ભાન નથી. એવા કેફમાં લોકો ચાલે છે. સમગ્ર સત્યની સાથેના પ્રથમ સાક્ષાત્કારમાં ઘણો નશો હોય છે. એને આદમી સહી નથી શકતો, જો એના દેહમાં પોલાદની શક્તિ ન હોય તો. જીવનશુદ્ધિનું એની પાસે બળ ન હોય તો ઉન્માદ આવે છે.

એ ઉન્માદની દશામાં અટકી પડાય છે. ઉન્મત્ત જેવા ઘૂમ્યા કરે છે. નિરુપદ્રવી છે, કોઈનું કશું બગાડતા નથી. કદી ક્યારેક કંઈ બોલી બેસશે તો સત્યનો ચમકારો મળી જશે. મતલબ એ છે કે આ સાક્ષાત્કારને કાયા, મન અને વાણી સહન કરી શક્યાં નથી. જીવનશુદ્ધિનું અધિષ્ઠાન નથી.

કોઈની પાસે જઈને કૃત્રિમ રીતે શક્તિપાત કરાવ્યો, કુંડલિની જાગ્રત કરાવી, અચેતન અને અવચેતનનાં દ્વારા બળાત્કારે દ્વાર ખોલી નાંખ્યાં, તો ત્યાં પણ અચેતન અને અવચેતન સાક્ષાત્કારનું આ જ પરિણામ આવશે. મનુષ્ય ઉન્મત્ત થઈ જશે.

**'बालोन्मत्तपिशाचवत्'** એવું જે કહેવાયું છે, એમાં બાલનો અર્થ બાલિશ સમજવો જોઈએ. બાલવત્ નહિ, બાલિશવત્ - આ બંનેમાં બહુ અંતર છે. બાલવત્ બિલકુલ અલગ વસ્તુ છે. બોધની આંખો ખૂલી નથી, સાવધાનતાની શક્તિ જાગ્રત નથી થઈ, અને બલાત્કારે શક્તિપાત કરીને જો કુંડલિનીને જાગ્રત કરી દીધી તો પણ ઉન્માદ અને નશો આવે છે.

આવી વ્યક્તિઓનો સમાજમાં કોઈ ઉપયોગ નથી. સત્યની ઉપલબ્ધિને પોતાની ઇંદ્રિયોની ભૂમિકા પર લાવીને એને પરસ્પર વ્યવહાર અને સંબંધોમાં અભિવ્યક્ત થવા દેવી એ અધ્યાત્મ છે. મનુષ્યના વ્યવહારો અને સંબંધોમાં ગુણાત્મક પરિવર્તનની આવશ્યકતા છે. એ જો ઘટિત ન થાય તો સત્યની ઉપલબ્ધિનું કોઈ મૂલ્ય નથી.

સાક્ષાત્કાર થયો અને ઉન્માદ આવ્યો, નશો આવ્યો. થોડુંઘણું આયુર્વેદનું

જ્ઞાન રાખવું કે એવે વખતે ઉષ્ણતાનું શમન કેવી રીતે કરવું, શરીરમાં ક્યાં કેવી રીતે માલિશ કરવી, જ્ઞાનતંતુઓની સાથે કેવો વ્યવહાર કરવો કે જેનાથી સહન અથવા વહન કરવાની શક્તિ મળે. આ બધું ખબર ન હોય, એકાંગી દૃષ્ટિ હોય, એવી વ્યક્તિઓનો વ્યવહાર બુદ્ધિથી બહાર થઈ જાય છે. પરંતુ બુદ્ધિથી પર નહિ. 'બુદ્ધિ-બાહ્ય' અને બુદ્ધિથી અતીત આ બંને ભિન્ન અવસ્થા છે.

કેટલાક લોકો એવા છે કે સાક્ષાત્કાર થયા પછી એને વાણી સુધી લાવી શકે છે. લંગડાતી વાણી કંઈક કહી શકે છે. કંઈક અણકહ્યું રહી જાય છે. એમને રહસ્યવાદી (mystic) કહે છે. ઘણુંખરું સૂફી સાહિત્ય રહસ્યવાદી છે.

'**ऋषयो मंत्रद्रष्टारः**' મંત્રનું દર્શન થયું. કાવ્યની વાણીમાં એને મૂકી દીધું. વાણીનો પણ નશો, શબ્દનો પણ નશો હોય છે. પરંતુ એ ઉન્મત્ત બનાવી દેતો નથી. કેફની કંઈક ખુમારી આંખમાં રહે છે, અને સત્યની ઉપલબ્ધિની જીવનમાં કંઈક મહેક રહે છે. પરંતુ ઉન્મત્ત બનાતું નથી. એટલે ત્યાં નશામાં હોવા છતાં બુદ્ધિથી વિસંગત, બુદ્ધિથી વિરોધી અથવા બુદ્ધિથી બહાર વ્યવહાર થતો નથી. એ કેફ બુદ્ધિના તેજને કંઈક વધારી દે છે.

કેટલીક વ્યક્તિઓ આગળ વધશે, ઊંડાણમાં જશે, અને સત્યની ઉપલબ્ધિને વાણીમાં મૂકીને તેને વ્યવસ્થિત રૂપ આપશે. એમાંથી દર્શનશાસ્ત્ર બને છે. પરંતુ દર્શનશાસ્ત્ર લખનારના જીવનમાં, વ્યવહારમાં, બીજાની સાથેના વ્યવહારમાં, પોતાની ઇંદ્રિયો સાથેના વ્યવહારમાં ગુણાત્મક પરિવર્તન થવું અનિવાર્ય છે એવું નથી. અહીં જ યોગની આવશ્યકતા છે.

સત્યની ઉપલબ્ધિને જીવનમાં અવતરિત કરવી છે, સમગ્રતાથી વ્યવહારમાં ઉતારવી છે, ત્યારે ક્યારેક માનવ સમાજ બદલશે. નહિ તો કેવળ બુદ્ધિની બહાર જવાથી, મન-બુદ્ધિથી પર જે વસ્તુ છે, તેનાં દર્શન માત્રથી કામ નહીં ચાલે. એની સાથે વર્તનની અનિવાર્યતા છે. સમસ્યા તો અહીં છે.

ભારતમાં તો ઘર ઘરમાં બ્રહ્મજ્ઞાન પડ્યું છે. વ્યવહારમાં જ એનો ક્યાંય પત્તો લાગતો નથી. કારણ કે એ વિષય બુદ્ધિનો, વાણીનો, જ્ઞાનનો મનાયો; વ્યવહારનો ન મનાયો. અધ્યાત્મ જો જીવનનું પરિવર્તન નથી કરતું તો મારે માટે એનું કોઈ મૂલ્ય નથી.

સત્યની ઉપલબ્ધિ થઈ અને વ્યક્તિ દિવસમાં દશ વાર અસમતોલ થઈ,

ક્રોધમાં ગાળો નીકળી ગઈ, શિષ્યોને મારપીટ થઈ તો હું એને સમગ્ર સત્યની ઉપલબ્ધિ નહિ માનું.

વાણીમાં વ્યવસ્થિત રૂપે, તર્ક અને અનુમાનની મદદથી, દર્શનના રૂપમાં સત્યની ઉપલબ્ધિને ગ્રથિત કરીને મૂકી, પરંતુ એનાથી આગળ વધવું છે. જે સાક્ષાત્કાર થયો, જે દર્શન થયું, તે જીવી શકાય છે, બધા લોક એને જીવી શકે છે એ દેખાડવું છે. નહિ તો ઉપલબ્ધિ શા કામની ? ઉપલબ્ધિ તો છે જીવન પરિવર્તનને માટે. 'આ મારો એકલાનો અધિકાર છે', 'મારો પોતાનો સ્વાર્થ છે', 'બીજો કોઈ ત્યાં જઈ શકતો નથી'; એ પ્રકારની અસાધારણતા, અસામાન્યતાની કોઈ સંગત નથી.

માનવના વિકાસની પરિપૂર્ણતા એમાં છે કે એ મન અને બુદ્ધિની મર્યાદાઓની પેલે પાર જાય અને ચેતનાના એક નવા પરિમાણમાં પ્રતિષ્ઠિત થાય. પ્રત્યેક માણસે ત્યાં જવાનું છે. માનવનો જન્મ થયો છે, એટલા માટે નિર્વિકાર, નિર્વિચાર, નિર્વિષય અવસ્થા એટલે ચિત્તના સ્વાસ્થ્યની અવસ્થામાં રહીને મન, બુદ્ધિ, વાણી, કાયાનો ઉપયોગ કરવા માટે આપણે પેદા થયા છીએ. મન અને તનની ગુલામીમાં પોતાની જાતને ઘસડવા માટે નહિ, એમાં સડવા માટે નહિ. એ તો પ્રત્યેક મનુષ્યનો જન્મસિદ્ધ અધિકાર છે.

એનાથી આગળ વધીને પછી સત્યોપલબ્ધિની ઉત્કટતાને, સમગ્રતાને, દિવ્યતા-ભવ્યતાને સમગ્રતામાં જીવવી પડે છે. એનું અવતરણ ઇન્દ્રિયોના સ્તર સુધી થવું જોઈએ. આહાર, વિહાર, નિદ્રા, વાણી એ સર્વમાં એમનું ગુણાત્મક પરિવર્તન જ્યારે થાય છે ત્યારે બુદ્ધિથી પર જે દેખાયું છે તેમાંથી નવો પ્રસાદ અને નવું સમતુલન આવે છે, જે કોઈ વિવેકને આધારે ઊભું થતું નથી. નીતિશાસ્ત્ર અને ધર્મગ્રંથના આધાર પર પણ ઊભું રહેતું નથી. જે વ્યવહારની સમતુલા કોઈ બાહ્ય આધાર પર ઊભી છે, તે સમતુલા પરાયત્ત છે, સ્વાયત્ત નથી. ઉધાર લીધેલી છે, એનાથી જીવનમાં પ્રસાદ નથી આવતો.

પ્રસાદ તો એ છે જે નસેનસમાં, રગેરગમાં, લોહીના અણુએ અણુમાં રસાઈ ગયો હોય. એ વ્યક્તિની શ્વાસોચ્છ્વાસની ક્રિયા પણ ભિન્ન હશે. એનાં રક્તગોલકોની તપાસ કરાવો, હૃદયની ગતિનો કાર્ડિયોગ્રામ કરાવો, સર્વમાં ફેર લાગશે. અવસ્થાંતર છે ને ! બાળક જવાન થયું તો બાળપણમાં જે દૃષ્ટિ હતી તે જવાનીમાં નહિ હોય, શ્વાસોની ગતિ ત્વરિત થઈ જાય છે, અભિરુચિ

બદલાઈ જાય છે. એ પ્રકારે મનબુદ્ધિથી પર જનારનો સમગ્ર વિકાસ (total growth) થશે. અવસ્થાંતર થશે, એનો પ્રસાદ ઇન્દ્રિયોના સ્તર સુધી ઊતરી આવશે. એની તાજગી અને સૌરભ જો વ્યવહારમાં ન દેખાય તો વ્યક્તિ ગમે તેટલું બોલે તો પણ વિશ્વાસ ન કરશો. જે અવસ્થા વ્યવહારમાં નથી ઉતરતી તે અવસ્થા નથી, એ કલ્પનાનો વિલાસ છે અને વાણીનો શૃંગાર છે. જીવનનું તથ્ય નથી. જરૂર તથ્યની છે.

નવા માનવનું સર્જન પુરુષાર્થનો વિષય છે. જીવવું એ પુરુષાર્થનો વિષય છે એવું જે પહેલે દિવસે કહ્યું હતું તેનો અભિપ્રાય આ જ છે. એટલા માટે બુદ્ધિથી પર ગયા પછી જો કેફ અને આનંદમાં ખોવાઈ ગયા તો ઉપલબ્ધિ આંશિક છે, સમગ્ર નથી. બુદ્ધિથી પર ગયા પછી સમતુલા ખોવાઈ ગઈ તો વ્યક્તિ શૂન્યાવસ્થામાં અટકી ગઈ છે. ગુણાત્મક પરિવર્તન થયું હશે તો એવો નવો પ્રસાદ જીવનમાં અવતરિત થશે કે વ્યવહાર બદલાઈ જશે. એ વ્યક્તિના હાથ-પગ એ અવસ્થાના અંકુર છે. એની ઇન્દ્રિયો પછી શાંતિનાં કિરણો છે. એનાં સ્પંદનોમાંથી, એની ઉપસ્થિતિમાંથી જ આનંદ, શાંતિ, પ્રેમ જે કંઈ કહેવું હોય તે બધું જ ઉપલબ્ધ થાય છે.

એટલા માટે બુદ્ધિ - બાહ્ય વ્યવહાર, બુદ્ધિથી અતીત વ્યવહાર, વિવેકના આધારે રહેલી સમતુલા અને સ્વયંભૂ સમતુલા તથા પ્રસાદ એ સર્વના ભેદને બહુ સૂક્ષ્મતાથી જોઈ લેવો આવશ્યક છે.

•

# ૬

# ગુરુપદ અને શિષ્યત્વ

આજે જે વિષયમાં કંઈક કહેવાની પ્રવૃત્તિ થઈ રહી છે તે નિતાંત ગહન અને ગંભીર છે. વક્તા અને શ્રોતા બંનેની એકાગ્રતા અત્યંત આવશ્યક છે કે જેથી કોઈ પણ શબ્દ ગલતફેમી પેદા ન કરે. વિષય છે, અધ્યાત્મમાં ગુરુની આવશ્યકતા છે કે નહિ. સનાતન વિષય છે.

## ગુરુ-શિષ્ય સંબંધ

ભારતવર્ષમાં ગુરુ અને શિષ્ય  એ બે શબ્દો એટલા બધા પ્રચલિત છે કે પ્રચલિતથી પરિચય પામવાનું કોઈ કષ્ટ કરતું નથી. ગુરુ-શિષ્ય એ કોઈ બે વ્યક્તિઓ વચ્ચેનો સંબંધ છે ? ગુરુ શું છે, અને શિષ્ય કોને કહેવાય ? આ બે ભિન્ન અવસ્થાઓ છે કે એક જ અવસ્થાનાં બે નામ છે ? વ્યક્તિઓના સહવાસમાં અવસ્થાઓનો સહવાસ અને સંયોગ ઘટીત થાય છે કે નહિ ? જો નથી થતું, તો સંબંધના કલેવરનું જતન કરવાથી કશું નિષ્પન્ન થાય છે કે નહિ ? આ વાતોને કોઈ જોતું નથી.

## સંબંધોનાં કલેવર

ભારતવર્ષમાં જન્મ થવો દુર્લભ છે, પરંતુ એ દુર્લભતાનું આપણને ભાન નથી. અહીં જે દર્શન ઉપસ્થિત છે તેનો જીવનની સાથે શો અનુબંધ છે એ જોવાતું નથી. પરંપરા અથવા સંબંધોનાં નિષ્પ્રાણ, નિસ્તેજ અને અર્થહીન કલેવરો પડ્યાં છે.

આજના પ્રભાતમાં આ વિષય ઉપર સ્નેહીજનો સમક્ષ કંઈક આત્મ-નિવેદન કરવું છે. 'સખ્ય એ જ આત્મ-નિવેદન છે'. આત્મ-નિવેદન સખ્યનું શીલ છે. અહીં ત્રણ દિવસ સુધી સંવાદ ચાલ્યો એટલે આપ સૌ અમારાં સ્વજન થઈ ગયાં, સખા થઈ ગયાં.

## શિષ્ય કોણ ?

ગુરુ કોને કહીશું ? શિષ્ય કોણ છે એની જો ખબર પડે તો કદાચ ગુરુ કોને કહેવાય એનો પત્તો પણ પડે. શિષ્ય એક અવસ્થા છે. જિજ્ઞાસાનો દૃષ્ટિકોણ, જિજ્ઞાસાની વૃત્તિ જ્યારે લોહીના બિંદુબિંદુમાં રસાઈ જાય છે ત્યારે જે અવસ્થા સંચારિત થવા માંડે છે તે શિષ્યત્વ છે. જો જિજ્ઞાસા એક ઘડી જીવિત છે અને પછી મરી ગઈ તો શિષ્યત્વ પણ એક જ ઘડીનું હતું. જિજ્ઞાસાનું પ્રાણવંત રહેવું, જીવંત રહેવું અને આપની સમગ્રતામાં એનો સંચાર થવો એ કંઈ ખેલ છે ? કાલે કહ્યું હતું કે જિજ્ઞાસાનો સંબંધ આખા જીવનથી જોડાય છે, ત્યારે સાધના થાય છે. એટલે જેટલો સમય સત્ય જાણવાની જિજ્ઞાસા જાગ્રત છે અને એ જિજ્ઞાસાને પોતાના સમગ્ર જીવન સાથે જોડવાનું સાહસ છે એટલા સમય સુધી જ શિષ્યત્વની અવસ્થા છે. એનાથી વધારે નહિ. એમ કોઈ માની લે કે જીવનભર અમે શિષ્ય થઈ ગયા તો એ ભૂલ છે અને ભ્રમ છે.

જિજ્ઞાસા સત્ય પ્રતિ થાય છે, વ્યક્તિઓ પ્રતિ નહિ. શિષ્યત્વ કોઈ વ્યક્તિ પ્રતિ નથી થઈ શકતું. જીવનનાં જે ચરમ સત્ય છે, તેમના ભણી જ જિજ્ઞાસા થઈ શકે છે. એમની ઉપલબ્ધિને માટે જ સાધના થઈ શકે છે. શિષ્યત્વનો સંબંધ સત્યની ઉપલબ્ધિ સાથે છે, વ્યક્તિઓ સાથે નથી. વ્યક્તિઓની અનુભૂતિઓ, અભિવ્યક્તિઓ, જીવનપદ્ધતિઓની સાથે પોતાની જિજ્ઞાસાને જેઓ બાંધી દે છે, તેમના શિષ્યત્વની અવસ્થા સમાપ્ત થઈ જાય છે.

## સત્ય નિરપેક્ષ, અભિવ્યક્તિ સાપેક્ષ

વ્યક્તિ ગમે તેટલી મહાન કેમ ન હોય પણ આખરે વ્યક્તિ છે. સંસ્કારની ધરતીમાં એમના ચિત્તનાં કદમ જડાયેલાં છે. સત્યની ઉપલબ્ધિ પણ જો એમની દ્વારા વ્યક્ત થશે તો એમના સંસ્કારોને અનુરૂપ થશે. જે ધરતીમાં એમનું પાલન પોષણ થયું છે, એને અનુરૂપ અભિવ્યક્તિ થશે. જેમ માટીમાં શાકભાજી પેદા થાય છે, તેવી રીતે જ સંસ્કારની ભૂમિમાં અભિવ્યક્તિનાં ફૂલ ખીલે છે.

ઉપલબ્ધિ નિરપેક્ષ હશે, અભિવ્યક્તિ સાપેક્ષ થઈ જાય છે અને અભિવ્યક્તિની સાથે જે પોતાની જાતને બાંધી દે છે, તેમની જિજ્ઞાસા સમાપ્ત થઈ જાય છે. અભિવ્યક્તિઓના પછી આગ્રહો હોય છે, એના પ્રચારના પ્રયાસ થાય છે. એમાંથી સંપ્રદાયોની સ્પર્ધાનો જન્મ થાય છે, તુલનાનું પ્રલોભન થાય છે અને પછી એ આખુંયે વાતાવરણ ચેતનાને કલુષિત બનાવી દે છે.

## શિષ્યત્વ વ્યક્તિ ભણી નહિ

એટલે શિષ્યત્વ કોઈ વ્યક્તિ તરફ નથી થઈ શકતું. અભિવ્યક્તિ હમેશાં - કાલ અને સંસ્કાર અનુસાર થશે. ઉપલબ્ધિ નિરપેક્ષ છે અને અભિવ્યક્તિ સાપેક્ષ છે, એ ભેદને બહુ સૂક્ષ્મતાથી જોઈ લેવો જોઈએ. જિજ્ઞાસાની જીવંત અવસ્થા એ જ શિષ્યત્વ છે. આ ઓછો કંઈ આખા વખતનો ધંધો છે ? કોઈ વ્યક્તિની ખૂંટી પર પોતાને બાંધી દેવા, લટકાવી દેવા એટલે થઈ ગયા શિષ્ય. એટલું સરળ નથી. જિજ્ઞાસા ચોવીસ કલાક જાગ્રત રહે તો તમને બેચેન બનાવી દેશે. ચેનથી શ્વાસ પણ નહિ લેવા દે. કાયિક, વાચિક, માનસિક જે જે વ્યાપાર દિનરાત થયા કરે છે, એમાં જિજ્ઞાસા આપને ટોકતી રહે છે. નિરંતર જાગૃત કરનાર કદી પ્રિય નથી હોતા. વર્ષમાં એક-બે દિવસ કોઈ આવે તો ઠીક છે. અને જિજ્ઞાસા તો નિરંતર પ્રજ્વલિત અગ્નિ છે, એ શૂળ છે જે આપના હૃદયમાં ભોંકાયા કરશે, અંદર પડ્યું રહેશે અને બેચેન બનાવી દેશે. આપના પ્રત્યેક વ્યવહારનો એ અલગ અર્થ કરવા ચાહશે. એ તો એવું બાણ છે કે જેના હૃદયમાં વાગ્યું તેને ચેનથી બેસવા નહિ દે. કબીર કહે છે **"कह कबीर सोई नर जागा, शबद बाण उर अंतर लागा ।"**

## જિજ્ઞાસામાંથી ઉન્મુખતા, વિનમ્રતા

શિષ્યત્વના અર્થને, આશયને બરાબર સમજી લ્યો ને એ કેટલો સમય પોતાની અંદર જાગ્રત રહે છે, એ જોઈ લો. જિજ્ઞાસા જાગ્રત રહે તો ઉન્મુખતા આપમેળે એમાંથી જન્મે છે, એને પેદા કરવી પડતી નથી. અને ઉન્મુખતા જો હોય છે તો વિનમ્રતા એની સાથે જોડિયા બહેનની જેમ ચાલી આવે છે. ઉન્મુખતા, વિનમ્રતા લગભગ એક જ ઘટનાનાં બે નામ છે. એમ કહું કે વિનમ્રતા એ ઉન્મુખતાની સુગંધ છે તો એમાં અતિશયોક્તિ નહિ થાય. બંને સાથે જ ચાલે છે.

## ગુરુ એક પદ છે.

ગુરુ એક પદ છે, ચેતનાની એક અવસ્થા છે. અજ્ઞાન જ નહિ, જ્ઞાન નામની વૃત્તિ પણ જ્યાં શાંત થઈ ગઈ છે, સંસ્કાર-અનુભૂતિ નિઃશેષ થઈ ગઈ છે, ધોવાઈ ગઈ છે, જેની ચેતના એકદમ અનાવૃત્ત છે, જ્ઞાન-સંસ્કાર-અનુભૂતિનાં પરિધાન ઊતરી ગયાં છે, એવી ચેતનામાં જેનો નિરંતર વાસ છે તે વ્યક્તિ ગુરુપદમાં પ્રતિષ્ઠિત છે. વ્યક્તિનું નામ ગુરુ હોઈ શકે નહિ. આજે તો બજારમાં ગુરુ ખરીદી શકાય છે. એ અવસ્થામાં જીવનાર - એને જોનાર નહિ, એનું વર્ણન કરનાર નહિ - ગુરુપદમાં છે. અહં-મમનું દ્વન્દ્વ જ્યાં નથી એવી ચેતનામાં જે નિરંતર પ્રતિષ્ઠિત છે તે 'ગુરુપદ'માં છે. ત્યાંથી એમનું દર્શન, ત્યાંથી શ્રવણ, ત્યાંથી પ્રતિસાદ અને ત્યાંથી જ વ્યવહાર થાય છે. એ વ્યક્તિના માધ્યમ દ્વારા, ચેતનાની એ અવસ્થા વ્યવહારમાં ઊતરે છે.

## ચેતનાની બે અવસ્થાઓનું મિલન

'ગુરુ'-ચેતનાની અવસ્થા અને વિશુદ્ધ જિજ્ઞાસાનું મિલન જ્યારે થાય છે ત્યારે કંઈક ઘટિત થાય છે. નહિ તો હાડમાંસવાળી વ્યક્તિની સાથે જન્મારો રહેવાય તોય એમાંથી કશુંય નીકળતું નથી. કારણ કે ત્યાં પાત્રોનો સંપર્ક છે, એમની અંદર જે દશા અથવા અવસ્થા છે, તેનો સંયોગ નથી એટલે મિલન ઘટિત થતું નથી. જેટલો વખત જિજ્ઞાસા જાગ્રત હોય તેટલા સમયનો સત્સંગ જ કંઈક કામ આપે છે. સત્સંગની પરંપરા બને, સાન્નિધ્ય અને સહવાસની પણ જો પરંપરા બને, તો પરંપરા તો નિષ્પ્રાણ જ છે.

## જીવવું શિખવાડાતું નથી.

જે વ્યક્તિની ચેતનામાંથી અહં-મમ-ભાવ નિઃશેષ થઈ ગયો છે એ કદી કહેશે કે 'હું ગુરુ છું, માર્ગદર્શક છું, શીખવી શકું છું. આવો મારી પાસે. આ મારો માર્ગ છે.' એ એવું કહી શકશે ? કહેનારો ત્યાં કોણ છે ? જીવન જીવવું એ કંઈ હઠયોગનો અભ્યાસ છે કે શિખવાડી શકાય ? કોઈ તંત્ર-મંત્ર છે, કૌલ-પદ્ધતિ છે, વામમાર્ગ છે કે જેની કોઈ પ્રક્રિયા હોય ? કોઈ સંગીત છે કે જેનું તંત્ર હોય, જે શીખવી શકાય ? આ તો સહજતાની લીલા છે, કેવી રીતે શિખવાડી શકાય ? કાલ તો કોઈ એમ કહેશે કે મને પ્રેમ કરતાં પણ શિખવાડો ! પ્રેમ કેવી રીતે શિખવાડાય ? આનંદ લૂંટવો શીખવી શકાતો નથી. જીવન જીવવું એ કેમ શિખવાડાય ?

## યોગ-ગુરુ, મંત્ર-ગુરુ

હા, યોગ-ગુરુ અને મંત્ર-ગુરુ હોઈ શકે છે. ત્યાં ગુરુ શબ્દનો અર્થ અલગ છે. જ્યાં તંત્ર છે, કંઈક પ્રક્રિયા છે, જેનો સંબંધ શરીર સાથે છે, મન સાથે છે, એમના વિનિયોગ સાથે છે, તે શીખવવું તો સંભવ છે. પરંતુ જ્યાં ચેતનાની અવસ્થા સંપૂર્ણ રીતે નિરહંકાર હોય ત્યાં 'હું શીખવું છું' એવી વૃત્તિ ધારણ કરવા માટે પણ ત્યાં કોઈ નથી ને !

## ગુરુની સાથે સંબંધ અશક્ય

'ગુરુ' ચેતનામાં પ્રતિષ્ઠિત વ્યક્તિને તમે કેવી રીતે સંબંધમાં બાંધશો ? એ વ્યક્તિની સાથે 'સંબંધ', 'સમ્યક્ બંધ' કેવો ? સમ્યક્ રીતે સંબંધ બાંધશો કેવી રીતે ? દૈહિક સંબંધ, માનસિક સંબંધ અને ભાવસંબંધ સમજણમાં ઊતરે છે, એ તો નિર્માણ થઈ શકે છે. એનું જતન અને રક્ષણ થઈ શકે છે. પ્રેમમાં સંબંધ કેવો !

સંબંધમાં એક પ્રકારની સ્થિરતા જોઈએ. એક પ્રકારનું સંરક્ષણ અને સાતત્ય અભિપ્રેત છે. જ્યાં નિરંતર ગતિશીલતા છે ત્યાં સાતત્ય કોની સાથે હશે ? ગંગામાં એક વાર હાથ નાખ્યો અને જે જલનો સ્પર્શ થયો, બીજી ક્ષણે હાથ નાખવાથી એ જ જલની સાથે સંબંધ નહિ થાય. એ જલ તો વહી ગયું. સાન્તથી અનંત ભણીની ગતિમાં એ જલબિંદુઓ તો ગયાં, જેની સાથે ક્ષણભર પહેલાં તમારો સંબંધ હતો. હવે એ ત્યાં નથી. તમે એમ સમજો છો કે એ જ ગંગામાં હાથ નાખ્યો, એ તો ભ્રમ છે. એ ગંગા તો ગઈ. એની પાસે સમય નથી કે સાન્તમાં ક્ષણવાર પણ રોકાય. એજ પ્રકારે ત્યાં નિરંતર ગતિશીલતા છે. સવારે જે મળ્યું હતું તે સાંજે ત્યાં નહિ મળે. જે રાત્રે મળ્યું તે પ્રભાતમાં નહિ મળે. એ તો નિરંતર ગતિશીલ છે. જીવનની અનંત ગતિ ત્યાં છે. સંબંધ કોની સાથે થશે ?

આ 'મારા ગુરુ', 'મારા માર્ગદર્શક', એ પ્રકારે પોતાના મમત્વના દાયરામાં એમને શી રીતે લાવશો ? પરંતુ આપણી કોશિશ છે કે આપણે ગુરુ કરીશું, એને મમત્વના ઘેરામાં લાવીશું, એમના ઉપર પણ આપણું સ્વામિત્વ સ્થાપીશું. જેવો દૈહિક સંબંધ છે તેવો સંબંધ ત્યાં પણ પેદા કરી લઈએ છીએ. જ્યાં સંબંધ છે ત્યાં માયા છે. જ્યાં સંબંધ છે ત્યાં બંધન છે.

## મિલનમાં કંઈક ઘટિત થશે.

પળભરને માટે મિલન થાય અને એ મિલનમાંથી કંઈક ઘટિત થાય એટલું જ થઈ શકે. એ મિલનમાંથી જે ઘટિત થશે, તે ન ગુરુનું છે, ન શિષ્યનું; ન અનુભૂતિનું છે, ન જિજ્ઞાસાનું. બંનેના મિલનનું છે. ઘણી સૂક્ષ્મતામાં જવું પડે છે, ત્યારે ખબર પડે છે કે આ અવસ્થાઓના મિલનનું કાવ્યાત્મક અને રૂપકાત્મક વર્ણન છે. જેવી રીતે માણસોએ પ્રતીકોને પકડી લીધાં, દેશ-કાળને સત્ય માની લીધાં, તેવી જ રીતે સંયોગ અને મિલનને સંબંધ માની લીધાં. મિલન અને સંબંધમાં અંતર છે.

હિન્દુસ્તાનમાં અધ્યાત્મનું નામ લેતાં જ આ ગુરુ-શિષ્ય-સંબંધ સામે આવે છે. એનાં મૂળ ઘણાં ઊંડાં છે. આપણાં હાડકાં અને મજ્જામાં એ વાત પડેલી છે. એટલા માટે અમે વિચાર્યું કે અમે જે જોયું છે તે તમારી સામે મૂકી દઈએ.

## સંબંધમાં ગતિનો અવરોધ

જિજ્ઞાસામાં પણ નિરંતર ગતિશીલતા છે. એ રોકાઈ શકતી નથી, અટકી શકતી નથી; અને મન-બુદ્ધિની પેલે પાર જે ચેતનાનું પરિમાણ છે ત્યાં પ્રેમની, સંવેદનશીલતાની અને પ્રજ્ઞાની નિરંતર ગતિશીલતા છે. ત્યાં પણ રોકાવું નથી. સંબંધ રોકાનારામાં હોય છે, અથવા વહી જનારાઓમાં પણ હોય છે. પરંતુ જીવનારાઓમાં સંબંધ કેવો ? જીવનારા સાથે સંબંધનું નિર્માણ એટલે બંનેની ગતિને રોકવાનું થયું. જરા અટપટી વાત છે.

## બહાર ગુરુની શોધ અનાવશ્યક

જિજ્ઞાસાનો પ્રારંભ થતાં જ અને સાધનાની શરૂઆતમાં જ માણસ બાહ્ય જગતમાં ગુરુની શોધ કરવા માંડે છે, અમને એ અવૈજ્ઞાનિક દેખાય છે. જિજ્ઞાસા જાગ્રત થઈ. ચરમ સત્ય શું છે એની શોધ કરવી છે. પરંતુ સાથોસાથ 'કોણ હાથ પકડશે', 'કોની પાસે જાઉં', 'કોણ બતાવશે', એ પ્રશ્નો ઊઠવા માંડે છે. જિજ્ઞાસાની ગતિથી અધિક ચિંતા તો એ વાતની છે કે હાથ કોણ પકડશે, સુરક્ષિત કોણ રાખશે, કોણ મને સંભાળશે. ગુરુની શોધ સત્યની ઉપલબ્ધિ માટે નથી, સત્યની ઉપલબ્ધિમાં સંરક્ષણ મળે એટલા માટે છે. ચાલો શોધો. સમાજમાં જેટલા જાણીતા છે તેમની પાસે ચાલો.

## જિજ્ઞાસાની ઉત્કટતા જ એકમાત્ર આવશ્યકતા

સત્યની ઉપલબ્ધિને માટે જિજ્ઞાસાની ઉત્કટતા સિવાય બીજું કશુંય જરૂરી નથી. જિજ્ઞાસામાં ઉત્કટતા નીપજી કે ચુંબક જેમ લોઢાને ખેંચી લે છે, તેવી રીતે જિજ્ઞાસાની પૂર્તિ હોવાની સંભાવના હશે, જ્યાં અનુભૂતિનો ભંડાર હશે ત્યાં એ ખેંચી જશે. એની ચિંતા નથી. પરંતુ આપણને તો ચિંતા છે કે હું મારો ગુરુ શોધું અને એની સાથે સંબંધ સ્થાપિત કરું. સંસારમાંથી ઊઠ્યો છું કે બીજે ક્યાંય બેસી જાઉં. પરંતુ સાધકની પાસે બેસવાનો સમય નથી.

## ગુરુની ખોજ કેમ અને શા માટે

આપણે ગુરુની શોધ શા માટે કરીએ છીએ એ સમજી લેવું જોઈએ. એમાં કઈ કઈ વૃત્તિઓ કામ કરે છે એ જોઈ લેવું જોઈએ.

આપણે જે બહાર શોધ કરવા નીકળીએ છીએ કે આપણે ગુરુ શોધીશું, એમાં વૈજ્ઞાનિકતા નથી. શોધ બહાર નહિ, પણ અંદર થવી જોઈએ. બહાર શોધવા જઈશું તો શોધતી વખતે જિજ્ઞાસા તરફ આપણું કોઈક તાત્કાલિક કારણ હશે. જીવનમાં કોઈ નિરાશા, હતાશાનો પ્રસંગ આવ્યો હશે, કંટાળી ગયા હોઈશું, સંકટોને કારણે દબાઈ ગયા હોઈશું, આ કારણોનું, દબાવ-તણાવનું સમાધાન જ્યાં થશે, તેવી વ્યક્તિની શોધ તમે કરશો. ભાવનાત્મક ક્ષોભ હશે તો તમારી ભાવનાને સંતુષ્ટ કરનાર વ્યક્તિની પાસે તમે જશો. તમને સંતુષ્ટ કરવા લાયક અભિવ્યક્તિ જ્યાં હશે ત્યાં તમે જશો અને જે ભાવનાત્મક સંતોષ તમને મળશે તેને તમે પ્રસાદ સમજશો.

વૈચારિક દૃષ્ટિથી અસમતોલ છીએ, બધી વિચારધારાઓથી અને જીવનપદ્ધતિઓથી નિરાશ થઈ ગયા છીએ, નવી પદ્ધતિ શોધવી છે; તો જ્યાં તમારા મનને પસંદ પડે એવી પદ્ધતિ છે, ક્રિયા છે, વિચારધારા છે, જે તમારા મનથી ઓછામાં ઓછી દોષિત અને વધારેમાં વધારે નિર્દોષ દેખાય છે, એ પદ્ધતિમાં જવા તમે સંબંધ બાંધશો. પછી કહેશો કે આ મારા ગુરુ છે અને હું એમનો શિષ્ય છું. મારા આધ્યાત્મિક જીવનનો આ પ્રારંભ છે.

## જિજ્ઞાસા અને સંરક્ષણ

ભાઈ, આવું થતું નથી. અધ્યાત્મ આટલું સહેલું નથી. બાળકોનો એ ખેલ નથી. શિષ્યત્વ આટલી સહેલાઈથી મળતું નથી, પણ સંરક્ષણને માટે જ

એવા ગુરુ ઉપર નિર્ભર થઈએ છીએ, અને એમના આશ્રિત બની જઈએ છીએ. માનસિક અને બૌદ્ધિક દૃષ્ટિએ, એ નિર્ભરતા અને આશ્રયને શરણાગતિ સમજે છે. હું કેવી રીતે કહું કે આ આલોચના નથી, આ તો તમારી બહેનની વ્યથાનાં અને લોહીનાં આંસુ છે. શરણાગતિ અને પ્રપત્તિ, અહં-વિસર્જન એટલાં સહેલાં છે ? સંરક્ષણ મળ્યું અને સંરક્ષણના બદલામાં નિર્ભરતા, એમના ઉપર આશ્રિત થવું એ ધર્મ સમજાય છે. વ્યક્તિગત જિજ્ઞાસા અને સંરક્ષણ એ બંને એકી સાથે કેવી રીતે રહી શકશે ?

## સંરક્ષણ અને યાત્રા

અધ્યાત્મમાં તો એક એક પગલું આગળ વધવાનું છે, એટલે સંરક્ષણનું લંગર ખોલી દેવું પડશે, ઉઠાવી લેવું પડશે. નાવડીને કિનારે બાંધી પણ રાખવી છે અને ચલાવવી પણ છે. સાગરમાં યાત્રા કરવી છે. બંને કેવી રીતે બનશે ? નાવડી કિનારે બાંધીને સાગરની યાત્રા થઈ શકતી નથી. સંરક્ષણની શોધ કરવી હોય તો માનસિક, સાન્ત, સુરક્ષિત અને મર્યાદિત જ્ઞાનમાં આરામથી બેસી રહો. એમાં સુખ મળતું હોય તો સુખ લો. સુખ-દુઃખનાં ખાટાં-મીઠાં ફળ ખાતાં ખાતાં જિંદગી પસાર કરવી હોય તો એમ કરો. પરંતુ એટલું અચૂક સમજી લો કે એ અધ્યાત્મ નથી.

## સત્યમાં સાન્ત્વના નથી.

બૌદ્ધિક આકાંક્ષાથી અથવા કંઈક માનસિક સાન્ત્વના માટે સત્ય-જિજ્ઞાસુ થવા આવતા હો તો સમજી લો કે સત્ય-પથ કદી સાન્ત્વના આપતો નથી. તમારા પીડિત અને દુઃખી ચિત્તને અને થાકેલી હારેલી બીમાર બુદ્ધિને સાન્ત્વના મળે એટલા માટે કોઈ વ્યક્તિ શોધશો તો જરૂર મળશે, ત્યાં સાન્ત્વના લેવી હોય તો લઈ લો. માનસિક અને બૌદ્ધિક અસમતુલા અને વિક્ષોભોમાં વિશ્રામ આપવા માટે જેમ પાગલખાનાં હોય છે તેવી રીતે સાન્ત્વના મેળવવા માટે શરણસ્થાનો અને આશ્રમો પણ હોય છે. શું એ પણ પાગલખાનાં નથી ? કહીશ તો તમને સાંભળવાનું દુઃખ થશે કે આશ્રય શોધનારાઓનાં આ આશ્રમ છે, ત્યાં અધ્યાત્મ નથી અને સાધના પણ નથી.

## જિજ્ઞાસા જ એકમાત્ર ચિંતા

પોતાની અંદર જિજ્ઞાસાના અગ્નિને પ્રજ્વલિત થવા દેવો, પ્રખર થવા

દેવો, પૂરા જીવનમાં ઓતપ્રોત થવા દેવો, એ અગ્નિમાં શેકાતા રહેવું, એ પુરુષાર્થ જો ઘટિત થાય તો જ્યાં જિજ્ઞાસાની પૂર્તિ થઈ શકે છે એવી વ્યક્તિને જીવન તમારે બારણે લાવશે. અથવા તો જીવનપ્રવાહ તમને એમની પાસે લઈ જશે; ખબર નથી કે એ મિલન કેવી રીતે ઘટિત થશે. કારણ કે ત્યાં કોઈ તર્ક કે ગણિત નથી, જે સમજાવી શકશે કે કેવી રીતે ઘટિત થશે. પરંતુ એ દેખાયું છે અને જીવાયું છે કે એ ઘટિત થાય છે. જિજ્ઞાસાની પરિપક્વતામાં અનુભૂતિનું સાચું મિલન થશે જ થશે, અથવા તો જિજ્ઞાસા પોતે પરિપક્વ થઈને પોતાનામાં વિસ્ફોટ પામશે. જિજ્ઞાસા જ પ્રકાશ બનશે. એટલે એની ચિંતા આપણે ન કરીએ. જિજ્ઞાસાને જીવનની સમગ્રતાની સાથે જોડવાનો પુરુષાર્થ માત્ર કરીએ. પહેલાં જાગૃતિના વ્યવહારની સાથે જોડવી પડે છે, પછી નિદ્રા, સ્વપ્ન અને સુષુપ્તિના વ્યવહારની સાથે જોડવી પડે છે. ચેતનાના જેટલા સ્તર છે તે સર્વની સાથે જિજ્ઞાસાને જોડવી પડે છે.

કહેવાનો અભિપ્રાય એવો છે કે શોધ કરવાથી ગુરુ ઉપલબ્ધ થતા નથી. કારણ કે શોધશે મન, શોધશે બુદ્ધિ, અભિલાષા શોધશે. એમાં ભય એટલો છે કે જેઓ અધ્યાત્મને નામે વેપાર કરે છે, તેમના શિકાર તમે બની જાઓ. ઠીક છે, સાચી જિજ્ઞાસા હોય તો શિકાર થવા છતાં પણ બેચાર ઠોકર ખાઈને પણ માણસ સીધે રસ્તે આવી શકે છે, એવું પણ બને છે.

## પરમાર્થને નામે નવો સંસાર

બહિર્મુખી દૃષ્ટિથી માર્ગદર્શકની શોધમાં આપણે ન નીકળીએ તો સારું, નહિ તો જિજ્ઞાસા પરથી દૃષ્ટિ હટી જશે, જિજ્ઞાસાથી અનુસંધાન સુધીનો પુરુષાર્થ છૂટી જશે, અને પરમાર્થના નામ ઉપર એક નવો સંસાર અને નવો પથારો ઊભો થશે. ઘરનો મોહ ખરાબ છે, અને આશ્રમનો મોહ વાંછનીય છે ? એ માયા નથી ? બંધન નથી ? મારા પતિ, મારા ભાઈ, મારા માતા-પિતા એ સર્વ બંધન છે, અને મારા ગુરુભાઈ બંધન નથી ? ત્યાં પછી ઈર્ષાનો અને સ્પર્ધાનો ખેલ છે. ત્યાં આપણે ક્રોધ અને આક્રમણ વગેરે બધા જ વિકારો લઈને જઈએ છીએ. તો એ દીવાલો અને આ દીવાલોના ચૂના-પથ્થર-સિમેન્ટમાં કંઈ ભેદ નથી.

એટલે પરમાર્થને નામે, અધ્યાત્મને નામે બીજો એક સંસાર ખડો કરીને

એમાં ફસાઈએ નહિ. એ ઘણો પુષ્પમય સંસાર લાગે છે. એ જલદી છૂટતો નથી. એ સોનાની દીવાલો છે, જે ઘણી પ્રિય લાગે છે.

## જિજ્ઞાસુ કદી એકલો નથી

'અમે ગુરુની શોધ ન કરીએ, માર્ગદર્શકની ખોજ ન કરીએ અને કેવળ જિજ્ઞાસાને જ ઉત્કટ બનાવીએ તો અમે એકલા નહિ પડી જઈએ ? સંસાર એટલો વિકટ છે, વાતાવરણ એટલું દુષ્ટ છે, કોઈ સમજતું નથી, અણસમજુઓની વચ્ચે રહેવું છે તો શરૂઆતમાં તો લોક હસશે અને કહેશે કે આ વ્યક્તિને શું થઈ ગયું છે ? વિરોધ અને આલોચના કરશે. સહયોગની વાત તો બાજુએ રહી પણ અમારા માર્ગમાં વિઘ્ન નાખશે તો અમે એકલા નહિ પડી જઈએ ?' આ સવાલ ઉઠી શકે છે. આને માટે એવું કહેવું છે કે જેણે સત્ય ભણી દૃષ્ટિ નાખી છે, જેને ઊર્ધ્વદૃષ્ટિ કરીને જીવનનું ચરમ સત્ય શું છે તે જોવું છે, એવી ઇચ્છા (ના, ઇચ્છા શબ્દ કંઈક ઓછો પડે છે), એવી લાલસા, વાસના (Passion, urge) - વાસના શબ્દ પણ શુદ્ધ અર્થમાં લેજો વિકૃત અર્થમાં નહિ - એવી એક વાસના જો અંદર જાગી ઊઠે, તો સત્યોન્મુખ વ્યક્તિ કદી એકલી પડતી નથી.

ક્યાં મહારાષ્ટ્રના મધ્યમ કુટુંબની એક કન્યા, એની પાસે સાધન કેવાં ? એની પાસે કોઈ ઐશ્વર્ય નહિ કે મદદ કોઈ કરનારું નહિ; કે સંતો અને અનુભવીઓ સાથે એનું મિલન થાય. જિજ્ઞાસા સિવાય એની પાસે કશું ન હતું. પરંતુ જે વખતે જિજ્ઞાસાના જે સ્વરૂપની પૂર્તિ હોવાની જરૂર હતી, બરાબર તેવી જ વ્યક્તિની સાથે જીવન મેળાપ કરાવી દેતું. એની પાસે એટલો ઇશારો મળ્યો કે આગળ વધ્યા. આ ભારતમાં અને જેને આપ વિદેશ કહો છો (અમારે માટે તો વિદેશ છે જ નહિ) ત્યાં પણ એ જ જોયું. એટલે એ નિશ્ચિત છે કે સમગ્ર જિજ્ઞાસા કદીય તમને એકલા નહિ છોડે. જિજ્ઞાસાની ગંભીરતા અને ઉત્કટતા તમારો અવસરો અને વ્યક્તિઓની સાથે આવશ્યક સંયોગ કરાવી આપશે. એ મિલન આગળ કદમ વધારવામાં તમારી સહાયતા કરશે.

જિજ્ઞાસુ એકલો રહી જ નથી શકતો. એનું કારણ છે. શરાબીને ગંધ આવે છે કે શહેરમાં ક્યાં ક્યાં શરાબીઓ છે, ડાકુઓનો પરસ્પર પરિચય થઈ જાય છે. એટલે સમાન શીલવાળાઓનું સખ્ય થઈ જ જાય છે. વાતાવરણમાં

કેટલાક પ્રવાહો છે; તમારા ચિત્તમાં જે વિચાર અને વિકાર ઉઠ્યો, જે સ્મૃતિ જાગ્રત થઈ, તેનું એક સ્પંદન અંદર પેદા થાય છે, જે પછી બહાર ફેલાય છે. અંદર-બહાર એ તો તમારી જોવાની મર્યાદા છે. જીવનમાં અંદર-બહાર નથી. આ સ્પંદન પેદા થયું, આકાશમાં ફેલાયું, ઘટાકાશમાં વિસ્તર્યું અને ચિદાકાશમાં પણ પ્રસર્યું. અનંત પ્રવાહો છે જે ફેલાતા રહે છે. ત્યાં એ પ્રવાહોના આકર્ષણથી પછી ઉચિત વ્યક્તિઓ સાથે, ઉચિત પડકારો સાથે અને સુયોગ્ય પરિસ્થિતિઓ સાથે મળવાનું બની આવે છે, આપ કદી ક્યાંય એકલા રહેતા નથી.

આપની અંદર જે વ્યાપાર ચાલે છે તે ફેલાય છે. જીવનમાં કશું પણ અદૃષ્ટ અને અસ્પૃષ્ટ રહેતું નથી. એ વ્યાપારો ઘટિત થયા કે વિશ્વની સાથે એનો સંબંધ ઘટિત થઈ ગયો. સદ્‌વિચાર હોય કે દુર્વિચાર, સદાચાર હોય કે દુરાચાર, જે કંઈ આપનામાં ઘટિત થશે, તે ફેલાશે. જેમ માછલી પાણીમાં રહે છે, તેમ જ અનંતવિકારો, વિચારો, સ્પંદનોના અનંત પ્રવાહોના સાગરમાં આપણે રહીએ છીએ. એવું ન સમજશો કે આપણી અંદર સ્પંદનોની જે સૂક્ષ્મ ગતિ છે, તે બહાર સાગરને સ્પર્શ નહિ કરે. આ આઘાત-પ્રત્યાઘાત ચાલતા જ રહે છે.

તો સત્યોન્મુખતા થઈ, જિજ્ઞાસાને સમગ્ર જીવનની સાથે જોડવાનું સાહસ થયું, અને તમે એકલા પડ્યા, એ બની શકે જ નહિ. હા, ક્યાંથી સહયોગ મળશે એનું કોઈ ગણિત તમારી બુદ્ધિની પાસે નથી. તમે કહેશો કે તમારા દૈહિક સંબંધીઓ દ્વારા જ તમોને મદદ મળે, કારણ કે ત્યાં જ તમારો અહં-મમભાવ છે. જિજ્ઞાસા સત્યની રાખશો અને સંબંધીઓની આશા રાખશો ! તમે ચાહો છો કે એ લોકો તમને સમજે, તમારી સાથે સહયોગ કરે. પરંતુ જે દિવસે જિજ્ઞાસા તમારી અંદર જાગી ઊઠી તે દિવસથી તમે સત્યશોધકોના પરિવારના થઈ ગયા. હવે દૈહિક કુળ અને ભૌતિક પરિવાર આપનાં રહી શકતાં નથી. પ્રારબ્ધવશ ત્યાં રહેવું પડે તો સુયોગ્યતા અને સુમધુરતાથી રહેવું. જે કંઈ કર્તવ્ય હોય તે બધું કરવું, પરંતુ એમાંથી અપેક્ષાનો સંબંધ છૂટી જવો જોઈએ. આપણે તો સાધના પણ કરવી છે, અને જેનો જિજ્ઞાસાની સાથે કોઈ સંબંધ નથી એવા માણસો આપણને સમજે અને આપણને સાથ, સહયોગ આપે એ આશા, અપેક્ષા પણ રાખીએ છીએ. જિજ્ઞાસાની સાથે આ આશા-અપેક્ષા સંગત નથી.

ભાગ્યશાળી હશો તો સહયોગ મળી રહેશે, એ લોકો કદાચ તમને સમજશે પણ ખરા. પરંતુ એવા ભાગ્યશાળી વિરલા જ હશે. સામાન્ય રીતે એવું હોય છે કે જિજ્ઞાસા જેની અંદર જાગૃત થઈ એ કોઈ કુળનો નહિ, કોઈ વંશનો નહિ, કોઈ દેશનો નહિ, એ તો જિજ્ઞાસુઓની જમાતનો છે, જે સમગ્ર પૃથ્વી પર વીખરાયેલા પડ્યાં છે. જિજ્ઞાસુઓમાં ક્યાંય અંતર નથી, ક્યાંય જુદાઈ નથી, જુદાઈનો તો ભ્રમ છે. નહિ તો શિબિરને બહાને પ્રારબ્ધ અમને બનારસ સુધી ખેંચી લાવત નહીં. જિજ્ઞાસુઓની જમાત છે, તો અમારા જેવા જિજ્ઞાસુને મેળવવા પ્રભુ લઈ આવ્યા.

બહાનું તો જીવન કોઈ પણ બનાવી લે છે. બહાનાના આવરણમાં જે તથ્ય છે તેને જોવાનું અને સમજવાનું છે. જોશો તો તમે પણ અભિભૂત થઈ જશો, જેવા અમે બચપણથી થયાં છીએ. જિજ્ઞાસાનો આરંભ આયુષ્યના પાંચમા વર્ષથી થયો ત્યારથી યાત્રા ચાલી.

તો એવી અપેક્ષા રાખવી કે જેમની અંદર જિજ્ઞાસા નથી, એ લોકો પણ તમારી કદર કરે એ કંઈ સંગત વાત નથી. ભારતનો એ યુગ વહી ગયો છે કે જ્યારે અધ્યાત્મની તરફ તમે વળ્યા અને સમાજ, જ્ઞાતિ, ફળિયામાં તમારી પ્રતિષ્ઠા થઈ ગઈ કે આ તો જિજ્ઞાસુ બની ગયા છે. હવે જિજ્ઞાસાનું કોઈ મૂલ્ય નથી. મૂલ્ય બદલાઈ ગયાં છે. ભારત તો યુરોપ-અમેરિકા કરતાં પણ વધારે ભૌતિકવાદી અને ભોગવાદી બની ગયો છે.

## આ દેશનું દારિદ્રય

દારિદ્રયની સાથે ભોગવાદ પ્રબળ હોય છે જ. જ્યાં સુધી આ દેશનું દારિદ્રય દૂર નહિ થાય ત્યાં સુધી ધર્મ અને અધ્યાત્મની વાત અહીં સંગત નથી. અમે ગામડાંઓમાં જઈને આ વાત નહિ કરીએ. અહીં તો વિશ્વવિદ્યાલયના લોક છે, સાધનસંપન્ન છે, આજીવિકાની ચિંતા નથી, એટલા માટે સમગ્રતાની ક્રાંતિની વાત તમારી પાસે મૂકીએ છીએ. બાકી અમે તો બીજી વાત કરીએ છીએ, ગ્રામ-પુનઃનિર્માણની, આર્થિક વિષમતાના નિરાકરણની. એમાં જં કંઈ થઈ શકે છે તે કરીએ છીએ.

## ભયમુક્તિ

એવું ન સમજશો કે સમાજનો ભય લઈને સાધનાની યાત્રા પર નીકળી

પડાશે. ભયથી અનેક અંતર-બાધાઓ પેદા થાય છે, ગ્રંથિઓ બને છે, જેને કારણે મનુષ્ય રાસાયણિક તણાવો અને દબાવોનો શિકાર થઈ જાય છે. એમ સાધના નહિ થાય. ભયમુક્તિના ઉપાય શોધતા રહેવું એ સાધના નથી. પહેલી જ ક્ષણથી વીતરાગની જેમ વીતભય થવું જરૂરી છે. જિજ્ઞાસાને જીવનની સાથે જોડવાની ક્ષણમાં જ ભયમુક્ત થઈ જાઓ. ભયમુક્તિ, અભય જ સ્વાધીનતા છે. અભયતા એ નિર્ભયતા નથી. ભયના વિરોધમાં નિર્ભયતાને ઊભી કરશો તો એ પણ એક અભિગમ બની જશે. અમે તો અભયની જ વાત કરી રહ્યાં છીએ, જ્યાં ભય અને નિર્ભયતા બંને નથી. નિર્ભયતામાં એક પ્રકારની વિશેષ ધારણા છે જેનો ઉછેર કરી શકાય છે; જેમ કામુકતાની વિરુદ્ધમાં પ્રતિજ્ઞા, વ્રત અને દમન-નિગ્રહ કરીને બ્રહ્મચર્યને ખડું કરવામાં આવે છે.

## નિરપેક્ષતા આવશ્યક

અભયમાં સહજતા છે, નિર્ભયતામાં પ્રયાસ છે. એટલે એવો ભય ન રાખશો કે અમે એકલા પડી જઈશું. ભય એટલા માટે થાય છે કે આશા-અભિલાષા એવી છે કે મને કોઈ સમજે. મારી સાથે જે રહે છે, જે મારા છે, જેમનો હું છું, તેઓ મને સમજે. આ સૂક્ષ્મ બંધન છે, એને છોડી દેવું જોઈએ. નિરપેક્ષતા રહે. એવું નહિ કે આપણે એમને કહીએ કે અમે તો આધ્યાત્મિક બની ગયા છીએ અને તમે બંધાયેલા છો. એમાં અહં-પવિત્રવાદ આવશે, ત્યારે એકલા પડી જઈશું, પછી કોઈ નહિ બચાવી શકે. એકલાપણાનું નિર્માણ તો મન અને અહંકાર કરે છે, જિજ્ઞાસા નહિ. વસ્તુનો અહંકાર તમને બીજાથી જુદા પાડી દે છે. બીજા લોકો આધ્યાત્મિક ભલે ન હોય, પરંતુ તમારા અહંકારની ગંધ તેઓ જરૂર પકડી લેશે.

અહંકાર અને દર્પની દુર્ગંધથી બચાવવાનું સામર્થ્ય કોઈમાં નથી. તમારામાં પણ નહિ. જિજ્ઞાસુ બનવાનો જો અહંકાર આવ્યો તો તમે એકલા પડી જશો. પછી મુશ્કેલી છે. જિજ્ઞાસા જન્મે તો ઠીક છે, પ્રભુકૃપા છે, એમાંથી કોઈ ગ્રંથિ બનવી ન જોઈએ. અને અહંકાર તો ગ્રંથિઓ બાંધવાનો જ. એક એક ગ્રંથિનું નિર્માણ એટલે ચેતનાની ગતિમાં વિઘ્નનું પેદા થવું.

એટલા માટે ભય ન રાખશો. એકાકી કોઈ નથી. જો જિજ્ઞાસા વિશુદ્ધ છે, અને સમગ્રતાની સાથે એનો સંબંધ છે તો તમે એકાકી રહી જ નથી શકતા. જેવો આકર્ષણનો નિયમ છે, કાર્ય-કારણભાવનો નિયમ છે, તેવો પ્રેમનો

પણ નિયમ છે. સહજતાનો પણ એક નિયમ છે, જે સર્વની પાર સૂક્ષ્મતમ પ્રવાહમાં રહે છે. એને શબ્દોથી દેખાડવો કઠણ છે. સહજતાની અનિવાર્ય ગતિમાં કંઈક ઘટિત થાય છે. જિજ્ઞાસાની ગતિ અને અનુભૂતિની ગતિ એકબીજા પ્રત્યે કંઈક એવી રીતે આકર્ષિત થાય છે કે જેમ ચુંબક અને લોઢું. અથવા એમ કહેવાય છે ને કે પાણી પોતાની સપાટી શોધી જ લે છે, એવી રીતે જિજ્ઞાસાનો એક ચેતના-સ્તર છે.જિજ્ઞાસાનું વહેણ તમને ત્યાં સુધી લઈ જાય છે.

આખરે અનુભૂતિ છે શું ? પરિપક્વ જિજ્ઞાસા તો છે. એક કાચી છે, બીજી પાકી છે, એટલો જ ફરક છે. એટલા માટે શરૂઆતમાં કહ્યું હતું કે કદાચ ગુરુ અને શિષ્ય એક જ અવસ્થાનાં બે નામ હશે. જિજ્ઞાસા અને અનુભૂતિ કદાચિત્ એક જ અવસ્થાની કાચી અને પાકી દશાનું વર્ણન કરનારા શબ્દો હશે. ચૈતન્ય અને પ્રેમનો અવશ્ય નિયમ છે. એ કાર્ય કરે છે.

જિજ્ઞાસામાં અસીમ સંવેદનશીલતા છે. અસીમ સંવેદનશીલતા અનુભૂતિની કાયા છે; એટલે બંનેનું મિલન અનિવાર્ય છે. એકાકી રહેશો કેવી રીતે ? એટલે ભય છોડી દો, ભય છૂટશે તો અપેક્ષા છૂટશે. જેમને તમે દૈહિક સંબંધોને કારણે સ્વજન સમજો છો, માનસિક સંબંધોને કારણે મિત્રો સમજો છો, જ્ઞાતિસંબંધોને કારણે સગાંવહાલાં સમજો છો એમની પાસેથી અપેક્ષા છોડી દો. અપેક્ષા છૂટશે તો તમારી અપેક્ષાના પાસમાંથી મુક્ત થઈને કદાચ એઓ તમને કંઈક સમજી પણ શકે. તમારી અપેક્ષા એમને બાંધે છે અને એઓ તમને સમજી શકતા નથી.

તમે અપેક્ષાઓના માધ્યમથી બીજાઓ ઉપર પ્રભુત્વ જમાવો છો. પ્રભુત્વ રાખવાના અનેક માર્ગ છે, એમાં અપેક્ષાનો એક સૂક્ષ્મ માર્ગ પણ છે. બહારથી પ્રભુત્વ રાખનાર સ્થૂલ છે, નિંદાને પાત્ર બને છે, અંદરથી અપેક્ષાના પાશ ફેલાવીને જકડનાર સૂક્ષ્મ સ્તર પર પ્રભુત્વ કાયમ કરે છે. એ જંજીર નથી પણ પાશ છે, જે દેખાતો નથી પણ ચેતનાના એવા સૂક્ષ્મ સ્તર પર બીજાને બાંધી લે છે કે બીજો માણસ શ્વાસ પણ ન લઈ શકે. એ જે પાશજાળ છે એનું જો નિરાકરણ થઈ જાય તો બીજી વ્યક્તિઓ જેમને આપ સ્વજનો અને મિત્રજનો કહો છો, તેઓ તમારી અપેક્ષાઓથી મુક્ત રહેશે. પછી સંભવિત છે કે તમને સમજવાની તેમની ઇચ્છા પણ કંઈક થાય.જ્યાં સુધી તમારી એવી ઇચ્છા છે કે

કોઈક તમને સમજે, ત્યાં સુધી કોઈ નહિ સમજે. તમારી આવી ઇચ્છા જ એમની આંખ આગળ પ્રત્યવાય બની જાય છે. તમે બદલાઈ ગયા છો, એનું પ્રદર્શન કરવું એ જ વિઘ્ન બની જાય છે. કારણ કે આપની ઇચ્છાની સાથે એઓ ભટકાય છે. એમને દેખાય છે તમારી પ્રદર્શનની ઇચ્છા, તમે નથી દેખાતા. રસ્તો તો તમે બંધ કરી દીધો.

એટલે સાધકે જાગ્રત રહેવું જોઈએ કે અપેક્ષાના પાશજાળ ન ફેંકે. જો ભયમુક્તિ હશે તો એનો નિકાલ આપમેળે થઈ જશે. પછી સહજતા આવશે, વિનમ્રતા રહેશે. ભય અને અપેક્ષા જિજ્ઞાસાની સાથે વિનમ્રતાને જવા નથી દેતાં. એને જો હટાવી લેવાય, અને એટલું જો મનુષ્ય કરે તો પછી આગળ કંઈ કરવાનું રહેતું નથી. બાકીનું બધું જીવન પોતે સંભાળી લે છે. જે બાકી છે તે તમારા અને અમારા પુરુષાર્થનો વિષય નથી, જેમ પ્રેમ આપણા પુરુષાર્થનો વિષય નથી. આગળની યાત્રા પોતે ચાલશે.

### યાત્રા અને મુકામ

વિનમ્રતા અને ઉન્મુખતાને લઈને જિજ્ઞાસા ચાલી નીકળી છે એ જ યાત્રા છે. અહીં તો કદમ ઉઠાવવામાં જ યાત્રાની ફલશ્રુતિ છે. મુકામનો વિચાર યાત્રાનો આનંદ ફિક્કો કરી દેશે. ખુશી ભેળસેળવાળી થઈ જશે, કારણ કે દૃષ્ટિ મુકામ પર છે, ચાલવા પર નથી. જેની આંખોમાં મુકામનાં ચિત્રો જળહળતાં હોય છે તેમને ચાલવાનો આનંદ કેવી રીતે મળશે ? એ ચાલી નહિ શકે. યાત્રામાં કંઈ ઓછો આનંદ છે કે મુકામ પર પહોંચવાની ધાંધલ કરવી પડે ! પરંતુ આપણે મુકામનાં સ્વપ્નો જોઈએ છીએ. મુકામનાં સપનાં જોનારા યાત્રા નથી કરી શકતા. અને યાત્રા કરનાર જોશે કે અનંતમાં ક્યાંય મુકામ જ નથી.

### જીવનની ગતિ

જીવન પોતે જ અનંત ગતિ છે. એમાં આપણી ગતિ મેળવી દેવી છે, અને જીવન ચાલતું રહેશે. ત્યારે તમે નથી જીવતા, જીવન તમારામાંથી જીવે છે. પછી તમે એક વ્યક્તિની રીતે નથી જીવતા, જીવન પોતે જીવી રહ્યું છે. જીવનનું સમસ્ત લાવણ્ય પાંગરી રહ્યું છે, આપણી દશેય ઇન્દ્રિયોમાંથી ઝરી રહ્યું છે. જેમ સૂરજમાંથી પ્રકાશ અને ઉષ્ણતા, ચંદ્રમામાંથી ચાંદની, તેવી રીતે

જ પ્રજ્ઞામાંથી જેને લોકો જ્ઞાન-વિજ્ઞાન કહે છે તે ઝરતું જ રહેશે. તમે કંઈ નહિ કરો, કારણ કે કરવા માટે ત્યાં કોઈ રહેતું નથી.

**સહજાવસ્થામાં વ્યવહાર**

એવી અવસ્થામાં રહીને પણ પ્રારબ્ધપ્રાપ્ત વ્યવહાર થઈ શકે છે. એવો વ્યવહાર ન થાય તો આની કંઈ કિંમત નથી. પછી તો દેશ સળગી રહ્યો છે અને ઘરમાં સિતાર વાગી રહ્યો છે, એવું થશે. સમાધિ અવસ્થામાં રહેવા છતાં જો વ્યવહાર સંભવિત નથી બનતો, સમાધિથી આગળ જઈને સહજાવસ્થામાં જો રસોઈ કરવી, ઑફિસમાં કામ કરવું, માતા-પિતા, ગૃહિણી અને ગૃહપતિનું ઉત્તરદાયિત્વ સંભાળવું, એ બધું જ અસંભવિત થઈ જાય, તો એ સહજાવસ્થાની મારે મન કંઈ કિંમત નથી.

સહજાવસ્થાનું, સમાધિનું, ચેતનાના અવસ્થાંતરનું મૂલ્ય એટલા માટે છે કે એ માનવીય સંબંધોની કાયાપલટ કરી દે છે. આજ સુધી, સમાધિ અવસ્થા સુધી પહોંચતાં પહોંચતાં સાધક નિવૃત્ત થઈ જતો હતો. સંસાર છોડી દઈને, જવાબદારીઓમાંથી મુક્ત થઈને એકાન્તમાં બેસતો હતો. એટલા માટે એની ઉપલબ્ધિઓનો દેશને અને લોકજીવનને લાભ ન થયો. એના ઉપર વિશિષ્ટ વ્યક્તિઓનો એકાધિકાર રહ્યો. એવું જ મનાયું કે અનુભૂતિઓ આવી, સમાધિ સુધી પહોંચ્યા, હવે એમનાથી ઘર-ગૃહસ્થી નહિ થાય. એમની કંઈક જુદી વ્યવસ્થા કરો.

એ અવસ્થામાં રહીને જો ઇન્દ્રિયોનો ઉપયોગ ન થઈ શક્યો, મન અને બુદ્ધિનો વિનિયોગ ન થઈ શક્યો, કાયિક - વાચિક - માનસિક વ્યાપારમાં નવા પ્રસાદ અને તેજની સૌરભ રસાઈ નહિ, માનવીય સંબંધો આલોકિત ન થઈ શક્યા, તો પછી એનો અર્થ શો ? તો તો પછી એ પરમ સ્વાર્થ જ થયો. પણ એવું નથી. અને એવું કરવા જઈએ તો સમાધિ અવસ્થામાં અને સહજાવસ્થામાં શરીર ટકી શકતું નથી. તો પડકાર તો એવો છે કે સંપૂર્ણ નાડીતંત્રને, સ્નાયુ-સંસ્થાનને, સંપૂર્ણ દેહ અને માનસના અવયવસંસ્થાનને એવાં સમર્થ બનાવવાં કે એઓ સર્વ ચેતનાના આ સ્તરને સુગમતા, સરલતા અને સહજતાથી વહન કરી શકે.

જો શરીર આ નથી કરી શકતું, નથી સહી શકતું અને જીવનથી અલગ

હઠી જવું પડે છે તો હું માનું છું કે એ એકાંગીપણું હશે, અને અમને દેખાય છે ત્યાં સુધી આવી એકાંગીતા જરૂરી નથી. મૌનમાં પ્રતિષ્ઠિત થઈને પણ વાણીનો સમ્યક્ ઉપયોગ થઈ શકે છે. શાંતિમાં પ્રતિષ્ઠિત થઈને, પ્રારબ્ધપ્રાપ્ત ગતિની સાથે ચાલી શકાય છે.

## પ્રશ્નોત્તરી

**પ્રશ્ન :** જિજ્ઞાસાને પ્રયત્ન દ્વારા ઉત્પન્ન કરી શકાય ખરી અને કાયમ રાખી શકાય છે અથવા એ પોતાની મેળે થાય છે ?

**ઉત્તર :** મનુષ્ય જો આંખ અને કાન ઉઘાડાં રાખીને જીવે છે, એટલે પોતાના જીવનની સાથે અને બીજાઓની સાથેના પોતાના સંબંધોના સ્વરૂપને જો જુએ છે, તો જિજ્ઞાસા જાગૃત થઈ શકે છે. આંખ અને કાન ખુલ્લાં રાખીને એટલે પરંપરાગત વાતોને પ્રવાહપતિતની જેમ જ માનીને નહિ, અથવા વિચાર કરવાનું છોડીને નહિ. જે સાંભળ્યું છે, જે વાંચ્યું છે તે પ્રમાણે વર્તન રહે તો જીવન પરોક્ષ છે. સાંભળેલી, વાંચેલી વાતો પર ચાલીએ છીએ. જીવનમાં સ્વાયત્ત કશુંય નથી. હવે આનાથી જો સંતોષ હશે તો જિજ્ઞાસા નહિ જાગે. કુતૂહલ સુધી માણસ પહોંચશે.

કુતૂહલમાં સ્થિરતા અને ગંભીરતા નથી હોતી. ચેતનાના સપાટિયા સ્તર ઉપર જ તે રહી જાય છે. ખાસ કરીને બુદ્ધિજીવીઓમાં આ કુતૂહલ ઊઠે છે કે જોઈએ તો ખરા, શી વાત છે.

ક્રોધ આવ્યો તો મનુષ્ય જોતો નથી કે એ કેમ આવ્યો. માની લીધું કે એ તો સ્વભાવ છે. ગાળ નીકળી, અપશબ્દ નીકળ્યો, તો માની લીધું કે એ તો એમ જ થાય છે; આળસ, તંદ્રા, પ્રમાદ છે તો કેમ છે એ જોતા નથી. માની લીધું કે બધા લોકોનું આવું જ થાય છે. આ રીતે જીવનના જે પ્રવાહો આજે ચાલી રહ્યા છે, એને જોયા વગર જ, જાણ્યા વગર જ જીવવામાં સંતોષ છે. પૈસા કમાયા, મોટર છે, બાળકો છે, ચાર માણસો પૂછે છે, બીજું શું જોઈએ ? ચેતનાના આ સપાટિયા સ્તરથી જેને સંતોષ છે, તેને જિજ્ઞાસાની સાથે શી લેવા દેવા ? સુખનો તરંગ ઊઠ્યો અને દુઃખનો પણ ઊઠ્યો. માન આવ્યું અને અપમાન આવ્યું. એમાં જો ઘસડાતા ચાલ્યા કર્યા, તો જિજ્ઞાસા જાગૃત નહિ થાય. અને પાછું આવું જીવવામાં રસ આવે છે ! રસ છે સંસારમાં. અને

બીજી બાજુ જિજ્ઞાસા જગાવવાની કોશિશ કરશે. ક્યાંક જઈને સાંભળી લીધું કે આત્માની ઉપલબ્ધિ અને સત્યની ઉપલબ્ધિમાં મનુષ્યની કૃતાર્થતા છે, એટલે રસ તો સંસારમાં છે અને બુદ્ધિને ત્યાં લગાવવી છે. હવે સંસારમાં રસ કેમ છે એ જે શોધશે એની અંદર જિજ્ઞાસા જાગશે. પરંતુ રસ છે અને એ ખોટો છે એમ કહીને ભાગી જનારમાં જિજ્ઞાસા કેવી ?

જિજ્ઞાસા પ્રયાસસાધ્ય છે. કયો પ્રયાસ ? જે જીવન જીવી રહ્યા છીએ, તેને સમજવાનો. સિદ્ધાર્થ એ શુદ્ધોદનનો દીકરો. મહેલમાં અને સુખના કારાગારમાં એનું પાલનપોષણ થયું. એક દિવસ મહેલમાંથી બહાર ફરવા નીકળ્યો તો વ્યાધિ, વૃદ્ધત્વ અને મૃત્યુનાં દર્શન થયાં. એ સૌને થાય છે, કોઈ એનાથી બચતું નથી એવી ખબર પડી. આઘાત લાગ્યો. પરંતુ સર્વને માટે અનિવાર્ય છે, એમ કહીને એનો સ્વીકાર ન કરી લીધો. મનમાં આત્મદયા અથવા આત્મગ્લાનિ ન થઈ કે હું પણ વૃદ્ધ અને બીમાર થઈને એક દિવસ મરી જઈશ. એવું થાત તો જિજ્ઞાસા ન જાગત. પરંતુ બેચેન થઈ ગયો. નખશિખાંત બેચેની ઓતપ્રોત થઈ ગઈ. 'સારથિ ! રથ પાછો વાળો. સુખદુ:ખના હીંચકા પર બેસીને આગળ જઈ શકાશે નહિ.' જિજ્ઞાસા જાગ્રત થઈ. જન્મ, મૃત્યુ, જરા અને વ્યાધિ એ શું છે, જીવનનું સ્વરૂપ શું છે, એનાથી પર કંઈ છે કે નહિ ?

કાન અને આંખ ખુલ્લાં રાખવાનો પુરુષાર્થ જેઓ કરે છે, તેમની અંદર જિજ્ઞાસા આપમેળે જાગ્રત થાય છે. પ્રયાસ જો કંઈ કરવાનો છે તો પોતાના જીવનને સમજવાનો, બીજાની સાથે પોતાનો સંબંધ છે એના સ્વરૂપને સમજવાનો. એટલો જ પ્રયાસ એને માટે થઈ શકે છે. બીજા કોઈ પ્રયાસ વડે જિજ્ઞાસાને સંકોરી શકાતી નથી.

**પ્રશ્ન :** ધ્યાનના અભ્યાસને માટે રોજ કેટલો વખત અને કેટલી વાર બેસવું જોઈએ ?

**ઉત્તર :** એ કોણ નિર્ધારિત કરશે ? 'કોઈનું માર્ગદર્શન ન સ્વીકારશો. પોતાની શોધ કરો.' એવું કહેનારી વ્યક્તિ જો નિયમ અથવા ફોર્મ્યુલા બનાવી આપે, તો આપની એ દ્રોહી બનશે. 'માર્ગદર્શન ન શોધો' એનો શું એવો અભિપ્રાય છે કે મારું માર્ગદર્શન સ્વીકારી લો ! તમારે માટે હું કઈ રીતે જાણી શકું ?

જેટલી ઉત્કટતા હશે, તીવ્રતા હશે, એના અનુસરણમાં ચોવીસ કલાકની વ્યવસ્થા તમારી અંદરથી આવશે. પ્રેમમાં પૂછવું નથી પડતું કે કેટલો સમય કરું અને કેટલી વાર કરું. બાળકને રમવું ગમે છે એટલે ખાવુંપીવું સુદ્ધાં ભૂલી જાય છે. જિજ્ઞાસાની ઉત્કટતા અને તીવ્રતાના અનુસરણમાં પોતાની મેળે સમયની વ્યવસ્થા થઈ રહેશે. ત્યારે તો જાગૃતિમાં, નિદ્રામાં, હસતાં-બોલતાં, ઊઠતાં-બેસતાં, પ્રારબ્ધપ્રાપ્ત કર્મ તો ચાલશે, પરંતુ અંદર કંઈક ધ્યાનની અવસ્થા પણ રહી શકશે. સવાલ ઉત્કટતાનો અને જિજ્ઞાસાની વિશુદ્ધિનો છે. સમય અને સ્થાન તો આપમેળે જ નિર્ધારિત થતાં રહે છે.

તો પણ જો કોઈ છોકરા-છોકરીનો આ પ્રશ્ન હોય તો કહું કે જેમ સ્નાન કરો છો, અન્ન ગ્રહણ કરો છો, તેવી રીતે દિવસમાં એકવાર શરીર અને મનને તણાવમુક્ત અને દબાવમુક્ત અવસ્થામાં રાખવા માટે સમય કાઢવો. આ સંપૂર્ણ વિશ્રાંતિ (total relaxation) શું છે ? એની મજા જરા ચાખી તો જુઓ. મૌન અને વિશ્રાંતિની પાવન ધારામાં ડૂબકી લગાવીને જુઓ તો ખરા.

એમાં જેમ જેમ આપને આનંદ આવવા માંડશે, તેમ તેમ સમયની મર્યાદા વધતી જશે. પરંતુ આ કરીને જોવા જેવી વસ્તુ છે.

કેટલા તણાવો અને દબાવોમાં આપ રહો છો ! નિદ્રામાં શરીરને થોડો ઘણો વિશ્રામ મળે છે. પરંતુ તમે શાંતિથી એકાંતમાં પોતાની સાથે બેસશો, શરીર, મન અને વાણીની સ્થિરતામાં થોડો સમય રહેશો, તો સંભવિત છે કે તમારી શ્વાસોચ્છ્વાસની ક્રિયાને પણ થોડો આરામ મળે. એ પણ જરાક વિશ્રાંત ગતિથી અને લયથી ચાલી શકે. તમારા લોહીના અભિસરણને અને પ્રાણોને પણ આરામ મળે. આ રીતે ઓછામાં ઓછું દિવસમાં એકવાર તો ડૂબીને જુઓ. ચોવીસ કલાકમાં બીજું બધું થાય છે પણ આ નથી થતું. કારણ કે એવો બોધ નથી કે સર્વથા તણાવરહિત અવસ્થામાં જીવી શકાય છે. અને મૌન પણ જીવનનું એક પરિમાણ છે. એનો જો બોધ થઈ જાય તો મનુષ્ય સમય અને સ્થાન ઘણી સહજતાથી પેદા કરી લેશે.

**પ્રશ્ન :** શું અભ્યાસની આ જ પ્રક્રિયા હંમેશાં રહેશે, અથવા કાલાંતરમાં કોઈ ભિન્ન પ્રક્રિયાનો નિર્દેશ પણ કરી શકાશે ?

**ઉત્તર :** કયો અભ્યાસ ? જોવાની અવસ્થામાં પોતાની જાતને રાખવી; શરીર, વાણી અને ચિત્તની અક્ષુબ્ધ અવસ્થામાં પોતાને લઈ જવી, ત્યાં તો

મનુષ્ય કંઈ કરી શકે છે. ત્યાં જો પ્રતિષ્ઠિત થઈ ગયા તો પછી શું કરવું ? ત્યાં કરવાનું કશું નથી, માત્ર જોવાનું છે. ત્યાં કેવળ દ્રષ્ટાભાવ છે. દ્રષ્ટાભાવ હજુ શાંત થયો નથી. દ્રષ્ટા ત્યાં છે અને જોઈ રહ્યો છે. જે અંદર ઘટિત થાય છે, જે ગતિમાન છે, જે અંદરના સ્પંદનોમાં સામ્રાજ્ય છે, તેને જુએ છે.

જોવાની અવસ્થા જો ટકી ગઈ તો પછી ચેતનાના વ્યાપારને જુએ છે. અચેતનનાં દ્વારા ખૂલે છે તો તેના વ્યાપારને જુએ છે. એ રીતે અવચેતનનાં દ્વાર ખૂલે છે તો તેના વ્યાપારને પણ જુએ છે. જાગૃતિમાં આ અવસ્થા ટકી તો નિદ્રામાં પણ ટકી શકે છે. નિદ્રાને પણ જોઈ શકાય છે, કેવળ સ્વપ્નને નહિ, સુષુપ્તિને પણ. આ નીરખવાની અવસ્થા ક્યાં સુધી ટકશે ? જ્યાં સુધી દશ્ય દેખાશે. અચેતન, અવચેતન, નિદ્રા, સુષુપ્તિનાં દશ્યો જ્યાં સુધી દેખાય છે, ત્યાં સુધી દ્રષ્ટા છે. પરંતુ મનુષ્યના અચેતન અને અવચેતનમાં જે જ્ઞાન અને અનુભૂતિઓનો સંગ્રહ છે, તે અમર્યાદિત નથી, અસીમ નથી, એને સીમા છે. એ સમાપ્ત થઈ જાય છે.

દશ્યનું દેખાવું જ્યારે શાંત થઈ જાય છે ત્યારે દેખવું અને દેખનાર બંને શાંત થઈ જાય છે. ત્યારે અવસ્થાંતર આવે છે. એ અવસ્થાંતરમાં દેખનારો જ નથી તો શું કરવાનો સવાલ જ કેવી રીતે ઊઠી શકે ? આ જ તો ગભરામણ છે કે જોનારો શાંત થઈ જાય તો પછી શું ? આપણે તો આપણી મુક્તિને પણ જોવા માગીએ છીએ. 'હું મુક્ત છું' એ કહેવા માટે શેષ રહેવા ચાહીએ છીએ. **'अहं ब्रह्मास्मि'** - ભાવ ધારણ કરવા માટે બચી રહેવા માગીએ છીએ. તમારી મુલાકાત મુક્તિ સાથે કદી નહિ થાય, તમે જે છો - દેહધારી, નામધારી અને ગુણવિશિષ્ટ - તેમની મુલાકાત નહિ થાય.

ગભરામણ તો એ છે કે જોનારો શાંત થઈ જાય, પછી જ્યાં દશ્ય નથી, દર્શન નથી, દ્રષ્ટા નથી, તો ત્યાં છે શું ? ચેતનાની જે એક નિર્દ્વન્દ્વ અવસ્થા છે, એનાથી આપણે ગભરાઈએ છીએ. કારણ કે દ્રષ્ટાનું વિસર્જન એ જ અહંકારનું મૃત્યુ છે. એટલે અહંકાર કહે છે કે ત્યાં સુધી જશો નહિ ભાઈ, કોઈ બચવાનો ઉપાય બતાવો.

કાલાંતરનું કોઈ સમયપત્રક બનાવી આપશે ? વ્યક્તિનું શરીર કેવું છે ? એનું દૈહિક, માનસિક, આનુવંશિક ઘટન કેવું છે ? આજની એની હાલત શી છે ? કયો વ્યવસાય કરે છે ? કયો આહાર લે છે ? જ્યાં રહે છે ત્યાં હવાપાણી

કેવાં છે ? એ સર્વનું સરવાળારૂપે જે પરિણામ છે, એમાંથી એની સંવેદનશીલતા અને ઉત્કટતા નીપજે છે.

એકની ઉત્કટતા એવી હોઈ શકે છે કે એક દિવસમાં કામ થઈ જાય છે, અને કોઈની ઉત્કટતા એવી મંદ હોય કે એને વર્ષો લાગે. એનું ગણિત માંડી શકાય એવું નથી. ગણિત માંડવું, નકશા બનાવવા, યોજના બનાવવી, એ જે બુદ્ધિની કક્ષા સુધીના વ્યાપાર છે તેને મન-બુદ્ધિથી પર લઈ જવાનો મોહ છોડી દેવો.

**પ્રશ્ન :** તમે કહ્યું કે બુદ્ધિ જન્મ અને મૃત્યુની વચ્ચેની અવસ્થાના વિષયમાં જ વિચાર કરી શકે છે, તો કૃપા કરીને બતાવો કે જીવન ક્યાંથી આવે છે અને મૃત્યુ પછી ક્યાં રહે છે ? શું જીવન અમર થઈ શકે છે ?

**ઉત્તર :** જીવનને તો મૃત્યુ નથી. જીવન ક્યાં મરે છે ? જીવન એટલે ઊર્જા, જીવન એટલે ચૈતન્ય, જેને આપ પંચમહાભૂતોનો સ્થૂલ દેહ કહો છો તેના આકારનું જ મૃત્યુ થાય છે.

જે વિચારો તમારા ચિત્તમાં ઊઠે છે, તેમનું તો મૃત્યુ નથી. એ તો આવ્યા અને અમર થઈ ગયા. વાતાવરણમાં ચાલ્યા ગયા. વાસના અંદર ઊઠી અને આકાશમાં જઈને ફેલાઈ ગઈ. વાસનાઓના અને વિચારોના પ્રવાહ સૂક્ષ્મ છે. અનંત સાગરમાં જઈને એ ભળીમળી જાય છે. જીવનનું મૃત્યુ નથી, મરે છે શરીર. એ શરીરની અંદર જે બીજાં શરીરો છે, તેમનું શું થાય છે ? વેદાંત અને ભારતીય દર્શનોની વાત નથી કરતી, વિજ્ઞાન દ્વારા શોધાયેલી વાત કહું છું. યંત્રો દ્વારા શરીરની અંદરના પાંચ શરીરના ફોટા લેવાયા છે. અતિપ્રાકૃતિક (super-natural) સ્તરની વાત નથી. હવે એ લોકો એની શોધમાં પડ્યા છે કે સ્થૂલ શરીર મરે છે ત્યારે બાકીનાં શરીરોનું શું થાય છે.

એટલું કહી દઉં કે જન્મ-મરણ શરીરની સાથે જોડાયેલાં છે. જીવન જે જન્મની સાથે પ્રગટ થાય છે અને મૃત્યુની સાથે લુપ્ત થતું દેખાય છે, અથવા અવ્યક્તમાં ચાલ્યું જાય છે તેને મૃત્યુ નથી, એ સનાતન છે. પ્રતિક્ષણે નવ-નવીનતા ધારણ કરતું એનું સ્વરૂપ છે.

**ઉપસંહાર**

ત્રણ-ચાર દિવસ અહીં બેસીને, આપના પ્રશ્નો સાંભળીને જેવા સૂઝ્યા તેવા ઉત્તર આપવાનો પ્રયત્ન કર્યો છે, એટલે કોઈ એવું ન સમજે કે અમારો

સર્વજ્ઞતાનો દાવો છે. મારા મનમાં જો આ પ્રશ્નો ઊઠત તો હું એમનો કેવો ઉત્તર આપત, એટલું જ આપની સમક્ષ મૂક્યું છે. એમાંથી એવો સંબંધ નથી બન્યો કે હું બધું જાણનારી છું અને અધ્યાત્મની વાત કરું છું. સંપૂર્ણતા અથવા ત્રુટીહીનતાનો કોઈ દાવો નથી.

જે આજનું મર્યાદિત જીવન છે, મનબુદ્ધિમાં રહીને જીવાય છે, તેનાથી પર પણ જીવન છે અને એમાં જીવી શકાય છે. એ જીવનનું એક પરિમાણ છે. એ પરિમાણની શોધ પ્રત્યેક મનુષ્ય સ્વતંત્રતાથી કરી શકે છે. આટલી વાત જો તમને પહોંચાડવામાં સમર્થ થઈ હોઉં તો આ સંવાદ નિષ્ફળ નથી ગયો એવું સમજજો.

•

## ૮
# યોગ કળા★

મને આશા છે કે જો પ્રવચનમાં મનોરંજન ન થયું તો આપ ક્ષમા કરશો, પોતાના અને બીજાઓના મનોરંજન અથવા બુદ્ધિરંજનને માટે વાણીનો વિનિયોગ કરવાની અવસ્થામાંથી અમે પસાર થઈ ગયાં છીએ. હવે અમારે માટે એ સંભવ નથી. જીવનમાં જે જીવાય છે, જે પ્રત્યય-આચરણથી સમૃદ્ધ થઈ જાય છે, એટલું જ અભિવ્યક્ત કરવા માટે મોઢું ખોલવું, એટલું હજી સુધી સંભવ છે. એ પણ ક્યાં સુધી સંભવિત રહેશે તે પ્રભુ જાણે.

### ભારતનું દુર્દૈવ

સંસારમાં આજે સર્વમાં કોઈ દુર્દૈવી દેશ છે તો તે ભારતવર્ષ છે. એટલા માટે નહિ કે એ ગરીબીગ્રસ્ત છે. દારિદ્ર્યગ્રસ્ત દેશ તો આફ્રિકા ખંડ પણ છે. દક્ષિણ-પૂર્વ એશિયામાં અને મધ્યપૂર્વમાં પણ ગરીબી છે. અભાવગ્રસ્ત અને નિરક્ષર જનતાની મોટી મોટી સમસ્યાઓથી સંસારમાં અનેક દેશો ઘેરાયેલા છે. એમાંનો એક ભારત પણ છે. આ સમસ્યાઓ સામાન્ય નથી અને ગરીબી-નિવારણ સિવાય આ દેશની કોઈ પણ ઉન્નતિ સંભવ નથી, એનું અમને ભાન છે, પરંતુ દુર્દૈવી એટલા માટે કહીએ છીએ કે એની જે સંપદા છે, જે ઐશ્વર્ય છે, એનું ભાન આ દેશના ભલભલા લોકોને પણ નથી. શિક્ષણવિદોને

★ આ પ્રવચન સાર્વજનિક હતું એટલે શિબિરની અંતર્ગત પ્રવચનમાળાની સાથે એનું અનુસંધાન નથી. વાસ્તવિક રીતે એનું સ્વતંત્ર સ્થાન છે. એટલા માટે એને અંતિમ મૂકવામાં આવ્યું છે. આ પ્રવચન ગીતાના પ્રથમ અધ્યાય 'વિષાદયોગ' પર થયું હતું.

વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોની સાથે બેસીને આજના વિકૃત માનસની અને તણાવ દબાવની જે અવસ્થા ચાલી રહી છે તેની ચર્ચા થઈ શકે છે. આ અવસ્થા શા માટે છે ? સમતોલ વ્યવહારનું વરદાન વ્યક્તિ પામી શકે છે કે નહિ, એની ચર્ચા અહીં કરી. આખરે વિદ્યાર્થીઓ અને પ્રાધ્યાપકોની સાથે બીજી શી ચર્ચા થઈ શકે ?

જુવાન મન એ છે જે સમસ્યાઓની સામે હારતું નથી. વૃદ્ધ મન ભૂતકાળોની સ્મૃતિઓમાં વહી જાય છે અને ભવિષ્યનાં સ્વપ્નામાં ક્ષીણ થઈ જાય છે. શિક્ષણસંસ્થાને પવિત્ર મંદિરનું સ્થાન સમજીને, માનવની સમસ્યાનાં જે મૂળભૂત અંગો છે, એમને ખોલીખોલીને જોવાનો પ્રયાસ કર્યો. ધર્મમાં અને અધ્યાત્મમાં ખતરો નથી. સ્વાર્થાધિતા, અસમતુલા, પ્રમાદમાં ખતરો છે. અને તે તમારામાં અને મારામાં છે.

હવે તો જીવંત વ્યક્તિ જ ક્રાંતિનું કેન્દ્ર બનશે. આંદોલનો અને સંગઠનોનાં માધ્યમ ઘસાઈ ગયાં છે. હવે તો વ્યક્તિગત આચરણના, વ્યવહારના પરિમાણને શોધવાની વેળા છે.

'ધ્યાન અને અધ્યાત્મ' એ શબ્દોની સાથેના સહચારી ભાવ બહુ દૂષિત છે, અને એની જવાબદારી આપણા લોકો ઉપર છે, જેઓ પોતાને ધાર્મિક અને આધ્યાત્મિક કહેવડાવે છે, અને છતાં શોષણ કરતા રહે છે. એમાંથી આપણે મુક્ત નથી થઈ શકતાં. ઉત્તરદાયિત્વ આપણું પણ છે. જો આપણને આધ્યાત્મિક અને ધાર્મિક વ્યક્તિઓના પ્રતિનિધિ માન્યા ગયા હોય તો આપણે પાપનું પ્રક્ષાલન કરવા આવ્યા છીએ.

ક્યારેક તો મનુષ્યે મન અને બુદ્ધિથી પર જઈને ત્યાં જે ચેતનાનું પરિમાણ છે, એમાં જવું પડશે. સમસ્યા મનુષ્યની ચેતનામાં પડી છે. એમાં ગુણાત્મક પરિવર્તન થશે તો જ ક્રાંતિનું નવસર્જન થશે.

અહીં તો શિબિર ન હોવાને કારણે એક તરફી વાતો થઈ. તમે લોકો તો પ્રશ્નોના માધ્યમથી અને આજની અંતિમ સભામાં થોડું બોલ્યા. એકસાથે રહેવાનું થાય અને કંઈક અધિક સમય હોય, તો તમે લોકો પ્રતિદિન બોલી શકશો. ભોજન વખતે અને ફરવા જતી વખતે પણ વાતો થઈ શકે છે. શિબિરાર્થીઓમાં પરસ્પર વાતો થઈ શકે છે. ત્યારે સહજીવનની ખુમારી, એનો પ્રસાદ અને આનંદ ઉપસ્થિત થઈ શકે છે. ઈશ્વરેચ્છા રહી તો મારી દ્વારા નહિ તો કોઈની

દ્વારા આ કામ થશે. જે મનની સાથે જીવવાનું છે તેના સ્વરૂપનો પરિચય, મર્યાદાઓનું ભાન અને મનથી સંક્રમણ કરીને આગળ વધવાનું આહ્‌વાન, સ્વીકાર કરવાનુ ંસાહસ એ ત્રણ વાતો આ દેશના યુવકને માટે ઉપસ્થિત છે. એને કોઈ ટાળી શકતું નથી. શિક્ષકો અને છાત્રો આ તરફ ધ્યાન દેશે અને એવા સહજીવનનો અવસર ઉપસ્થિત કરી દેશે એવી આશા છે.

બેઠી છું કાશી વિશ્વવિદ્યાલયમાં. એના આજના સ્વરૂપને જ નહિ, પરંતુ જન્મથી આજ સુધીના સ્વરૂપને જોઈ રહી છું. ખબર નથી કેમ, પણ આ સ્થાનને માટે મને એક પ્રકારનો સ્નેહ છે. એનો જે ઇતિહાસ છે, જે મહાન વિભૂતિઓ અહીં રહી ગઈ છે, તેઓ માટે આજ પણ વર્તમાન છે. આજે આપણે વામણા થઈ ગયા છીએ, અને એ અધિષ્ઠાનને, દૃષ્ટિકોણને સંભાળી શક્યા નથી. પરંતુ એનો મતલબ એવો નથી કે આગળ આવનાર માણસો પણ એને નહિ સંભાળી શકે.

અહીં ચાર દિવસ સુધી જે સંવાદ ચાલ્યો એ વિશ્વવિદ્યાલયના સંસ્થાપકો પ્રતિ મારી શ્રદ્ધાંજલિ હતી. અહીં જે વિશ્વવંદ્ય વિભૂતિઓ રહી ગઈ છે તેમના પ્રતિ મારી ભાવાંજલિ હતી. જે વર્તમાન છે, તેમની પાસે એક બહેનનો આંતરિક સંવાદ અથવા વ્યથાને, વહેંચી લેવાં હતાં.

આવા શિબિરો થવા જોઈએ, જ્યાં કોઈ ગુરુ બનીને, પ્રચારક અથવા શિક્ષક બનીને આવે નહિ. સત્યનું પરિમાણ ખોલવા માટે, ગતાનુગતિકતાની વિરુદ્ધ ચાલવું પડશે. મારો કોઈ દાવો નથી કે હું મુકામ પર પહોંચી ગઈ છું. જીવનમાં મુકામ છે જ નહિ, નિરંતર ગતિશીલતા છે. ત્યાં સખ્યના સ્વરૂપમાં સાથે જીવીશું. જિજ્ઞાસુઓની જમાતમાં કોઈ આગળ ચાલ્યું છે તો કોઈ પાછળ ચાલ્યું છે, પરંતુ તેથી શું ? જિજ્ઞાસુઓ સાથે જીવશે અને સહવાસમાંથી કંઈક ઉપલબ્ધ થશે.

એવું નહિ કે તમે આવ્યા અને કોઈ તમને કશું આપવા માટે બેઠું હતું. તમને શી ખબર કે આ ચાર દિવસમાં મને કેટલું બધું મળ્યું છે ! જ્યાંથી ખાલી જવું પડે, એ સ્થાને બીજી વાર જતી નથી. જીવવાનો મને લોભ છે. જીવનની સાથે મને ઉત્કટ પ્રેમ છે, અને કોઈ પણ વસ્તુ જીવન પ્રતિના મારા અવધાનને હઠાવી શકતી નથી.

સખ્યના પરિમાણમાં આધ્યાત્મિક જિજ્ઞાસાની પ્રતિષ્ઠા કેમ ન થાય ?

એવું શું જરૂરી છે કે ભિક્ષાપાત્ર લઈને આપણે સામે બેસીએ ? એવા સંબંધનો જમાનો ગયો. આજના યુવકો એને સ્વીકારશે નહિ. અને તેથી હું ખુશ છું. હવે તો એવું થવું જોઈએ કે મિત્રતાના સંબંધથી બેસીને બંને બાજુએથી રગડ-ઝઘડ ચાલે. સખ્યમય વાતાવરણમાં અને સમતાના અધિષ્ઠાન પર બેસીને સહવાસ થશે. આજે અધ્યાત્મમાં આ થતું નથી. આપની પાસે અમારી કોઈ અપેક્ષા નથી કે આપ સન્માન અને શ્રદ્ધાનો ભાવ રાખો. હા, પ્રેમ રાખો, સ્નેહ રાખો, હું કૃતાર્થ થઈશ. જીવને કેટલાક અવસર આપ્યા, પરિસ્થિતિઓની કાંઈક અનુકૂળતા થઈ, એટલા માટે આ દિશામાં યાત્રા કરી શક્યા છીએ, એટલું જ. એમાં વિશેષતા કેવી ? અહીં કેટલાય વિષયોના પ્રમુખો (ડીન) બેઠા હશે. એમણે પોતપોતાના વિષયોમાં સમય ગાળ્યો હશે. અહીં પણ એમ જ છે ! આમાં એવી કઈ અદ્વિતીયતા, અસાધારણતા છે કે અભિભૂત થઈને પ્રણામ કરવા પડે ? પ્રણામ નથી જોઈતા. હાથ પકડીને સાથે ચાલવું છે. આ દેશનાં હવાપાણીમાં, અહીંના કણકણમાં જે એક સનાતન શક્તિ ભરેલી પડી છે, જે સૂતી છે, નષ્ટ નથી થઈ, તેને ફરીથી જગાડીશું. અને નવા માણસનો જન્મ આ ભારતમાં આપણી આંખોની આગળ, આપણી જ અંદર પહેલાં થશે, એ પ્રકારની પ્રેરણા પરમાત્મા તમને અને મને આપે.

આ સખ્યના નવા પરિમાણનું અને સહવાસનું નવું અધિષ્ઠાન, અને આ જીવનના ઊંડાણમાં ઊતરવાની સ્વેચ્છા મારામાં અને તમારા સૌમાં ઉત્પન્ન થાઓ.

•

## ૭

# સમાપન સંવાદ

અહીં શિબિરનું આયોજન થઈ શક્યું નહિ. જ્યારે એક સાથે રહેવાની સગવડ ન હતી તો પ્રવચનમાલાનું નામ એને આપ્યું હોત તો સારું થાત. શિબિરનો અર્થ છે કેટલાંક જિજ્ઞાસુઓનું સાથે રહેવું. સહવાસ જીવનનું એક પરિમાણ છે. સાન્નિધ્યની પોતાની ભાષા છે, સ્પર્શનું પોતાનું કાવ્ય છે, સંગીત છે. સ્પર્શ, સહવાસ અને સાન્નિધ્યમાં જે ઘટિત થાય છે તે દિવસના બે કલાકમાં શાબ્દિક સંવાદથી ઘટિત થઈ શકતું નથી. શ્રોતા ગમે તેટલા સાવધાન હોય, વક્તા ગમે તેટલા કુશળ કેમ ન હોય તો પણ એ ઘટિત થતું નથી. કારણ કે તેમાં આંશિકતા છે. સહવાસ સમગ્ર કાર્ય છે.

શિબિરોનું જે પ્રયોજન ચિત્તમાં છે તે પ્રમાણે પાછલાં છ વર્ષોથી પશ્ચિમના દેશોમાં આ ઉપક્રમ ચાલ્યો છે. ઓછામાં ઓછું સાત દિવસ સાથે રહેવું પડે છે. સાથે રહેવું, ભોજન બનાવવું, ખાવું, પરિશ્રમ કરવો, એ બધું થાય છે. અહીં એવું થઈ ન શક્યું. હરકતો દેખાડી એટલે હું માની ગઈ કે પ્રવચનો અને ચર્ચાસભાઓ ભલે થાય. એટલો જ સહવાસ અને સત્સંગ થશે.

વિશ્વવિદ્યાલયોમાં જો શિબિર થાય તો અડધી સંખ્યા પ્રાધ્યાપકોની, અડધી વિદ્યાર્થીઓની રહેશે એવી આશા રાખું છું. મારી પાસે કોઈ સંગઠન નથી, કોઈ પ્રચારક નથી. કેટલીક વ્યક્તિઓના પ્રયત્નથી અહીં આ અવસર ઉપસ્થિત થયો. વિશ્વવિદ્યાલયે આર્થિક સહાયતા આપવાનું સ્વીકાર કર્યું, જેની કલ્પના ન હતી. આને હું શુભ લક્ષણ માનું છું.

નથી, રાજ્યકર્તાઓને નથી, ધર્મગુરુઓને નથી અને મઠોમાં રહેનારા સંન્યાસીઓને પણ નથી. જેને આત્મપરિચય નથી એ વ્યક્તિ અથવા દેશ સન્માન સાથે કદી જીવી શકતો નથી. વ્યક્તિગત અને સામુદાયિક આત્મપરિચય આવશ્યક છે.

## શ્રીમદ્ ભગવદ્ગીતાની દુર્ગતિ

આ ગ્રંથની જેટલી દુર્ગતિ થઈ એટલી ભાગ્યે જ કોઈ ગ્રંથની થઈ હશે. દેખાય છે એવું કે જ્યાં સુધી વૈદિક દર્શનોનો પરિચય નથી ત્યાં સુધી ગીતાનો પરિચય પામવો, એના શબ્દોમાં જે રહસ્ય ભર્યું છે એના ઉદ્ઘાટન સુધી પહોંચવું અશક્ય છે. ઉદાહરણને માટે આપણા એક મિત્રે નવી વાત ઉપજાવી છે કે ગીતા કેવળ મનોવિજ્ઞાન ગ્રંથ છે, એમાં અધ્યાત્મ નથી. સંભવિત છે કે એમનો વેદ, ઉપનિષદ સાથે પરિચય ન હોય; નહિ તો એવી ભૂલ થાત નહિ.

**"सर्वोपनिषदो गावो दोग्धा गोपालनन्दनः ।**
**पार्थो वत्सः सुधीर्भोक्ता दुग्धं गीतामृतं महत् ॥"**

## જીવનની સમગ્રતા

આ દેશમાં પુરાતન કાળમાં જે લોકો રહેતા હશે એમનામાં અજબ અને અનોખી એક શક્તિ રહી હશે કે જીવનને સમગ્રતામાં એઓ જોઈ શકતા હશે. જીવનને વિભાજિત કરીને, આ મનોવિજ્ઞાન છે, આ શરીરવિજ્ઞાન છે, આ સમાજવિજ્ઞાન છે, આ અર્થનીતિ છે - એ પ્રકારે ખંડોમાં વહેંચી નાખતા ન હતા, જેવું આજે વહેંચવામાં આવે છે. મનોવિજ્ઞાન જો સમગ્ર માનવવિજ્ઞાનનો ભાગ ન હોય તો એની પોતાની કોઈ સત્તા નથી.

## પશ્ચિમનું મનોવિજ્ઞાન

પશ્ચિમમાં ગયાં બસો-ત્રણસો વર્ષોમાં માનસ વિજ્ઞાનનો વિકાસ થઈ રહ્યો છે, પરંતુ એનું અધિષ્ઠાન અધ્યાત્મમાં ન હોવાને કારણે, તત્ત્વજ્ઞાનની પૃષ્ઠભૂમિ ન મળવાને કારણે એ માનસશાસ્ત્ર અનાથ જેવું બેવારસ લાગે છે. એનાં મૂળ ક્યાંય નથી. ત્રિશંકુવત્ છે.

## ભારતીય કોણ ?

ગીતાનો પરિચય પામતાં પહેલાં આ એક વિશિષ્ટતા (જીવનની સમગ્રતાને

જોવાની) ધ્યાનમાં રાખવી પડશે. આજે અમારી અને તમારી પાસે એ રહી નથી. કારણ કે ભારતમાં જન્મ લઈને પણ આપણે અભારતીય છીએ. આત્માની જે 'ભા' છે, જે તેજ છે, એમાં જે રતિ છે, તેમાં વિચરનારા આપણે નથી. ભારતીય એટલે ભૌગોલિક એકમમાં રહેનારા નહિ, આત્માના આલોકમાં જેને રતિ છે તે ભારતીય છે. આ મને ઉપજાવી કાઢેલી વ્યુત્પત્તિ અથવા નિરુક્ત નથી. પરંતુ આજે આપણા પગ ઊખડી ચૂક્યા છે. હજારો વર્ષોથી ગુલામીને કારણે ભારતીયતામાં શું વાંછનીય છે, શું ત્યાજ્ય છે, શું દેશકાળ સાપેક્ષ હતું, ક્યાં પરિવર્તન લાવવું છે - એનો કોઈ વિવેક, કોઈ દૃષ્ટિ આપણી પાસે નથી રહી.

## આપણે ક્લેવરોને ચોંટ્યા છીએ

વેદ, ઉપનિષદ, ગીતા જેવા ગ્રંથોને, દર્શનશાસ્ત્રોને આજે કેવલ પરંપરાને કારણે રાખીએ છીએ, એમનાં ક્લેવરો સાથે આપણે ચોંટ્યા છીએ, આશયની સાથે કોઈ મતલબ નથી. જે જીવનનું વિજ્ઞાન અને જે જીવનની કલા છે તેને આપણે વિદ્વત્તા અને પાંડિત્યનો વિષય બનાવી દીધો છે. જેઓ પરંપરાને ચોંટી રહેશે, ક્લેવરોનું જતન કરશે, અને પોતાના જીવનમાં એને જીવશે નહિ તેઓ એને જીવંત નહિ રાખી શકે. શબોને ઢસડવાથી કોઈ મતલબ નથી. અંદરના પ્રાણોનો પોતાના જીવન સાથે અનુબંધ સાધીને એને જીવવું આવશ્યક છે. અને આજકાલ જીવનનો પ્રેમ એટલો ક્ષીણ થઈ ગયો છે કે બીજું ગમે તે કરવાનું કહો પણ જીવવાનું ન કહેશો.

## ધર્મગ્રંથોની સમગ્ર દૃષ્ટિ

ધર્મગ્રંથોમાં એવો ગ્રંથ શોધવો મુશ્કેલ છે કે જેમાં જીવનની સમગ્રતા પર દૃષ્ટિક્ષેપ ન હોય, જેના પરિઘમાં સમગ્ર માનવજીવનનો સમાવેશ ન હોય. ત્યાં તો જીવનની સમગ્રતાને વ્યક્તિગત અને સામુદાયિક એ રીતે પણ વિભાજિત કરી નથી. પહેલાં સમગ્રતાને જોઈ લીધી, વ્યક્તિ ક્યાંથી શરૂઆત કરે છે તે જોઈ લીધું, એ વ્યક્તિ જેમ સમગ્રતામાં જીવવા માંડે છે એવું જ સામુદાયિક સંબંધોનું સ્વરૂપ આપમેળે ખીલી ઊઠે છે, જેમ કોઈ પુષ્પની પાંખડીઓ ખીલી ઊઠતી હોય.

## વિષાદયોગ

ગીતાનો પ્રારંભ જ અર્જુનવિષાદયોગથી થાય છે. આપણને ખબર નથી

કે વિષાદ શું છે. અને વિષાદનો પણ યોગ હોય છે એની તો બિલકુલ ખબર નથી. આપણી પોતાની અંદર વિશ્વચેતનાની જે સત્તા પડી છે, તેની સાથે કોઈ વસ્તુ જોડી દે છે, જીવવાની આ ખૂબી આપણને માલૂમ નથી. વિષાદનો પણ યોગ બને, કર્મનો પણ યોગ બને, ભક્તિનો પણ યોગ બને. આ શબ્દ મહત્ત્વનો છે, કારણ કે શોધવાની વાત છે કે આ બધા યોગ કેવી રીતે બને છે.

દિવસ-રાત કર્મ કરતા રહેવાથી કોઈ કર્મયોગી બનતું નથી, નવધા ભક્તિના બધા ઉપચારોના દિનરાત વ્યવહાર કરતા રહેવાથી કોઈ ભક્તિયોગી બનતું નથી, અને પાંડિત્યથી કોઈ જ્ઞાનયોગી બનતું નથી. પ્રત્યેક વસ્તુને, પ્રત્યેક વ્યાપારને યોગમાં પરિણત કરી દેવાની જે કળા દેશમાં ક્યારેક રહી હશે તેમાં કોઈ રહસ્ય જરૂર રહ્યું હશે.

પહેલાં તો એ સમજવું પડશે કે વિષાદ શું છે ? વિષાદનો આપણે કદી અનુભવ કર્યો છે ?

"सीदन्ति मम गात्राणि मुखं च परिशुष्यति ।
गाण्डीवं स्त्रंसते हस्तात् त्वक् चैव परिदह्यते ॥"

આ અવસ્થા કદી હોય છે ? સમસ્યાને પોતાની સન્મુખ જોયા પછી એના ઊંડાણમાં આપણે ઊતરીએ છીએ ? એ આપણને કદી સમૂળા હલાવી નાખે છે ? એટલો અવસર આપણે સમસ્યાઓને આપતા જ નથી. સમસ્યાના સાક્ષાત્કારમાં પોતાની જાતને પ્રતિષ્ઠિત થવા દેતા જ નથી. સમસ્યા સામે જોઈ કે મુખ પર આપણે ઘૂંઘટ નાખી દઈએ છીએ, બચવા માટે કોઈની પાસે દોડી જઈએ છીએ, કે કોઈ માર્ગ બતાવો. સમસ્યાને આંખ ખોલીને, પેટ ભરીને જોઈ પણ નહિ કે એનાં નાક-નકશો કેવાં છે, ક્યાં ક્યાં એ મારી અંદર પ્રવેશ કરે છે. જિજ્ઞાસાનો આશય એ છે કે પડકારો અને સમસ્યાઓને પોતાની અંદરના પ્રત્યેક સ્તરમાં વ્યાપ્ત થવા દેવાનો અવસર આપવાનું બને.

જીવન જીવવાની જિજ્ઞાસા હોય તો સમસ્યાઓથી મનુષ્ય ભયભીત નહિ થાય, એની સાથે લડશે નહિ, એને સમજવાની કોશિશ કરશે. અને એનું જે પરિણામ પોતાની અંદર થવાનું છે, તેને ઘટિત થવા દેશે.

સમસ્યાનું, પડકારનું, આહ્‌વાનનું સામે આવવું એ જીવનની એક પરમ ભાગ્યશાળી ઘટના છે. જુઓ તો ખરા કે એમાં કેટલો રોમાન્સ છે, કેવી અદ્‌ભુતતા છે ! અને સમસ્ત શક્તિઓનું આહ્‌વાન જયારે કોઈ પડકાર કરે છે ત્યારે એક અદ્‌ભુત અવસર ઉપલબ્ધ થાય છે.

## ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે

ધર્મક્ષેત્ર અને કુરુક્ષેત્ર એ કોઈ ભૌગોલિક એકમો છે એવો સંકુચિત અર્થ લેવાની આવશ્યકતા નથી. આપણા જીવનમાં, જિજ્ઞાસુના જીવનમાં ધર્મક્ષેત્ર અને કુરુક્ષેત્ર રોજ ખડું થાય છે, શતવાર ખડું થાય છે. સત્ય અને ન્યાયના વિપક્ષમાં સ્વજનો ખડા થાય છે. પરંતુ એ આપણે જોતા નથી. ભૂતકાલમાં કોઈ ધર્મક્ષેત્ર હતું, ભૂતકાળમાં કોઈ અર્જુન થયો હતો એની એ સમસ્યા હતી, આપણી નથી. જ્યાં સુધી અર્જુનની જેમ વિષાદ તમારી સમસ્યા નથી બનતો અને એ વિષાદ અંદરની આત્મસત્તાની સાથે તમને જોડી દેતો નથી ત્યાં સુધી ગીતાનો બીજો અધ્યાય ઉઘાડીને તમે કરશો શું ?

## ક્લેવરોમાં સગવડ

પોપટ જેમ ધર્મગ્રંથનું રટણ કરી લીધું, રોજ પૂજાપાઠ કરી લીધા, એમાંથી પુણ્ય મળે છે, કંઈક સદાચાર ઘટિત થાય છે, આ પરંપરા છે. આપણે હિન્દુત્વના અભિમાની છીએ. અભિમાની હિન્દુત્વના છીએ, જીવનના નહિ. માનનારા પરંપરાના છીએ, પ્રાણોના નહિ. આશક તો પ્રાણોના હોવા જોઈએ. માનનારા તો જીવનના હોવા જોઈએ. પરંતુ આપણે તો ક્લેવરોને આપણા હૃદય સાથે ચોંટાડી રાખીએ છીએ, કારણ કે એમાં ઘણી સગવડ છે. ક્લેવરો બોલતાં નથી, ભોંકાતાં નથી, બેચેન નથી બનાવતાં, પડકારો પેદા નથી કરતાં, સવાલો નથી પૂછતાં.

## ગીતા ક્રાંતિકારી ગ્રંથ

ગીતા એક ક્રાંતિકારી ગ્રંથ છે. ગીતા વાંચીએ અને જીવન જેવું હતું તેવું રહે એ અસંભવિત છે. આત્માનુભવીની વાણીનો સ્પર્શ થાય અને ચેતના જ્યાંની ત્યાં જ અટકી જાય એ અશક્ય છે. તો તો તમે લોખંડ અને પારસમણિની વચ્ચે બહુ મુલાયમ, ઘણી પાતળી, રેશમી જરીનું કામ કરેલી, કોઈ ચાદર મૂકી છે કે જેથી લોખંડ કંઈ સુવર્ણ ન બની જાય. પારસમણિનો ક્યાંક સીધો સ્પર્શ ન થઈ જાય. સમસ્યાઓ આવી, કંઈક બેચેની થઈ, કંઈક થોડું દુઃખ થયું, એટલે એ દુઃખમાંથી બચવાના ઉપાય શોધીએ છીએ, વિષાદ સુધી પહોંચીએ કેવી રીતે ? વિષાદ તો ચેતનાના ઊંડાણમાંથી આવે છે.

## ચેતનાનું ઊંડાણ

સિદ્ધાર્થવાળી ઘટના મને ઘણી પ્રિય છે. રાજમહેલ જે સંરક્ષણનું કારાગાર હતું, એમાંથી એક દિવસ બહાર નીકળ્યા અને જોયું તો કોઈ વ્યાધિગ્રસ્ત, કોઈ જરાગ્રસ્ત, કોઈનું શબ. ચોટ પડી ગઈ કે આ છે શું ? જીવનમાં જરાનું અને વ્યાધિનું જુદું સ્થાન શું છે ? જન્મ શું છે અને મરણ શું છે ? એ યુવક આગળ વિહાર કરવા જઈ શક્યો નહિ. એક ઊંડા વિષાદે એને ઘેરી લીધો કે આખરે જીવનનો અર્થ શું છે ?

વિષાદ સુધી પહોંચીશું તો આખી ને આખી શારીરિક, માનસિક, બૌદ્ધિક અવસ્થામાં ઘોર મંથન પેદા થશે. શું ધર્મ છે અને શું અધર્મ છે ? શું કર્તવ્ય છે અને શું નથી ? સ્વધર્મ શું છે ? આ બધું શોધવા માટે સમસ્યા જ પ્રેરણા બની જાય છે. જીવન જીવવાની કલા તો એ છે કે સમસ્યા જ અવસર બની જાય, પ્રેરક તત્ત્વ બની જાય. અને સંબંધો જ સાધનાના અવસર બની જાય. જ્યાં સુધી આવું થતું નથી ત્યાં સુધી સાંખ્ય-યોગ સુધી જઈને શું કરશો ?

## જીવનનો સંબંધ પ્રત્યય સાથે

સૃષ્ટિનાં અનંત તત્ત્વોને પ્રકૃતિ અને પુરુષમાં વહેંચીએ છીએ, દ્વૈત અથવા અદ્વૈતમાં માનીએ છીએ. જીવનનો સંબંધ માનવા સાથે નથી, જાણવા સાથે પણ નથી. પ્રત્યય સાથે છે. માન્યતાઓથી, વિશ્વાસો અને જ્ઞાનવિદ્વત્તાથી જીવાતું નથી. એ પરાયત્ત છે, ઉધાર છે, સ્વાયત્ત નથી. જીવનમાં ઐશ્વર્ય એટલું જ છે, કે જેટલો આપનો સ્વાયત્ત પ્રત્યય છે. એટલું જ જીવન છે બાકીનું જીવન નથી.

## દેશની સામે આહ્‌વાન

એટલા માટે મેં કહ્યું કે આ દુર્દૈવી દેશ છે. સંપદા પડી છે, પરંતુ આપણે તો શાસ્ત્રોના અર્થ કરવામાં જીવન વિતાવી દઈએ છીએ અથવા ગ્રંથોનું શોષણ કરીએ છીએ. દ્વૈત-અદ્વૈત, શુદ્ધાદ્વૈત, વિશિષ્ટાદ્વૈત એ પ્રકારના અર્થો તારવીએ છીએ. વિશ્વવિદ્યાલયોમાં, જ્યાં શાસ્ત્રીય અથવા સૈદ્ધાન્તિક અધ્યયન થાય છે ત્યાં આ બધું ભલે ચાલે. પરંતુ એ જીવનનું રહસ્ય નથી, ત્યાં જીવવાના પ્રાણ પડ્યા નથી. એ કર્મને અને યોગને શું સમજશે ? ભલે વાંચી જાય.

ગીતા ઉપર જેટલાં ભાષ્ય છે એમને વાંચી જશે. ઉદ્ધરણ આપતા જશે.

શ્રી અરવિંદનાં, ડૉ. એની બેસન્ટનાં, તિલકનાં ઉદ્ધરણો આપવાં એટલે સ્વાયત્ત પ્રત્યયના પુરુષાર્થથી બચવું. પરંતુ હવે બચી શકાય એમ નથી. પડકાર એ છે કે જે વાત ગ્રંથોમાં છે તે જીવનમાં ઉતરશે તો જ બચશે, નહિ તો નહિ બચે.

પશ્ચિમના દેશો યોગસૂત્રોનું દોહન વિજ્ઞાન અને યંત્રોની મદદથી કરી રહ્યા છે, આપણાં દેશમાં તો યંત્ર કરતાં પણ સૂક્ષ્મ પદ્ધતિઓ પ્રયોગોની પ્રચલિત હતી. પોતાના જ દેહમાં અને મનમાં પ્રયોગ કરીને ઘણાં સૂક્ષ્મ તંત્ર અને તરીકા અહીં વિદ્યમાન હતાં. હવે લાગે છે કે આ દેશના યુવાનોની સામે ફરી એક પડકાર આવ્યો છે જે દેશ અને દુનિયાએ પેદા કર્યો છે. પડકાર એ છે કે જે છે તેને જુઓ, ઓળખો અને જીવો.

એ જ વાત ભક્તિયોગની છે. ઘણા પ્રેમથી બારમો અધ્યાય વાંચશે, ક્ષેત્ર-ક્ષેત્રજ્ઞનો બધો વિચાર કહેશે. ઉચ્ચારણને માટે ગીતાનું વાચન આ દેશમાં ઘણાં વર્ષો સુધી બંધ રહે અને જીવનમાં પ્રયોગો કરવા માટે જ એનો વિનિયોગ થતો રહે તો કંઈક આશા બંધાય, બાકી નહિ.

## ગીતાનું પ્રતિપાદન

ગીતામાં હિંસા અથવા અહિંસાનું પ્રતિપાદન છે, યુદ્ધનું પ્રતિપાદન છે. પ્રતિકારનું શાસ્ત્ર બતાવ્યું છે, શું બતાવ્યું છે ? સાચી રીતે તો એમાં યુદ્ધનું પ્રતિપાદન નથી, શસ્ત્રોનો આગ્રહ નથી. આગ્રહ એ છે કે પોતાની જે અવસ્થા છે એને ઓળખવી, અને એના પ્રત્યે પ્રમાણિક રહેવું. જે વ્યવહાર થાય તે એ અવસ્થાને પ્રતિ પ્રમાણિક રહીને થાય.

યોદ્ધો હતો અર્જુન. ક્ષત્રિય હતો. સામે કૌરવોને, સ્વજનોને જોઈને લડવાની ઇચ્છા ન થઈ. યુદ્ધથી વિરક્ત થયો ન હતો, પરંતુ તેની સામે કંઈક બીજા જ વિચારો આવ્યા. અવસ્થા પ્રતિ પ્રમાણિક રહેવાને બદલે જે બહારથી તણાવો અને દબાવો આવ્યા, તેનો શિકાર બની ગયો. ત્યાં એ લડવા નહોતો ચાહતો, પરંતુ બીજો કોઈ પ્રસંગ હોત તો ઘણી ખુશીથી અર્જુન લડી લેત.

સવાલ હિંસા-અહિંસાનો છે જ નહિ. યુદ્ધ અને હિંસાનું પ્રતિપાદન કેવી રીતે થઈ શકે ? એ તો પ્રતિપાદનના વિષય જ નથી. પરંતુ જે મોહ અને વિસ્મૃતિમાં અર્જુન ચાલ્યો ગયો અને પ્રજ્ઞાવાદ દેખાડવા લાગ્યો, વાત તો ત્યાંથી ઊઠે છે.

## પ્રજ્ઞાવાદ અને પલાયનવાદ

લડાઈમાં વર્ણસંકરતા થશે, કુલની સ્ત્રીઓ વિનાશ પામશે અને ભ્રષ્ટાચાર ફેલાશે એવું પાંડિત્ય અર્જુને પ્રગટ કરવા માંડ્યું હતું. સમાજશાસ્ત્ર, સંસ્કૃતિ અને સભ્યતાની વાત એ કરતો હતો. અસલમાં વાત શી હતી ? પલાયનવાદ હતો. 'હું મોહિત છું અને આ મારા સ્વજનો જે દેખાય છે એમની સામે લડવા નથી ચાહતો', એવું કહેવાને બદલે એને અંચળો પહેરાવી દીધો. દર્શનશાસ્ત્રનું આવું જ આપણે પણ કરીએ છીએ. સવારથી સાંજ સુધી આપણા વહેવારોમાં આ જ થાય છે.

પતિના ખોટા વ્યવહારો જોઇને પત્ની ચૂપ રહે છે, પ્રતિકાર નથી કરતી કારણ કે સુરક્ષા એને ખોવી નથી. પત્નીધર્મનો અંચળો એને મળી જાય છે. પતિ પણ કુટુંબ અને પરિવારને નામે બચવાનો માર્ગ કાઢી લે છે, પત્નીની ભૂલો સામે બોલતો નથી. પત્ની-ધર્મ અને પતિ-ધર્મ એવાં મોટાં મોટાં નામો અપાય છે. પરિવારની વાત છોડી દઈએ, નોકરીમાં પણ આવું જ થાય છે. અમલદાર નારાજ થઈ જશે, પદની ઉન્નતિ અટકી જશે, એટલા માટે ખોટી વસ્તુ જોઈને પણ આપણે ચૂપ રહીએ છીએ. દિવસમાં બે વાર જે ભોજન મળે છે એ આપણી સત્ત્વરક્ષા કરતાં વધારે મૂલ્યવાન છે. 'આ કંઈ ઓછી અમારી જવાબદારી છે, અમને શી પડી છે, અમે તો ભ્રષ્ટાચાર નથી કરતાં, બીજા ભ્રષ્ટાચાર કરે છે એમાં અમારે શું ?' એ રીતે પલાયન શોધીએ છીએ. અન્યાયના પ્રતિકારમાં, સત્યનિષ્ઠા માટે ખડા થવામાં આપણે બચતા રહીએ છીએ. પલાયનવાદને માટે આપણે દર્શનશાસ્ત્રનું નિર્માણ કરી લઈએ છીએ, તર્કના સહારા અને સિદ્ધાંત બનાવી લઈએ છીએ. એવું ન સમજશો કે બિચારો અર્જુન જ મોહિત થઈ ગયો હતો.

સજ્જનોના પલાયનવાદ અને નિષ્ક્રિયતાને કારણે જ આ દેશમાં આજે દુર્જનોનો ભય ફેલાયો છે. શિક્ષણ-સંસ્થાઓ પણ આ ભયથી મુક્ત નથી. મુઠ્ઠીભર છોકરાઓ જેઓ ગુંડા કે ગરીબ હોય છે, જેમને પૈસા આપીને કોઈ ફોસલાવી લે છે, અથવા રાજનૈતિક પક્ષોની અભિરુચિ હોવાને કારણે ફોસલામણમાં આવી જાય છે, એઓ આખી સંસ્થામાં ભય ફેલાવી દે છે અને આપણે બધા જોતા રહી જઈએ છીએ. અને જો કોઈ સવાલ ઉઠાવે છે તો

પ્રજ્ઞાવાદની આપણી તૈયારી છે જ. વિદ્વત્તાની સાથે જે કૃત્રિમ પરિષ્કૃત બુદ્ધિ અને ભાષણનું કૌશલ આવે છે તે તો આપણી પાસે છે જ.

ભાગ્યશાળી હતો અર્જુન કે એને કૃષ્ણે બચવા ન દીધો. ઘણી ખબરો લીધી એની - ''કેવી બાલિશતાની વાતો કરે છે અર્જુન ? શું 'અશોચ્ય'નું 'શોચન' કરે છે ? અંદર શું પડ્યું છે ? ક્યાં તારી નબળાઈ પડી છે ?''

## અંતર્મુખી દૃષ્ટિ

તમે અને હું ક્યાંથી રોજ કૃષ્ણ લાવીશું ? આંખ અંતર્મુખી કરીને જો જોઈશું તો એવું કોઈ સ્થાન નથી કે જ્યાં વિશુદ્ધ ચૈતન્ય ન હોય. ભક્તોની ભાષામાં, જ્યાં પ્રભુ નથી, પરમાત્મા નથી એવું કોઈ સ્થાન નથી. વૈજ્ઞાનિકની ભાષામાં એવું કોઈ સ્થાન નથી કે જ્યાં ઊર્જા નથી. જેને આપ જડ પદાર્થ કહો છો તેમાં પણ ચૈતન્યની સત્તા ઓતપ્રોત છે. આવરણ કોઈ પર જાડું છે તો કોઈ પર પાતળું છે, કોઈ પર મુલાયમ તો કોઈ પર ભારે, ફરક આવરણનો છે, સત્તાનો નહિ. એટલા માટે જો જિજ્ઞાસા જાગ્રત થાય અને જીવવાની ઇચ્છા થાય, તો સમસ્યાઓમાંથી, સુખદુ:ખમાંથી વિષાદ પેદા થશે, વિનમ્રતા હશે તો વિષાદથી બચવા માટે બહાર ઉપાય શોધવાને બદલે અંદર જોવાનું શરૂ થશે કે વિષાદ ક્યાંથી અને કેમ ઊઠ્યો, પછી સંઘર્ષનાં ઉત્પત્તિસ્થાન આપમેળે દેખાશે, અને સંઘર્ષ-પ્રતિકારથી બચવાની જે કંઈ ઇચ્છા છે, તેને આપ જોઈ શકશો.

## ગ્રંથોનો જીવન સાથે અનુબંધ

ત્યારે જિજ્ઞાસા આપણને સત્યનિષ્ઠા સુધી પહોંચાડશે; નહિ તો ભલે રામાયણ વાંચો, ભાગવત વાંચો, ગીતા વાંચો, રોજ વાંચો. કશું નહિ થાય. જ્યાં સુધી જીવનની સાથે એનો અનુબંધ નથી, ત્યાં સુધી ગ્રંથો વાંચવાથી કશું મળતું નથી. યાંત્રિક ક્રિયાઓ નિષ્પન્ન થાય છે, પરંતુ એ કામ તો કમ્પ્યૂટર અને વિદ્યુત-મગજ પણ આપણાથી સારું કરે છે. ટેપ રેકોર્ડર પણ સારું કરી શકે છે. એની જરૂરત નથી.

## અપચ્યાજ્ઞાનની વિકૃતિઓ

જે શબ્દ વાંચ્યો તેનો અનુબંધ પોતાના જીવનની સાથે ન હોય તો જેનું આચરણ થયું નથી એવું જ્ઞાન વિકૃતિઓ પેદા કરે છે. અહંકાર પણ એક

વિકૃતિ છે. અપચ્યું ભોજન અને અપચ્યા વિચારો બંને વિકૃતિઓના જનક છે. જેનું આચરણ ન થાય એવા વિચારો ગ્રંથિઓ પેદા કરે છે, અને પ્રતિક્રિયાઓમાં તોડફોડ અને કદરૂપતા લાવે છે. આજ ખાધું અને પચાવી ન શક્યા એનું નામ બીમારી છે. આજે આ દેશમાં આપણે સૌ પાગલ છીએ અને તેનું કારણ છે અપચ્યું જ્ઞાન, વણસમજી પરંપરાઓ અને અનાવૃત્ત રહસ્ય. આપણે માટે બધી વાતો માન્યતા અને વિશ્વાસ બની ગઈ છે. વિશ્વાસોને કારણે શ્રદ્ધાને પ્રવેશવાનું સ્થાન નથી મળતું.

### જ્ઞાનસંગ્રહ

જ્ઞાનનો સંગ્રહ, વિચારોનો સંગ્રહ અને એની દ્વારા બુદ્ધિનો શૃંગાર આપણે છોડી દઈએ તો સારું. વાંચવું એ જીવવું નથી. જીવનની સાથે અનુબંધ રાખવો હોય તો વાંચો. નહિ તો પૈસાની લાલસાથી પૈસા એકઠા કરનાર વેપારી અને વિચારોની લાલસાથી વિચાર એકઠા કરનાર વિચારક એ બંનેમાં શો ફરક રહેશે ? એકનો પરિગ્રહ ભૌતિક સ્તર પર છે, બીજાનો માનસિક સ્તર પર છે. ભૌતિક પરિગ્રહની વ્યવસ્થા આજે સામ્યવાદીઓ કરી રહ્યા છે. એની બહુ ચિંતા નથી. પરંતુ આજે માનસિક-બૌદ્ધિક પરિગ્રહો કરનારા છે, તેમનું શું થશે ? અને એમાંથી જે વિકૃતિઓ પેદા થઈ રહી છે, એ જ્યાં જ્યાં જનજીવનની નાડીઓ છે, તેમનામાં સમાઈ ગઈ છે. ઉદાહરણ તરીકે, શિક્ષકોના હાથમાં સમાજની નસો છે, અને શિક્ષણસંસ્થાઓમાં ગાંડપણની બોલબાલા છે. વિદ્વત્તા, જ્ઞાન અને વિચારોના પરિગ્રહનો જમાનો હવે ચાલ્યો ગયો.

### શોષણના સ્તરો

જ્યાં બુદ્ધિનો ઉપયોગ છે, તે ક્ષેત્રમાં આપણા જનજીવન ઉપર વિદ્વત્તા છવાઈ ગઈ છે. જ્યાં અધ્યાત્મની વાત ચાલે છે ત્યાં અતીન્દ્રિય શક્તિઓનો પરિગ્રહ કરનારાઓએ જનજીવનને પોતાના કબજામાં લઈ લીધું છે.જુઓને કેટલું શોષણ થાય છે ! તમે એવું સમજો છો કે કેવળ પૂંજીવાદીઓ જ શોષણ કરે છે ! તમે અને હું શોષણ નથી કરતા ? અતીન્દ્રિય શક્તિઓના પરિગ્રહ અને વેપાર કરનારાઓ શોષણ નથી કરતા ? ધર્મસંસ્થાઓને નામે શોષણ નથી ચાલતું ? જેટલા પ્રકારનાં શોષણની કલ્પના કરી શકાય છે, એ સર્વના નમૂના આજે ભારતમાં જોઈ શકાય છે.

## પરિગ્રહ અને શોષણ

શોષણમુક્તિનો પોકાર વધારે તો સામાજિક ક્ષેત્રોમાં ઊઠવો જોઈએ. આજે ખોટે રસ્તેથી ઊઠી રહ્યો છે, ઠીક રસ્તેથી ઊઠવો જોઈએ. પરંતુ આજે બૌદ્ધિક, માનસિક અને અતિમાનસના ક્ષેત્રમાં શોષણ છે, એ વિષયમાં આપણે વિચારવું જોઈએ. પછી ભલે એ ધર્મગ્રંથોની જાણકારીનો પરિગ્રહ હોય, વિજ્ઞાન અને યંત્રવિજ્ઞાનનો પરિગ્રહ હોય, કે દર્શન, મનોવિજ્ઞાન અથવા સાહિત્યનો સંગ્રહ હોય.

પરિગ્રહ શોષણ કર્યા વગર રહી શકતો નથી. કારણ કે પરિગ્રહનું સંરક્ષણ શોષણ દ્વારા જ થાય છે. શોષણ ગરીબીને આધારે હોય કે અજ્ઞાનને, વાત એક જ છે. શોષણનો જમાનો હવે વીતી ગયો, એ વાત આપણે જેટલી જલદી સમજીએ તેટલી દેશની ભલાઈ છે.

## જિજ્ઞાસાનાં અંતર્મુખી ચક્ષુ

અમારી પાસે કોઈ દેહધારી ઘનશ્યામ, નટવર, ગિરિધારી નામની વ્યક્તિ તો છે નહિ જેવી અર્જુનની પાસે હતી; કે આંખ ઉઘાડીને બહાર જોઈએ અને બહારથી કોઈનું માર્ગદર્શન શોધીએ; પરંતુ જિજ્ઞાસાનાં ચક્ષુ જો અંદર ડોકિયું કરશે તો તમને ત્યાં વિશુદ્ધ ચૈતન્યમાં જેને આપ પાર્થ-સારથિ કહેશો તે ઉપલબ્ધ છે. કવિ હૃદય હતું ભારતનું એટલે રૂપકોમાં, અલંકારોમાં અને કાવ્યમાં બોલાતું હતું. આજે તો વિજ્ઞાનના સ્પર્શથી રસિકતા કરમાઈ ગઈ છે. એટલે ભક્તિની મધુરતા પણ આજે કોઈની સમજણમાં ઉતરતી નથી. પરંપરાવાદીઓ અને પરંપરાનિષ્ઠોએ બિચારીને વધારે કચડી નાખી છે. આમ એક બાજુ વિજ્ઞાન છે અને બીજી બાજુ પરંપરાનાં ક્લેવરોને લઈને જીવનારાઓનો વ્યવહાર છે. બંનેની વચ્ચે રસિકતા એવી તો કચડાય છે કે લોહીના આંસુ વહી શકે છે. આ હાલતમાંથી તમારે અને મારે ઊઠવાનું છે.

જિજ્ઞાસાની આંખો જ્યારે અંદર ડોકિયું કરશે ત્યારે આપ જોઈ શકશો કે જિજ્ઞાસાની વ્યાકુળતામાં જ અનુભૂતિના ઉન્મેષ છુપાયા છે. જિજ્ઞાસા સમસ્યાને જો વિનમ્રતાથી જોશે તો એમાંથી અનુભૂતિના અંકુર ઉઠવા માંડશે. અનુભૂતિને માટે બીજી ધરતીની જરૂર નથી. ધરતી જિજ્ઞાસાની હોય, જલ વિનમ્રતાનું હોય તો થઈ જાઓ અંતર્મુખ. એવો કોઈ મનુષ્ય નથી જેનામાં પ્રભુનો નિવાસ

ન હોય, આત્માની સત્તા ન હોય તો પછી તમે અને અમે કેવી રીતે ખાલી હોઈશું ? 'અમે તો સામાન્ય છીએ, અમારાથી કંઈ નહિ થાય.' એમ કહેવું તે જવાબદારી ઉઠાવવાથી બચવું; આ કાયરતા છે, ભીરૂતા છે. મનુષ્ય એટલો પરિપક્વ થઈ ગયો છે કે પોતાની અંદર જોઈ શકે.

જિજ્ઞાસાનો તલસાટ જ પ્રભુપ્રેમનો વિરહ છે. એની વ્યાકુળતા જ અનુભૂતિના આગમનનો પગરવ છે. અને આ કોઈ કાવ્ય નથી. જીવનનું તથ્ય છે.

પછી સમસ્યાઓના દોરા જે સીધી અવળી દિશામાં ફેલાઈ રહ્યા છે, વિખરાઈ રહ્યા છે, તે તમારા હાથમાં આવવા માંડશે. એ દોરાને કારણે જે ગ્રંથિઓ બની હતી, એ ધ્યાનમાં આવવા માંડશે કે ક્યાં કઈ ગ્રંથિ ક્યારે અને કેવી રીતે બની ? અવધાનના આલોકમાં અંતર જીવનને લાવવામાં પુરુષાર્થ માત્ર કરવાનો છે, માર્ગદર્શન તો અંદરથી મળી રહેશે. અંદર-બહારનો ભેદ તો આપણાં ચર્મ ચક્ષુઓ માટે છે. જીવનમાં અંદર-બહાર કશુંય નથી, એ અખંડ છે, એક અવિભાજ્ય સત્તા છે. આપણે હાડમાંસની અંદર જોઈ શકતા નથી, એટલા માટે અંદર-બહાર કહી દઈએ છીએ.

જન્મ અને મૃત્યુની સીમાઓની વચ્ચે જ આપણે જોઈ શકીએ છીએ. જન્મ પહેલાં અને મૃત્યુ પછી આપણે જોઈ શકતા નથી. આ 'પહેલાં' અને 'પછી' શબ્દો પણ જે આવ્યા છે તે પણ સમયના જે પ્રતીકો આપણે બનાવ્યા છે તેને કારણે આવ્યા છે. નહિ તો સમયનો જીવનની સાથે કોઈ સંબંધ નથી. પરંતુ આપણી જોવાની મર્યાદા છે. બુદ્ધિ કેવળ જન્મ અને મૃત્યુના બે બિંદુની વચ્ચે જોઈ શકે છે. 'પહેલાં' અને 'પછી' એ શબ્દોનો જન્મ કયા ભ્રમમાંથી થયો એમાં જો નહિ જઈએ તો શબ્દોના જે સહચારી ભાવ છે, તેનાથી મુક્ત થવું સંભવિત નહિ બને.

જિજ્ઞાસાને વિનમ્રતાનું પાણી પાઈને, અને અંદર જોશો તો પાર્થ-સારથિ ત્યાં પણ છે. ઘોડાઓની લગામ પકડનારા ત્યાં બેઠા છે.

## સાકાર અને નિરાકાર

તમે ચાહશો કે કૃષ્ણની જે છબી તમે જોઈ છે, તે જ તમને દેખાય. આપણો આગ્રહ એવો હોય છે કે જ્ઞાત છે તેના ગુણ અને આકારમાં જ નિરાકારે

આવવું જોઈએ. પ્રભુની પાસે જઈશું તો પણ આપણો આગ્રહ લઈને જઈશું. 'આ ગુણોની સાથે, આ આકારમાં, આ રૂપમાં દર્શન દ્યો.' એટલે જે છબી જોઈ છે, તેમાં એમને આરોપિત કરવા ચાહીશું તો નિદિધ્યાસથી આરોપિત ભલે કરી લઈએ, પરંતુ જ્યાં સર્વ આકાર સમાયા છે તેમને એકદેશીય આકારમાં કેવી રીતે બાંધી દઈશું ? જેમાં સર્વ આકાર સમાયા છે, તે નિરાકાર કહેવાય છે. જેમાં સર્વ ગુણ સમાયા છે, તેમને નિર્ગુણ કહેવાય છે.

એટલા માટે ઘોડાની લગામ પકડનાર, ઇન્દ્રિયોનો વ્યવહાર મન-બુદ્ધિની સાથે કેવી રીતે જોડવો જોઈએ એ દેખાડનાર ચૈતન્ય પ્રભુ છે, તે આપણી અંદર પણ છે. સમસ્યાઓના દોરાઓ હાથમાં આવવા માંડશે, લગામ પકડનારી શક્તિ અંદરથી જાગૃત થશે, તો જીવનની કાયાપલટ થઈ જશે.

## ઉપસંહાર

કોઈ શ્રોત્રિય-બ્રહ્મનિષ્ઠ પાસે અમે વિધિવત્ અધ્યયન કર્યું નથી, એટલા માટે ગીતા, વેદ, ઉપનિષદ પર બોલવાના અધિકારી અમે નથી, ધર્મગ્રંથોને અને શાસ્ત્રોને અમે વિધિવત્ વાંચ્યા નથી. જીવન જીવવામાંથી ફુરસદ નથી રહી એટલે આ ગ્રંથો પર જો બોલીએ તો અવિચાર અને અમર્યાદા થઈ જશે, અમારી પોતાની મર્યાદા વ્યક્ત કર્યા પછી પણ જ્યારે કહ્યું કે ના બોલવું પડશે તો જીવનસિંધુનાં જે બે-ચાર બિંદુ છે, એમને શબ્દોમાં નાખીને તમારી સામે મૂક્યાં છે. જેઓએ તમારી અને અમારી વચ્ચે શબ્દમય સંવાદનો આ અવસર ઉપસ્થિત કરી આપ્યો છે, તેમની અનુગ્રહિત છું.

●●●





Mercury Printers : 93270-07016